


આધ્યાત્મિક વિકાસ સાધવામાં સહાયક શત્રુંજય તીર્થનો થનારો અસ્ત,....

....અને તીર્થની પવિત્રતા ડૂબાડનાર અદ્યતન પર્યટન સ્થળનો થનારો ઉદય

# શ્રી શત્રુંજય તીર્થની મહત્તા

લેખકઃ પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

# શત્રુંજય મહાતીર્થની મહત્તા

તું ત્રિભુવન સુખકાર ઋષભજિન!

તું ત્રિભુવન સુખકાર.

શત્રુંજય ગિરિ શણગાર ઋષભ જિન!
ભૂષણ ભરત મોઝાર ઋષભ જિન!
આદિ પુરુષ ભગવાન. ઋષભ જિન! ૦


તુમ ચરણે પાવન કર્યું રે પૂર્વ નવાણું વાર.
તેણે તીરથ સમરથ થયું રે કરવા જગત ઉદ્ધાર.
ઋષભ જિન! ૦૧

અવર તે ગિરિ પર્વત વડા રે, એહ થયો ગિરિરાજ
સિદ્ધ અનેક ઈહાં થયા રે, વળી આવ્યા અવર જિનરાજ.
ઋષભ જિન! ૦૨

સુંદરતા સુરસદનથી રે અધિક જિહાં પ્રાસાદ.
બિંબ અનેકે શોભતો, રે દીઠે ટળે વિખવાદ.
ઋષભ જિન! ૦૩

ભેટણ કાજે ઉમટયા રે આવે સવિ ભવિ લોક
કલિમલતસ અટકે નહીં, રે જયું સોવન ધન રોક.
ઋષભ જિન! ૦૪

જ્ઞાન વિમલ પ્રભુ જસ શિરે, રે તસ વસે ભવ પરવાહ,
કરતલ ગત શિવ-સુંદરી રે, મળે સહજ ધરી ઉચ્છાહ.
ઋષભ જિન! ૦૫


આધ્યાત્મિક વિકાસ સાધવામાં સહાયક શત્રુંજય તીર્થનો થનારો અસ્ત,...
....અને તીર્થની પવિત્રતા ડૂબાડનાર અદ્યતન પર્યટન સ્થળનો થનારો ઉદય
શ્રી
શત્રુંજય
તીર્થની મહત્તા
લેખકઃ પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

# શ્રી શત્રુંજય મહાતીર્થની

## આશાતનાની પરંપરા અને ભાવિ ચિંતા

પ્રકાશક

પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ મેમોરિયલ ફાઉન્ડેશન

એ/૧૯૮, જયાનિવાસ, ગુજરાત સોસાયટી, સાયન, મુંબઈ - ૪૦૦ ૦૨૨.

પ્રાપ્તિસ્થાન

વિનિયોગ પરિવાર ટ્રસ્ટ
બી-૨ / ૧૦૪, વૈભવ,
જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોનઃ ૨૮૯૯૧૭૮૧
ફેક્સઃ ૨૮૯૮૦૭૪૯
Email : info@viniyogparivar.org

વર્ધમાન પરિવાર
૬, ધન મેન્શન,
અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ,
ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોનઃ ૨૩૮૮૭૬૩૭
ફેક્સઃ ૨૩૮૯૫૮૫૭

પહેલી આવૃત્તિ : શ્રી મહાવીર સંવત ૨૪૯૫ સંવત ૨૦૨૫ સને ૧૯૬૮
ત્રીજી આવૃત્તિ : સંવત ૨૦૬૪ સને ૨૦૦૮
ચોથી આવૃત્તિ : સંવત ૨૦૬૫ સને ૨૦૦૯

મુદ્રણ ખર્ચ : રૂપિયા ૨૫/-

ઋણ સ્વીકાર

આ પુસ્તિકાને પ્રસ્તુત સ્વરૂપ આપવા આર્થિક
સહાય આપનાર શાસન પ્રેમી
સ્વ.હિરેન પારસભાઈ મહેતાના આત્મ શ્રેયાર્થે
ગામ : પુરણ (રાજસ્થાન) હાલ : બોરીવલી

# પ્રસ્તાવના

તીર્થ બે પ્રકારના છે. જંગમ તીર્થ અને સ્થાવર તીર્થ. જંગમ તીર્થ એટલે ચતુર્વિધ સંઘ - જેમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાનો સમાવેશ થાય છે. આ તીર્થની સ્થાપના તીર્થંકર ભગવંતો કરે છે, ભવ્ય જીવોને ભવસમુદ્રથી પાર ઉતારવા માટે, મોક્ષરૂપી કિનારે પહોંચાડવા માટે. આ જંગમ તીર્થ દ્વારા જ સ્થાવર તીર્થની ઉત્પત્તિ - રક્ષા - વ્યવસ્થા સુયોગ્ય રીતે કરવામાં આવે છે. પ્રત્યેક ધર્મના અનુયાયિઓ દ્વારા તેમના સ્થાવર તીર્થો સ્થપાયા છે. તેવી જ રીતે જૈનધર્મના અનુયાયિઓ દ્વારા પણ એવા અનેક સ્થાવર તીર્થો સ્થપાયા છે. પણ એમાં તીર્થાધિરાજ શત્રુંજય તીર્થનું માહાત્મ્ય અજોડ છે. કારણ આ તીર્થ પ્રાયઃ શાશ્વત છે. ચૌદરાજલોકમાં સહજ રીતે જ એ ભૂમિ સદાને માટે કોઈ અપૂર્વ પવિત્રતા ધારણ કરતી ભૂમિ છે. જેમ કોઈ દિવસ, ચોઘડિયું પણ વિશિષ્ટ હોય છે, તે પ્રમાણે આ વિશ્વના વિશાળ ક્ષેત્રમાં સ્વાભાવિક રીતે જ આ ભૂમિ એવી છે કે તેના જેવી જગતમાં કુદરતી રીતે જ બીજી કોઈ ભૂમિ નથી. માટે જ એ તીર્થ કહેવાય છે. એ ભૂમિને કોઈએ પવિત્ર કરી નથી, પરંતુ એ ભૂમિની કુદરતી અલૌકિક પવિત્રતાને કારણે ત્યાં આદિનાથ ભગવાન ૯૯ વાર પધાર્યા. તેમ જ અનંતા આત્માઓ ત્યાંથી મોક્ષે ગયા. જિનમંદિરો થકી એ ભૂમિ પવિત્ર નથી, એ ભૂમિ પવિત્ર છે તેથી ત્યાં જિનમંદિરો સ્થપાયા છે.

આધ્યાત્મિક વિકાસમાં અત્યંત સહાયક એવા આ પવિત્ર અને પ્રભાવક તીર્થના ભૌતિક વિકાસ કરવાના બહાના હેઠળ તીર્થની પવિત્રતા અને પ્રભાવકતાનો વિનાશ કરવાની ભેદી, ગુપ્ત હિલચાલો છેલ્લા પાંચ-છ દાયકાઓથી શરૂ થઈ ગઈ છે. જેની ચેતવણી આજથી ૫૦ વર્ષ પૂર્વે પૂ. પંડિતશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખે સમસ્ત જૈનસંઘને આપી હતી. પરંતુ પંડિતજીની આ ચેતવણીને કાલ્પનિક ગણી તેના તરફ દુર્લક્ષ સેવવામાં આવ્યું અને તેના માઠાં પરિણામ આજે સમસ્ત જૈનસંઘની નજર સમક્ષ તરી રહ્યા છે.

આજે જ્યારે પાણીનો રેલો પગ નીચે આવી ગયો છે ત્યારે પંડિતજીએ પોતાની આગવી સૂઝ અને દીર્ઘદર્શિતાથી કરેલી અગમચેતીઓની કાંઈક ઝાંખી પ્રસ્તુત પુસ્તકમાં કરાવાઈ છે. વર્તમાને આ અનુમાનો વાસ્તવિકતાનું રૂપ ધારણ કરી રહ્યા છે ત્યારે સકલ સંઘને જાગૃત કરી તીર્થરક્ષા કરવાની આવશ્યકતા જણાઈ છે.

પૂ. પંડિતજીએ તે સમયે ઘટી રહેલી કેટલીક ઘટનાઓનું નિરીક્ષણ કરી તે ઘટનાઓ બનવાનું કારણ, તેની પાછળ કોનો હાથ છે, તેમ જ તેમનો મૂળ આશય શું છે તે બધાનો વિગતવાર ખુલાસો અનેક લેખો દ્વારા કર્યો છે. તેમાંના કેટલાક લેખોનું, તે સંબંધે કેટલાક મહાનુભાવોને લખેલ પત્રોનું અને તીર્થના મહાત્મ્યને લગતા સુંદર પદોનું સંકલન આ પુસ્તિકામાં કરેલ છે.

રાજકીય, સામાજિક અને ધાર્મિક દરેક ક્ષેત્રોમાં થઈ રહેલા પરિવર્તનો પાછળ રહેલી ભયાનકતા અને આર્યસંસ્કૃતિને નામશેષ કરવાની ગુપ્ત યોજનાનો પંડિતજીએ ઘટસ્ફોટ કર્યો છે. એવી અનેક યોજનાઓમાં એક એવી યોજના છે કે એક અન્ય ધર્મી ધર્મસ્થાનને શ્રી ગિરિરાજ કરતાં પણ વધારે મહત્ત્વ અપાવવા શ્રી ગિરિરાજનું મહત્ત્વ ઓછું કરાવવું. આ યોજના કાંઈ નવી નથી પણ જૂની છે, પરંતુ તે ગુપ્ત રખાયેલી છે. આ યોજનાના ભાગરૂપે અર્થાત્ શ્રી ગિરિરાજનું ધાર્મિક મહત્ત્વ જાહેરમાં ભવિષ્યમાં ઘટાડવા માટે તેને કળાના ધામ, મનોરંજનધામ, મનોહરદૃશ્યના સ્થાન, પર્યટન ધામ, કારીગીરીના અદ્‌ભુત નમૂના તરીકે વિકસાવવાનું છે. તેમ કરીને તીર્થની યાત્રાને બદલે પ્રવાસના હેતુથી દેશ વિદેશના પ્રવાસકો ત્યાં આવે અને આકર્ષણ વધે. જેમ તેની કળાકારીગીરીનું નિમિત્ત જોર પકડે અને ધાર્મિક નિમિત્તનું હેતુ ગૌણ બનતું જાય તેમ તેમ ગિરિરાજની પવિત્રતા ખંડિત થતી જાય.

ધર્મનો નાશ કરવો હોય તો ધર્મના પ્રતિકોનો નાશ કરવો જરૂરી છે. ભારતના પ્રાચીન ધર્મો અને તેના અંગ પ્રત્યંગ તોડ્યા વગર આ કાર્ય અશક્ય છે. માટે ધર્મ અને તેના પ્રતીકોના વિનાશ માટે ઘણી ગૂઢ યોજનાઓ બનાવાઈ રહી છે.

તે માટેના પ્રયાસોના શ્રીગણેશ ૪૦ વર્ષ પહેલા ગિરિરાજનો જિર્ણોદ્ધાર કરવાના બહાના હેઠળ થઈ ગયા છે અને તે માટે આપણા જ સંઘના કેટલાક સુશ્રાવકોનો (તેમની જાણ બહાર) હાથા તરીકે ઉપયોગ કરાયો હતો. તે માટે પંડિતજીએ શ્રીયુત જીવતલાલ પ્રતાપસીભાઈ શાહને લખેલા પત્રો અહીં રજૂ કરાયા છે.

આ પત્રોમાં પંડિતજીએ ધાર્મિક સ્થાનોનો જીર્ણોદ્ધાર કરાવવા પાછળનો સરકારનો હેતુ સ્પષ્ટ કર્યો છે. પ્રથમ પગથિયામાં કળા કારીગીરી-શિલ્પ

જાળવવાનો, બીજા પગથિયામાં તેની જાળવણી કરવાને બહાને કબજો લેવાનો, ત્રીજા પગથિયામાં પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનો, ચોથા પગથિયામાં આધ્યાત્મિક વિકાસમાં તેની પ્રેરકતા તોડવાનો છે અને છેવટના પગથિયામાં તેની ધર્મના તીર્થ તરીકેની પ્રતિષ્ઠા તોડવાનો છે.

ખૂબ સાવધાન મનથી, કોઈ જાતના પૂર્વાગ્રહ વિના, જાગતા મનથી સુધબુધપૂર્વક (ઊંઘ કે સ્વપ્નમાં નહીં) પંડિતજી પત્ર લખે છે અને પત્ર લખવાના પવિત્ર આશયની પણ સ્પષ્ટતા કરી છે. અનેક પુરાવા-પ્રમાણ ઘટનાઓના સૂક્ષ્મ અભ્યાસ, આગળ પાછળના ઐતિહાસિક બનાવોનું સંકલન-સંશોધન વગેરે ઉપરથી દરેક હકીકતો જણાવાઈ છે. એમને એમ ગપગોળા ચલાવવામાં આવ્યા નથી, એવું પંડિતજી દઢતાપૂર્વક કહે છે. દા.ત. શ્રી શત્રુંજય તીર્થરાજ ઉપર હોટલ કરવાની સરકારની તૈયારી, યાત્રિકો (પ્રવાસીઓ ?) ને ઉઠવા બેસવાની સગવડ, પગથિયા તથા શ્રી શત્રુંજયના આલબમની ગુજરાતના ગર્વનર મારફત પોપને અપાયેલી ભેટ, ઊભી થઈ રહેલી અનેક અદ્યતન ધર્મશાળાઓ વગેરે વગેરે.

આ પણ મહાતીર્થ અને તેના પ્રભાવ ઉપરના ઘરમાંથી જ આક્રમણો છે. ગૂઢ - ગુપ્ત - અવ્યક્ત - ભાવ આક્રમણ છે. જે વધારે કાતિલ અને ખતરનાક હોય છે. બાહ્ય આશાતના કરતાં આ મહાન આશાતનારૂપ છે.

વર્તમાને તો આમાંથી ઘણી બાબતોને વાસ્તવીકરૂપ પ્રાપ્ત થઈ ચૂક્યું છે. હજી નવી ઘણી બાબતો વર્તમાન ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં મુખ્યત્વે શ્રી ગિરિરાજને પર્યટન સ્થાન તરીકે વિકસાવી આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળનો દરજ્જો આપવા (યાત્રાધામ ?) તીર્થરક્ષાના બહાના હેઠળ આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ નાણાકીય સહાય પૂરી પાડવા તત્પર છે. પણ આ પાછળ તેમની મેલી મૂરાદ તીર્થ પર કબ્જો કરી તેને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન આપવાની છે અને જૈનો પાસેથી તે તીર્થ પરનો અધિકાર છીનવી લેવાની છે.

આપણે અલૌકિક અને આધ્યાત્મિક દૃષ્ટિથી આવા મહાન તીર્થને જોઈએ છીએ, જ્યારે તેઓ પોતાની લૌકિક દૃષ્ટિથી જુએ છે; તેમ જ આપણી જ પ્રજાને પણ આધુનિક શિક્ષણ દ્વારા તે જ દૃષ્ટિથી જોતા કરે છે. આ કાર્ય એક

મોટા આક્રમણરૂપ છે. હાલમાં હાથ ધરાયેલ વિશ્વની સાત નવી અજાયબીઓમાં સ્થાન આપવાની હિલચાલ, પર્યાવરણના બહાના હેઠળ જળાશયો આદિ ઊભા કરી મચ્છીમારીના હિંસક ઉદ્યોગને વેગ આપવો, વિદેશી પ્રવાસીઓ માટે એરોડ્રામ, રેસ્ટોરન્ટ, રોપવેની સુવિધાઓ પૂરી પાડી અઢળક નાણા રળવાનો અને પવિત્ર એવા તીર્થસ્થળને પર્યટન સ્થળ, ટ્રેકીંગ સ્થળ બનાવવાનો મલિન હેતુ વિદેશીયોનો જણાય છે. શત્રુંજય પર્વત પર સરકારનો માલિકી અધિકાર છે અને આ. ક. પેઢી માત્ર (ત્યાં રહેલા) જિનમંદિરોનો વહીવટ જ કરી શકે તેવો સરકારનો દાવો છે.

આ યોજનાના ભાગરૂપ જૈનોના અતિ પવિત્ર, હૃદયપ્રાણસમા, ધબકતી નાડસમા, આધ્યાત્મિક વિકાસમાં આંત્યાતિક સહાયક એવા મહાતીર્થ શત્રુંજયનો પ્રભાવ ક્ષીણ કરાવી, તેની મહત્તા મહાતીર્થ તરીકે ન રહેવા દેવાનાં ગૂઢ ચક્રો ગતિમાન થઈ ચૂકેલાં છે. તેના બદલામાં ઘણી બાહ્ય ભૌતિક સગવડો અનુકૂળતાઓ મળતી રહે છે અને મળતી રહેશે તેમાં લેશ માત્ર શંકા નથી, પરંતુ મહાતીર્થનું તીર્થપણું ક્ષીણ કરાતું જવાનું છે.

બ્રિટિશોએ ઘડી રાખેલી ઘણી યોજનાઓ હજુ એમને એમ પડી છે. ક્રમેક્રમે પરિસ્થિતિ જોઈને અમલમાં આવતી જાય છે. કોઈપણ પ્રકારના દેખીતા રાજદ્વારી સ્વાર્થ વિના અમેરિકા પણ ભારતના હવે પછીના કાર્યોક્રમોમાં ઘણો રસ ધરાવે છે, છતાં તેઓ કશી ઉતાવળ કરતા નથી, એ તેઓની ખૂબી છે. દુરાગ્રહ કે જડતાથી કામ ન લેવાય અને પૂર્વાપરનો વિચાર કરીને બુદ્ધિપૂર્વક કામ લેવાય તો જરા પણ સંઘર્ષ વિના ભારતમાં ધાર્યા કામ થઈ શકે તેમ હોય છે. ધર્મને જરાક ઠોકર લાગી કે ભારતીયોનાં મન ક્ષુબ્ધ થવાના જ. તેને સંભાળીને ચાલીએ તો કોઈ નામ લે તેમ નથી. આ રીતે કુનેહપૂર્વક કુશળતાથી તેઓ આપણા દેશ, ધર્મ, સંઘમાં પોતાના પગ પ્રસરાવી રહ્યા છે.

ધર્મ ભાવનાઓની આંતરિક દઢતા પહેલાંના લોકોની તુલનામાં હવેની પ્રજામાં અપેક્ષાએ ઢીલી થઈ રહી છે. આજની બાહ્ય પ્રવૃત્તિઓ તરફનું વલણ તેનું પ્રમાણ છે. પ્રત્યેક ધર્મના ત્યાગી અને જવાબદાર ધર્મગુરુ અને મુખ્ય આગેવાનો પણ બાહ્ય આડંબરથી પ્રભાવિત થઈ તે તે પ્રકારના વાતાવરણ તરફ ઢળી રહ્યા છે. જેનાથી ધર્મસ્થાનોં પર એક યા બીજા રૂપથી સરકારી અંકુશની સ્થાપના બહુ જ સરળ થઈ પડે છે.

પૂર્વના સ્થાનિક બળોને તોડવા તેઓના ધાર્મિક સ્થાનો પર કબ્જો મેળવી લાંબેગાળે પોતાના ધર્મના ચોકઠામાં (ચર્ચ સંસ્થાના ચોકઠામાં) તેનો પોતાના ધર્મના સ્થાનો તરીકે ફેરવીને ઉપયોગ કરવાની ગોઠવણો થઈ રહી છે. આ રીતે દુનિયાભરની આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક તમામ બાબતો ઉપર કબજો મેળવવાનો કાર્યક્રમ યુરોપ વિગેરે સિવાય દુનિયાભરમાં આજ સુધીમાં પૂરો કરવામાં આવેલ છે. હવે વિકાસના નામે ધરમૂળથી પરિવર્તન કરી નાખવાના કાર્યક્રમના તબક્કા શરૂ કરાતા થાય છે. આજે વિકાસનું - સુવ્યવસ્થાનું જે પગલું ભરાઈ રહ્યું છે તે અંતિમ પગલું છે ? એટલેથી કાર્યક્રમ પૂરો થાય તેમ છે ? ના, એ તો હજી નાના નાના પગથિયા છે.

ધર્મ અને ધર્મસંસ્કૃતિ હજુ થોડું ઘણું પણ પ્રજાનું રક્ષણ કરી રહેલ છે, તેથી પ્રજાને ધર્મ-રહિત કરવાની પ્રક્રિયાઓ પ્રસરતી જાય છે. તેને નાશને પાટે ચડાવતાં પહેલાં ધર્મ અને સંસ્કૃતિથી અરક્ષિત બનાવી ભૌતિક પ્રગતિને પાટે ચઢાવવામાં આવે છે.

ધર્મની, ધાર્મિક પવિત્ર સ્થાનોની, સાધનોની રક્ષામાં માનનાર જે જૈનો હોય, તે આ જાતના ઉદ્દેશના વિકાસકાર્યોને ઇચ્છે ? તેમાં સાથ આપે ? વાત સાંભળતા ધ્રુજી ઉઠે કે બીજું કાંઈ થાય ?

જૈનોના હૃદયપ્રાણસમા અને યુગાન્તરથી ચાલ્યા આવતા પવિત્ર ધર્મસ્થાનને વિલોપન કરવાના પ્રયાસોને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે ત્યારે સમસ્ત જૈન સંઘે એક થઈ તિર્થાધિરાજ પર આવતા આંતરિક અને બાહ્ય આક્રમણોને પારખી તેનો વિરોધ કરવો જ રહ્યો. આધુનિકતાની માયાજાળમાં ન ફસાતા પવિત્ર તીર્થની પાવનતાને અકબંધ રાખવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

- સંપાદક

# ચેતવણી

આ વાત તદ્દન સાચી માનવામાં જરા પણ શંકા નથી, કેમ કે - પ્રાશ્ચાત્ય લોકોની મનોદશા જગતમાં એક જ ધર્મ અને એક જ રંગની માનવજાતિ રાખવાની હોય અને તેના અનુસંધાનમાં - જગતમાં નવસર્જનને નામે પરિવર્તન કરાવતા હોય અને તેના કારણે શ્રી શત્રુંજય તીર્થ ઉપર આશાતનાની પરંપરા વધારાતી હોય અને તે રોકવા માટે યોગ્ય સમજૂતી વગેરે પ્રયત્નો કરવામાં ન આવે તો ભવિષ્યમાં રંગીન પ્રજાઓને જગતમાં ટકી રહેવાની મુશ્કેલી ઊભી થાય, તો આશાતનાનાં વિષમ પરિણામ આવ્યાં ગણાય જ. તે ન આવે માટે શ્રી મહાતીર્થની આશાતનાઓથી રક્ષા કરવામાં ઉપેક્ષા ન સેવવી જોઈએ. તમામ પ્રકારના યોગ્ય પ્રયાસો કરી છૂટવા જોઈએ કે જે મહાઅનિષ્ટ પરિણામોથી બચાવીને રંગીન પ્રજાઓને જગતમાં ધર્મની આરાધના માટે યોગ્ય રીતે ટકાવી રાખે.

આપણા ભાઈઓ તો મોટે ભાગે બહારની ન સમજાય તેવી ગૂઢ પ્રેરણાથી બધું કરતા હોય છે. તેથી તેઓએ અને બહારવાળાઓએ ધાર્મિક પવિત્રતાનું ઊંચામાં ઊંચું મૂલ્યાંકન કરવું જોઈએ. તેથી મહાતીર્થની લેશમાત્ર આશાતના ન થાય, તેમાં પૂરતો સહકાર આપવો જોઈએ. તેમાં અવશ્ય સૌનું હિત છે.

- *લેખક*

# અનુક્રમણિકા


| | લેખો | |
|---|---|---|
| ૧ | જૈન શાસન ઉપર અગમ્ય આક્રમણોનું દિગ્દર્શન | ૦૧ |
| ૨ | શ્રી શત્રુંજય મહાતીર્થની બાબતમાં જાણવા જેવી બહુ દૂરગામી ખાસ મૂળ વાત | ૧૨ |
| ૩ | ઇતિહાસની કાંઇક ઝાંખી | ૨૯ |
| ૪ | આધ્યાત્મિક વિકાસ સાધવામાં સહાયક શત્રુંજય તીર્થનો થનારો અસ્ત, અને તીર્થની પવિત્રતા ડૂબાડનાર અદ્યતન પર્યટન સ્થળનો થનારો ઉદય | ૩૦ |
| ૫ | પ્રાચીન સ્મારકોના રક્ષણના નામે ધર્મસ્થાનો ઉપર સરકારી કબજો | ૩૭ |
| ૬ | શ્રી શત્રુંજય શાશ્વતા મહાતીર્થ ઉપર હોટેલ કરાય ? | ૪૩ |
| ૭ | શ્રી ગિરિરાજ ઉપર ચડવાની સ્પર્ધા ન યોજાય | ૫૪ |
| ૮ | બચવાનો કોઈ સાચો ઉપાય ? | ૫૮ |
| | પત્રો | |
| ૯ | શ્રીયુત જીવતલાલ પ્રતાપસીભાઈ શાહ જોગ, | ૬૦ |
| ૧૦ | શ્રીયુત જીવતલાલ પ્રતાપસીભાઈ શાહ જોગ, | ૬૮ |
| ૧૧ | શ્રીયુત જીવતલાલ પ્રતાપસીભાઈ શાહ જોગ, | ૮૧ |
| ૧૨ | શત્રુંજી નદી પર બંધ બાંધવાની સરકારી યોજનાના અનુસંધાનમાં વડાપ્રધાનને લખાયેલ પત્ર | ૮૫ |
| ૧૩ | ભારતના પ્રમુખ શ્રીમાન રાજેન્દ્ર પ્રસાદજીને પત્ર | ૯૭ |
| ૧૪ | શત્રુંજયી નદીના કિનારા ઉપરની ચરણપાદુકાની રક્ષા- મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી ચવ્હાણને પત્ર | ૯૮ |

# જૈન શાસન ઉપર અગમ્ય આક્રમણોનું દિગ્દર્શન

જૈન ધર્મની સ્વતંત્ર શક્તિને ખ્રિસ્તી ધર્મપ્રચારકો માર્મિક રીતે બરાબર ઓળખી ગયા છે. તેથી બાદશાહ અકબરની પાસે કઢાવેલા "દીન-એ-ઇલાહી"ના ચિત્રમાં જૈન ધર્મને સૌથી પહેલું સ્થાન અપાવાયું છે. ઇસ્લામ કરતાં પણ પહેલું સ્થાન અપાયું છે. તે વિષેનું લગભગ ત્યારનું ચિત્ર જોવાથી પૂરી ખાતરી થાય તેમ છે (ભારતના ઘડવૈયા પૃ. ૮૧), પરંતુ તેઓ એ પણ જાણે છે "કે જો જૈન ધર્મ જગતમાં ટકી રહે તો બીજા ધર્મોને પણ ઘટતી રીતે ટકી રહેવામાં તે માનતો હોવાથી બીજાઓને પણ ટકાવી રાખે ને ટકી રહે તો જગતમાં બહુમતના આધાર ઉપરનો વિશ્વનો એક ધર્મ કરવાનો આદર્શ સફળ કરી શકાય જ નહીં." એટલે તેનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ જગતમાંથી સર્વથા દૂર કરવા સુધીના ઠંડાં અને રચનાત્મક પગલાં પહેલેથી જ તેઓ લેતા રહ્યા છે. તે સમજવા જેવી અને ઘણી ગંભીર બાબત છે.

જૈન ધર્મના મૂળ પાયા -

(૧) જૈન શાસન સંસ્થા

(૨) ચતુર્વિધ શ્રમણ સંઘ

(૩) પાંચ આચારમય સામાયિક ધર્મ

(૪) દ્વાદશાંગી, તેને અનુસરતા સુવિહિત પૂર્વાચાર્યો વિરચિત શાસ્ત્રો તથા

(૫) ધાર્મિક સંપત્તિઓ રૂપ દ્રવ્યો, ક્ષેત્રો, કાળો અને ભાવો.

એ પાંચ પાયાને રૂપાંતરોમાં ફેરવતા જવાથી તથા બહારની તેની ભવ્ય પ્રતિષ્ઠા છે તથા તેના જીવનમાં આધ્યાત્મિક વિકાસના અને ચાર પુરુષાર્થની સંસ્કૃતિનાં જીવનધોરણો ઊંડે સુધી ફેલાઈને વણાયેલાં છે. તેથી તેના આગેવાનોની પ્રતિભા તથા પ્રતિષ્ઠા જેમ બને તેમ અજોડ રહેતી આવી છે, કેમ કે ભારતની પ્રજાને તેનું માર્ગદર્શન સાત્ત્વિકપણે મળતું હતું અને સમગ્ર પ્રજા તેના વિશ્વાસ ઉપર નિશ્ચિતપણે વર્તી રહી

હતી. તેથી પરસ્પરનો - બીજા ધર્મોનો પણ સહકાર રહેતો આવ્યો છે. ·તેને સ્થાને દરેકને પોતપોતાનું હિત સ્વતંત્રપણે વિચારવા તરફ દોરવવા એ અંદરોઅંદર કુસંપ ફેલાવવાની એક રીતની અજમાયશ બની રહી છે. તેનો પણ એક ઇતિહાસ છે. અહીં તે આપવાથી લંબાણ થતાં વિગતવાર આપવો શક્ય નથી. છતાં ઊડતી નજરે ખ્યાલ આપી આગળ વધવું જરૂરી છે. જેથી હોટેલ કરવાની પ્રવૃત્તિનું મૂળ રહસ્ય તથા ભાવિ ઉદ્દેશ વગેરે સમજવામાં સરળતા રહે.

બહારથી જૈન ધર્મના ધર્મગુરુ, મહાજનો તથા સ્થાનિક મહાજન સંસ્થાઓના આગેવાનો તરીકે જૈન ગૃહસ્થો ઠામઠામ માર્ગદર્શક તરીકેનું કામ કરતા હતા. નિઃસ્વાર્થ ભાવે કામ કરતા હતા. મહાસંત મહાજનોના પ્રતિનિધિ ધર્મગુરુ, મહાજનો અને તેના પ્રતિનિધિ સ્થાનિક મહાજનો, તેના આગેવાનો પ્રાયઃ તેઓ હતા.

સંસ્કૃતિના આદર્શનો વૈદિક કે જૈન ગમે તે ધર્મ પાળતા હોય, પરંતુ પોતપોતાની જવાબદારી બરાબર ઉપાડતા હતા કેમ કે તે વિના સમગ્ર દેશ અને પ્રજાનાં રક્ષણ, પાલન, પોષણ વગેરે શક્ય નહોતાં. સ્વબળથી બધું કરવાનું હતું ને ધર્મગુરુઓનું સર્વત્ર વ્યાપક નેતાપણું હતું.

બ્રાહ્મણો સંસ્કૃતિના, જ્ઞાન-વિજ્ઞાનના જાણકાર વિદ્વાનો, સંશોધકો, પ્રચારકો, પ્રેરકો, રક્ષકો વગેરે રૂપે કામ આપતા હતા, ઉપરાંત પ્રજાજીવનમાં નિયમ પ્રમાણે વર્તાવનાર તરીકે તથા સંસ્કૃતિના, વ્યવસ્થા તંત્રના નિઃસ્વાર્થીપણાથી અને સિદ્ધાંતનિષ્ઠામાં અડીખમ મક્કમપણે દરેક બાબતોમાં ઓતપ્રોત રહેતા હતા. રાજાઓને પણ ધર્મગુરુ વગેરે મહાજન સંસ્થાના નિયંત્રણમાં રહેવાનું હતું. માટે જ રાજ્ય વ્યવસ્થામાં પુરોહિતોનું સ્થાન રાજા કરતાં પણ સવિશેષ હતું અને ધર્મગુરુ મહાજનોના પ્રતિનિધિ તરીકે પોતાની એ ફરજ બજાવવી પડતી હતી અને આ રીતે આર્થિક, સામાજિક, ધર્મપ્રધાન સાંસ્કૃતિક સંચાલન મહાજનોના હાથમાં હતું. દરેકે તંત્રો અને તેમના નિયામકો તથા આગેવાનોએ તેના નિયંત્રણ પ્રમાણે રહેવાનું હતું. રાજા માત્ર રાજ્ય તંત્રના વડા તરીકે હતા, પણ ધાર્મિક, આર્થિક,

સામાજિક વ્યવસ્થામાં તેમની દરમિયાનગીરી નહોતી, કેમ કે સાંસ્કૃતિક વ્યવસ્થા જ તે પ્રમાણે મહાવ્યવસ્થાપકોએ ગોઠવેલી ચાલી આવતી હતી.

ત્યારે મુખ્ય મૂળ ધર્મના એક ભાગ રૂપ ખ્રિસ્તી ધર્મના વડા ધર્મગુરુએ પોતાની માલિકી સમગ્ર વિશ્વ ઉપર સ્થાપી, તેની સાથે ''વિશ્વભરનું ધાર્મિક, આર્થિક, સામાજિક, રાજકીય જીવન પોતાના અધિકાર નીચે, નિયંત્રણ નીચે, સત્તા નીચે, માલિકી નીચે છે'' એમ માનીને તદ્દનુકૂળ મહાપરિવર્તન કરવાનું-કરાવવાનું તેઓએ હાથ ધર્યું. તે આધારે કેપવર્દીથી લગભગ ૨૭૦ કે ૩૭૦ માઈલ દૂરથી પૂર્વ તરફના દરિયા અને ખંડો પોર્ટુગલ મારફત પોતાના તાબામાં ગોઠવ્યા હતા. જેમાં સમગ્ર એશિયા, દરિયા, ટાપુઓ, આફ્રિકાનો કેટલોક ભાગ વગેરે આવેલા હતા. તે સિવાયની દુનિયા સ્પેન નીચે રાખી. તેને આધારે અકબર બાદશાહ પાસે દીન-એ-ઇલાહીનો પંથ પડદા પાછળ રહી કઢાવ્યો હતો અને બીજા ધર્મ પ્રત્યે ઉદારતા, સહિષ્ણુતા, ભાઈચારો, સુમેળપણું રાખવાની વાતો ચલાવી હતી, કેમ કે પોતાની પ્રત્યે અને પોતાના ધર્મ પ્રત્યે એ પ્રમાણે ભારતની પ્રજા પાસેથી પણ વર્તન રખાવી પગપેસારો કરવાનું લક્ષ્ય હતું. સાચી ઉદારતાનો આશય નહોતો. ભારતની પ્રજાના જીવનમાં પ્રવેશવાનો અને લોકપ્રિયતા મેળવવાનો હતો.

આ રીતે લોકપ્રિયતા મેળવવા સાથે ચારેય પ્રકારના જીવન ક્ષેત્રમાં દરમિયાનગીરી કરી શકે તેવી જુદી જ જાતની પોતાની સર્વોપરી રાજ્યસત્તાને વેગ અપાવવા અકબર બાદશાહ પાસે શ્રી જૈનાચાર્યોને તીર્થોના પટ્ટા અપાવ્યા, જીવદયાનાં ફરમાનો અપાવ્યાં. મુસલમાન બાદશાહ સીધી રીતે એમ કરી શકે નહીં. (ભારતની પ્રજા નવો ધર્મ, ધંધાદારી વગેરે સહન કરી લઈ શકે નહીં. બીજી પ્રજાની દખલગીરી પોતાના દેશમાં ચલાવી શકે નહીં.) તેના એ લોકોને બે ફાયદા થયા, (૧) લોકપ્રિયતા મળતી ગઈ અને (૨) ધર્મ ઉપર પણ પટ્ટા આપનાર રાજ્યની સત્તા સ્થાપિત કરાવવાની તક સાધી લઈ શકાઈ.

(૧) એ રીતે ધર્મ ઉપર સત્તા ચલાવવાનું બીજારોપણ કરવાની તક મળી ગઈ. તે વખતે પ્રજામાં વ્યવહારકુશળ તરીકેનું નેતાપણું

ધરાવતા જૈનો જેવા જૈનો વશ થયા, તેને બીજા લોકો વશ રહે એ સ્વાભાવિક છે.

(૨) ધર્મગુરુઓમાં પણ પક્ષાપક્ષી વધારાતા ગયા, એક ઉદારમતવાદી પક્ષ ઊભો કરવામાં આવ્યો, બીજો ચુસ્ત પક્ષ તેનો સામનો કરતો થયો, ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી અને મુક્તિસાગરજી વગેરે ચુસ્ત પક્ષના હોવાનું જણાઈ આવે છે. તે વખતના પ્રસંગો ઉપરથી એમ સમજાય છે.

(૩) ધર્મગુરુઓની આંતરિક બાબતોમાં રાજ્યસત્તા હળવી દરમિયાનગીરી કરતી થઈ, જેથી જહાંગીર બાદશાહના બોલાવવાથી શાસનના ધુરંધર આચાર્ય શ્રી વિજયદેવસૂરિજી મહારાજને તેની પાસે જવું પડ્યું હતું.

(૪) ધર્મતંત્ર સીધું પોતાના હાથમાં લેવા માટે મુનિ વર્ગના નિયંત્રણ નીચેથી ધર્મને ખસેડવાની યુક્તિઓ ગોઠવીને ગૃહસ્થોને આગળ પડતું સ્થાન આપવાની, ધર્મનાં કામ તેમની મારફત કરી આપવાની ગોઠવણો ગોઠવી જેથી જગતશેઠ, અમદાવાદના નગરશેઠ વગેરેને મોટા આગેવાન બનાવી, તેમની મારફત ધાર્મિક કામો કરી આપવાની પ્રવૃત્તિ શરૂ કરી.

(૫) અને છેવટે એ ગૃહસ્થો મારફત સંવેગી મુનિઓને પક્ષકાર બનાવીને જૈન શાસનની ચારેય તરફથી સારસંભાળ તથા સંચાલન ચલાવી રહેલા તે વખતના યતિ મુનિઓને તથા પરંપરાના મૂળભૂત શાસનપતિને ધાર્મિક વ્યવસ્થા તંત્રમાંથી ખસેડી દેવાની યોજનાને વેગ આપવામાં આવ્યો અને એ રીતે શ્રી ગણધર ભગવંતોનીય પહેલાંથી ચાલ્યું આવતું એક આજ્ઞાતંત્ર સદંતર ખસેડી લેવરાવાયું.

(૬) તેમાંથી પેઢીઓ, જૈન ઍસોસિયેશન ઑફ ઇન્ડિયા વગેરે સંસ્થાઓને સ્થાન અપાવરાવી, તેની પાછળ પોતાના કાયદા પ્રમાણેનું સંચાલન, નિયંત્રણ, બહુમતના બંધારણવાળી કૉન્ફરન્સો, યુવક સંઘો વગેરેને હળવે હાથે નવા કાયદાઓના ટેકાથી થવા દીધા.

આ રીતે ચારેય તરફથી આંતરિક રીતે છિન્નભિન્ન થવાના પાયા રોપાવતા રહ્યા.

એટલેથીય ન અટકતાં આંતરિક બાબતોમાં પ્રવેશવા પોતાના વ્યાવહારિક શિક્ષણને ટેકો મળે તેવી રીતનાં ધાર્મિક શિક્ષણો, પરીક્ષાઓ વગેરે શરૂ કરાવરાવ્યાં, ઉપરાંત જુદી જુદી અનેક સંસ્થાઓ સ્થપાવરાવી કે ભારતભરમાં જેની સંખ્યા ગણવી જ ભારે પડે.

(૭) એ રીતે બહુમતના ધોરણને દાખલ કરાવી શ્રી તીર્થંકરોની આજ્ઞાપ્રધાન શાસન સંસ્થાનું નામ પણ ભુલાવી દેવડાવવા સુધી પહોંચાડી દેવાયું હોવાનું જાણી શકાય છે.

(૮) બહુમતની સંખ્યાબંધ સંસ્થાઓ જૈનોની અને જૈન ધર્મની સેવા કરવાને બહાને ઊભી કરાવી છે. શ્રી તીર્થંકર પ્રભુના સ્થાપેલા શ્રી સંઘનેય એ રીતે છિન્નભિન્ન સ્થિતિમાં મુકાવી દીધો. સ્થાનિક સંઘો નવાં નવાં બંધારણો કરીને ગુરુસંઘ તથા તીર્થંકર પ્રભુના શાસનનાં બંધારણોથી છૂટા પડતા જઈ, પરંપરાના શ્રી સંઘથી જુદી રીતે કામ કરતા થાય છે ને બહુમતના ધોરણના સ્વીકાર મારફતથી સત્તા દ્વારા ચર્ચ સંસ્થા સાથે જોડાઈ જતા જાય છે. આ બહુ જ ગંભીર અને ખૂબ ભય ભરેલી બાબત તરીકે બની રહેલ છે. શ્રી તીર્થંકર સાથેના સંબંધ છોડાવી તે સંસ્થા સાથેનો સંબંધ જોડવામાં બહુમત પદ્ધતિ માધ્યમરૂપ ગોઠવાયેલી છે.

(૯) ચાલ્યા આવતા ધર્માચરણની રીતથી અનેક રીતે પૃથક્કપણું વધારાતું ગયું. તેમાં પણ નવાં સાધનોથી કૃત્રિમ વેગ ઉમેરાવવાથી ભવિષ્યમાં તેનાથી તદ્દન રહિત થવાપણાની સ્થિતિ તરફનું વલણ વધારાતું ગયું તથા નવી પેઢીને ભવિષ્યમાં નિશાળોમાં, નીતિ અને ધર્મના જ્ઞાન આપવાને બહાને-યોગ, જાપ વગેરેમાં રોકી રાખી ક્રમે ક્રમે ધર્મસ્થાનોમાં આવવાની જરૂરિયાત ભુલાવી દેવા સુધી પહોંચાડવાની સ્થિતિનું સર્જન જન્મતું જાય છે, તેની ભૂમિકા તૈયાર કરાતી જાય છે.

(૧૦) શાસ્ત્રો શોધવા અને તેની ઉપર ગમે તે (વિવેચન) લખવા વગેરેથી તેની આજ્ઞાઓની અને મર્યાદાઓની છિન્નભિન્નતાને વેગ અપાઈ રહ્યો છે.

(૧૧) જૈન ધર્મ અને જૈન ધર્મીઓની ખોટી કે ખરી ભૂલો કાઢી તેને સામાન્ય જનતામાં ફેલાવરાવી તેની યુગો પુરાણી પ્રતિષ્ઠા, માન, સન્માન વગેરે છિન્નભિન્ન કરાવી તેને હડધૂત કરવાના ગુપ્ત પ્રયાસોને વેગ અપાઈ રહેલ છે.

વૈદિક ધર્મ પાળતા હિંદુઓ અને જૈન ધર્મ પાળતા હિંદુઓ વચ્ચે એક આર્ય પ્રજા તરીકેનો એક્કો હતો, તેને તોડવામાં લઘુમત - બહુમતની જાળ અને જૈન સમાજ અને હિંદુ ધર્મ શબ્દો તેઓને ખૂબ ઉપયોગમાં આવી રહ્યા છે.

(૧૨) સ્થાવર કે જંગમ તથા દ્રવ્ય કે ભાવ ધાર્મિક મિલકતોનાં દ્રવ્યો, ક્ષેત્રો, કાળો અને ભાવો પબ્લિકના ઠરાવી, તેના ઉપર નિયંત્રણો વગેરે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ વગેરે દ્વારા મૂકતા રહ્યા છે. તેનું ઊંડું રહસ્ય એ છે કે તે દરેક દ્રવ્યો, ક્ષેત્રો, કાળો અને ભાવોના અંતિમ માલિક ન સમજાય તેવી રીતે પોતાને ઠરાવાયેલા છે અથવા પોપે પોતાને ઠરાવ્યા છે. તેમની મિલકતનું રક્ષણ કરવાની ફરજ તેમની સ્થાનિક લોકશાહી કે જે સત્તા પર હોય તેની છે. તે આધારે તેના રક્ષણ વગેરેનું કામ સોંપવા પબ્લિક ટ્રસ્ટ ઍક્ટની રચના કરાવી હોય છે.

અને તેની રૂએ ટ્રસ્ટ કરવું પડે છે. ટ્રસ્ટી નીમવા પડે છે. તેને આધારે ટ્રસ્ટીઓએ વહીવટ કરવાનો હોય છે. ધર્મના કેટલાક નિયમો પ્રમાણે વર્તવા ને તે તે ધર્મના ટ્રસ્ટીઓ રાખવા છૂટ અપાયેલી હોવાથી તે પ્રમાણે હાલ ચલાવી લેવાય છે. આવા કાયદાઓ રચવા પાછળની સમજ આ છે.

તેમાં વ્યવસ્થા કેમ કરવી? મિલકતોનો ઉપયોગ કેમ કરવો? કેમ ન કરવો? વગેરે મર્યાદાઓ મુકાઈ ગઈ હોય છે. હવે તેમાં એ પણ

ગોઠવણ કરવાની શરૂઆત થતી જાય તેમ થઈ રહ્યું છે કે ''આખું વ્યવસ્થા તંત્ર કેમ ગોઠવવું? વ્યવસ્થાપકો વગેરે કોને નીમવા? કોણ નીમે? તેમાં બીજા ધર્મમાં માનનારા, કે બીજી જાતના કે સ્ત્રીઓ વગેરેને પણ નીમવામાં આવે'' વગેરે બાબતો પબ્લિક ટ્રસ્ટના કાયદા સાથે જોડાતા જાય તેમ થઈ રહ્યું છે અર્થાત્ ''ધર્મસ્થાનો વગેરેનો ધર્મની સાધનામાં અમુક મર્યાદાથી ઉપયોગ કરવા દેવા સિવાય બીજું કાંઈ તે તે ધર્મના અનુયાયીઓથી કરી ન શકાય, એ છૂપી રખાયેલી મૂળભૂત બાબતો હવે આગળ આવતી જાય છે.

(૧૩) ''વાસ્તવિક રીતે એ મિલકતો તે તે ધર્મના તંત્રની નથી, પરંતુ જગતમાં મૂળ સત્તા જેની આજે માનવામાં આવેલી છે તેની છે. કાયદાની દૂરગામી અસર આ જાતની છે. પોતાના તરફથી છૂટછાટ મૂકીને, તે તે ધર્મવાળાઓને તેનો ઉપયોગ કરવા દે છે ને તે ધર્મવાળાઓને વહીવટોમાં લેવાની હાલમાં છૂટ આપેલી છે, પરંતુ એકંદર તેવી કોઈ પણ છૂટ આપવી? કે ન આપવી? તે સત્તાની - માલિકીની - તેના હાથની, તેની ઇચ્છાની વાત છે.'' આ તેનો મૂળભૂત અર્થ છે.

(૧૪) યાત્રા એ ધાર્મિક ક્રિયા છે. તેને મુસાફરીનું રૂપક આપવાના પ્રયાસો ચાલુ છે. પ્રવાસ માટે અમુક વિશેષ સગવડો વગેરે આજે અપાય છે, તેથી લોકો પણ સગવડો લેવા માટે'યાત્રા-પ્રવાસ શબ્દનો ઉપયોગ કરતા જાય છે. પાછળથી કદાચ પ્રવાસ યાત્રા શબ્દો બની જાય અને છેવટે ભારતની પ્રજા માટે યાત્રા શબ્દ કાઢી પણ નાખવામાં આવે.

આ માટે યાત્રાનાં સ્થાનોમાં યાત્રાળુઓની - પ્રવાસીઓની સગવડો માટે પણ પ્રયત્નો કરવા દ્વારા તેમાં દરમિયાનગીરી કરવાનો માર્ગ શોધાતો ગયો છે.

જેથી યાત્રાળુઓ કે પ્રવાસીઓ માટે ધાર્મિક તીર્થોની પેઢીઓમાં ઊતરવાની, વાસણની ગોદડાંની, સ્વચ્છતાની, આરોગ્યની અને

બીજી અનેકવિધ સગવડો કરવી પડતી રહે અને તે બરાબર છે ? કે નહીં ? ભોજનશાળાઓ બરાબર ચલાવાય છે ? કે નહીં ? વગેરે તપાસવા આવી સ્થિતિનાં સર્જનો થતાં જાય છે.

ખરી રીતે તે પેઢી તે તે ધર્મશાસનની હોય છે. તેની પાસેથી ભક્તોએ, યાત્રાળુઓએ કશુંય માગવાનું ન હોય, તે સ્થાનો તો તપોવન જેવા નિરાળાં હોય, એકાંત જેવા હોય, તેની પાસેથી કાંઈ માગી શકાય નહીં. કશીય સગવડની આશા ન રખાય, યાત્રાળુ પોતાની તમામ સગવડો, પોતાના વાહન વગેરે સાધનો સાથે આવે, સ્વાશ્રયથી આવે, પોતાનાં ખાનપાનનાં સાધનો જાતે મેળવી લે, જાતે બનાવી લે, ધર્મસ્થાનોમાં યથાશક્તિ સમર્પણ કરે, યથાશક્તિ ધર્મસાધના કરે ને ભાવભક્તિ ટકે ત્યાં સુધી રહે, ધર્મ આરાધના સિવાય બિનજરૂરી રીતે વધારે વખત પવિત્ર સ્થાનમાં રહે નહીં.

આ વિધિ. બીજું તો સ્વધર્મી બંધુઓ સ્વધર્મી બંધુની પોતાના તરફથી ભકિત કરે એ વાત જુદી. તેને સ્થાને પ્રવાસી - મુસાફર - પર્યટક તરીકેનું સ્વરૂપ અપાતું જાય છે અને આ દેશમાં સ્થાયી વતની તરીકે રહેવા આવતાં પહેલાં પર્યટકો તરીકે, વિઝિટરો તરીકે, કળા - કારીગીરીના નિરીક્ષકો તરીકે, અભ્યાસીઓ તરીકે, સંશોધકો તરીકે બહારથી આવવાના કાર્યક્રમો શરૂ થયા છે.

તેથી તેઓ માટે આરામગૃહો, ખુરશી-ટેબલનાં સાધનો, બાગબગીચા, આરોગ્યનાં સાધનો, ભોજનાલયો, હોટેલો, હરવા-ફરવાનાં સ્વચ્છ સાધનો, સેનેટોરિયમો વગેરે ગોઠવવાના કાર્યક્રમો તેમાં ગૂંથાયેલા છે.

આ બાબત હાલમાં મહેશ યોગીના આશ્રમની વ્યવસ્થા વાંચવાથી તથા શ્રી સોમનાથ મહાદેવ તીર્થના મંદિરની આસપાસ સગવડો ગોઠવવાની રૂપરેખા વાંચવાથી સારી રીતે સમજાય તેમ છે. હેલિકૉપ્ટરો, વિમાનો ઉતરવાનાં સ્થાનો, રેલવે, મોટરો, જવા-

આવવાના માર્ગો, રોપ-વેની રચના વગેરે આયોજનોની યોજનાઓના પ્લાનો વિચારાતા હોય છે. આવી આવી ઘણી બાબતો છે. તીર્થસ્થાનોમાં ધર્મશાળાઓ બનાવવા દેવાની નીતિની પાછળની નીતિ હવે પછીના વખતમાં ઠીક સમજણ પડશે. કળા, કારીગીરી દર્શન, પ્રદર્શન વગેરે મોટે ભાગે બહારનાઓ માટે અને તેઓના વિચારના આ દેશના અનુયાયી લોકો માટે પણ ગોઠવવાના સમજવાના છે.

આ સ્થિતિમાં ધર્મસ્થાનોની પવિત્રતા શી રીતે જળવાય? ધાર્મિક આરાધના માટેની શાંતિ શી રીતે જળવાય? અરે! ધર્મસ્થાનની ધર્મસ્થાન તરીકેની મહત્તા તો દૂર રહી, પરંતુ ધર્મસ્થાન તરીકેનું સ્વરૂપ કે સ્થિતિ પણ કેમ જળવાય? ભવિષ્યને માટે આ ખૂબ જ ચિંતાની બાબતો છે.

(૧૫) ધર્મસ્થાનોમાં જવા-આવવાની સુલભ સગવડો, ધર્મશાળાઓ વગેરેમાં ઊતરવા-રહેવાનાં સાધનો તથા બીજાં સાધનો વધાર્યા, તેની પાછળનાં રહસ્યો તે વખતે સમજવામાં ન આવ્યાં. તેનાં પરિણામો હવે ભોગવ્યાં વિના શી રીતે રહેવાશે? ભાતાની ફી, યાત્રા, પૂજા અને ભક્તિનાં સાધનો, આવતી કાલે કેવા રૂપમાં ફેરવાઈ જશે તે કહી શકાય તેમ નથી.

(૧૬) કેટલાક દશકાઓ અને સૈકાઓ પહેલાંથી લાંબી દૃષ્ટિ રાખીને આપણી જ પાસેથી કેવી તદ્દન હળવી શરૂઆતો કરાવી ને તેના કેવા પરિવર્તન કરાવી નાખવાની ગૂઢ યોજનાઓ હોય છે? આ ઉપરથી સહેજે કલ્પના કરી જોવા જેવું છે. આમાં કશી અતિશયોક્તિ કે કલ્પના માત્ર હોવાનું સમજવાની ભૂલ ન કરવી જોઈએ. કોઈ સામાન્ય બાબતનો ફરક આવે એ જુદી વાત છે. સિવાય ઘણું ખરું તે પ્રમાણે જોવા મળશે.

(૧૭) અને વિશ્વનો એક ધર્મ થયા પછી તો બધું તેમાં જ સમાઈ જવાની કલ્પના કરવામાં આવતી હોય તો તેનેય તદ્દન નિર્મૂળ માની

બેસવાની ભૂલ આપણે ન કરવી જોઈએ. પછી તો ભાવિ ભાવ. આજની સ્થિતિ ઉપરથી હવે પછીની આવી સ્થિતિ સમજી શકાય તેમ છે.

(૧૮) આજે આપણે ડોળીના સાધનનો છૂટથી ઉપયોગ કરતા થયા. તેઓએ ઉપર ખાવાની છૂટ લઈ લીધી, મુસાફરો અને વિઝિટરો વગેરેને બેસવા માટે ખાસ અવકાશ આપ્યો વગેરે. હવે હક્કથી પ્રવેશીને આપણાં પવિત્ર તીર્થોને જ હરકત કરતા થાય તેમ બનતું જાય ને બનતું જાય તેમાં શી શંકા છે? તથા આપણાં કોઈ ભાઈઓ-બહેનો પણ અણસમજથી મર્યાદાનો ભંગ કરે તો આપણે આશાતના સમજાવી, કડક રીતે વર્તવાની દોરવણી આપવાની વિચારણા પણ હજી કરતા થયા નથી. માત્ર કળા અને કારીગીરીના વિકાસની જાહેરાતો વગેરેનાં નુકસાન કરતાં ભાવિ પરિણામો તો હજી હવે જાણવામાં અને જોવામાં આવે તેમ છે.

(૧૯) આ રીતે ચારેય તરફથી ભારતના પ્રાચીન મહાન ધર્મો અને જૈન ધર્મ જેવા લોકોત્તર ધર્મની શી સ્થિતિ કરવાની ગોઠવણો આકાર લેતી જાય છે? તે ઉપરથી સહેજ કલ્પના આવશે.

''આ તીર્થ આપણું તીર્થરાજ ન હોય, માત્ર એક પર્વત છે'' એમ માનીને તેના ઉપર જે મોટા મોટા ફેરફારો વગેરે કરવાના છે, તેના પ્રાથમિક નમૂના તરીકે આ હોટેલ બાંધવાની વાત છે ''જૈનોની ધર્મ વિષે હવે કેવી જાગૃતિ છે? ધર્મપ્રેમ કેવો છે? ધાર્મિક બળ કેવું છે? લાગવગ કેવી પહોંચે છે?'' તેની ચકાસણી માટેય હોય. ધાર્મિક ભાવના ગુણ કેવો શક્તિશાળી છે? તેની પરીક્ષા માટેય હોય. તેમાં જેવું પરિણામ જણાય, તે આધારે આગળ વધવાનું બનતું જાય. આવાં કાર્યો રાજ્ય દ્વારા ઘણે ભાગે યુનેસ્કો સંસ્થા કરાવતી હોય છે.

રૂા. ૨૫ લાખ ગુજરાત રાજ્ય દ્વારા ખર્ચાવવાની તે સંસ્થાની યોજના હોવાની ખાસ સંભાવના અને શક્યતા છે. પહેલાં તીર્થના

જીર્ણોદ્ધાર, કળા-કારીગીરીના વિકાસ, રક્ષણ, સ્વચ્છતા, કિલ્લા વગેરે રક્ષણનાં કામ થવાનાં ને કરવાનાં. તેમાં આપણે લલચાયા કે પછી - બીજી બાબતો તક મળતાં ધમધોકાર બનવામાં કે બનાવવામાં કોણ આડે આવી શકે ?

(૨૦) ધર્માચાર્યનાં નિયંત્રણોમાંથી ધર્મતંત્ર અને તીર્થો વગેરે ખેંચાવી, સંસ્થાઓના હાથમાં મુકાવી, તેના ઉપર ગૃહસ્થોના વહીવટો ગોઠવાવી, તેની ઉપર સત્તાનાં નિયંત્રણો વગેરે શા માટે ગોઠવાવ્યાં હતાં, તેનાં રહસ્યો હવે તો આપણને સમજાઈ જ જવા જોઈએ કે નહીં ?

(૨૧) દેશમાં પહાડો ઉપર છેવટે સરકારી જંગલ ખાતું ગોઠવાયું છે અને એમ કરીને પહાડનું સરકારીકરણ ઊભું રખાયું છે. તે પ્રમાણે પવિત્ર એવાં તીર્થો ઉપર પણ તે ગોઠવાયું હોય છે. તેનો દૂરગામી આશય એ પણ છે કે ''પવિત્ર તીર્થો પણ સર્વપ્રકારનાં સરકારી નિયંત્રણોમાંથી બાકાત ન રાખવામાં આવે.'' જંગલો વગેરેના રક્ષણ વગેરેની સામાન્ય સમજથી ના પણ શી રીતે પાડી શકાય ?

તદ્દન સાદી સમજથીય ના ન પાડી શકાય. તીર્થની પવિત્રતા વગેરેના સૂક્ષ્મ ખ્યાલ કરવામાં આવે અને તેની મહત્તા ધ્યાનમાં લેવામાં આવે તો આવું કાંઈ ન કરાય. છતાં તે મારફત પણ સત્તા અને તે મારફત માલિકીનો દાખલો ઊભો રાખી શકાય. આ દૂરગામી હેતુ છે. ખરી રીતે જેનું તીર્થ, જંગલ પણ તેનું જ ગણાય. આ ન્યાય છે.

# શ્રી શંત્રુજ્ય મહાતીર્થની બાબતમાં જાણવા જેવી બહુ દૂરગામી ખાસ મૂળ વાત

(૧) શ્રી શંત્રુજ્ય મહાતીર્થની બાબતમાં જાણવા જેવી બહુ દૂરગામી ખાસ મૂળ વાત બને કે ન બને, ખરી હોય કે ખોટી, તેને માટે કશીય ચોક્કસ ખાતરી આજે આપી શકાતી નથી, પરંતુ બનતી જતી સાંયોગિક પરિસ્થિતિઓ ઉપરથી જે સમજમાં આવેલ છે તે ઉપરથી નીચે પ્રમાણે આ નિર્દેશ કરવામાં આવે છે. જો તેને જાણવા છતાં જાણે કરીને દબાવવામાં આવે તો તીર્થની આશાતના કરવા બરાબર થાય. માટે જણાવવું જોઈએ.

(૨) આપણે આ તીર્થના કેન્દ્રમાં બિરાજતા પ્રભુને શ્રી આદિ તીર્થંકર, આદિરાજા, આદિમુનિ તરીકે સમજીએ છીએ. ''આત્મા છે. તે નિત્ય છે, તે કર્મોનો કર્તા છે, તે સ્વકર્મોનો ભોકતા છે ને આત્માનો સર્વકર્મોથી મોક્ષ થાય છે અને એ મોક્ષ પ્રાપ્ત કરવાના જ્ઞાનાદિ ઉપાયો પણ આત્મામાં જ છે.''

(૩) આમ છતાં વિકાસક્રમના આધારે અપુનર્બંધક, માર્ગાનુસારી, સમ્યગ્ દર્શની, દેશવિરતિધર, સર્વવિરતિધર, તીર્થંકર વિગેરે વિકાસક્રમોની અને તેને માટેના વ્યવહારોની ક્રમે ક્રમે ચઢતી સાંકળ ગોઠવાયેલી છે.

તેનું માર્ગદર્શન અને અમલીકરણના ધર્મપ્રધાન સંસ્કૃતિ રૂપ વ્યવહારુ આકારો શ્રી ઋષભદેવ પ્રભુએ ગોઠવી આપી, સંસ્કાર યોગ્ય જનતાને સન્માર્ગમાં જોડવાની યોજના શીખવી સ્થિર કરી છે.

સત્ પ્રવૃત્તિનો વ્યવહાર નય અને નિશ્ચયનય - કુમાર્ગ, દોષો, અયોગ્ય પ્રવૃત્તિ વગેરેથી દૂર રખાવવા, વ્યવહારનય અને નિશ્ચયનય પ્રધાન ઉચ્ચ જીવનધોરણોની સગવડો કરી આપી મહાવિશ્વોપકાર કર્યો છે. વિવાહવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા,

ન્યાયવ્યવસ્થા, શિલ્પ વગેરે બતાવી ઘણાં અનિષ્ટો તથા હિંસા વગેરેથી બચાવેલ છે.

ખેતી વગેરે બતાવી હિંસા, શિકાર, માંસાહાર વગેરેથી માનવોને બચાવેલ છે વગેરે વગેરે બહારથી આશ્રવ રૂપ જણાતી વ્યવસ્થા પણ વાસ્તવમાં અધિક આશ્રવ કે દુરાશ્રવ વગેરેથી નિવૃત્ત કરતા હોય છે, જેમ કે માંસ ખાનાર માનવ ફળ ખાઈને ચલાવી લે. આ સિવાય મોક્ષાનુકૂળ વિકાસનો કોઈ પણ ક્રમિક ઉપાય ત્રણ કાળમાં, ત્રણ લોકમાં, સર્વસામાન્ય માટે નથી. ઉપરાંત, વિશિષ્ટ આત્માઓ માટે ઠેઠ મોક્ષપ્રાપ્તિ સુધીનો માર્ગ પણ તેમણે બતાવ્યો છે.

(૪) એ છ સ્થાન ઉપરના શુદ્ધ વ્યવહારો માનવોને જંગલીપણાથી, પાશવીપણાથી, રાક્ષસીપણાથી, અજ્ઞાનમય જીવનથી દૂર રખાવનાર છે. અનાયાસે જ દૂર રખાવનારા તે બની રહે છે.

પ્રાથમિક અને મધ્યમ કક્ષાના સાધકોને પતનથી અનાયાસે બચાવનાર એ વ્યવહારો છે. બચાવીને પારમાર્થિક જીવન તરફ દોરનાર પણ એ વ્યવહારો છે. માટે નિશ્ચયનયસિદ્ધ જીવન તરફ દોરવવા માટે પહેલાં તો આત્માને શુદ્ધ વ્યવહારોમાં સ્થિર કરવાની જરૂર પડે છે (અહીં શુદ્ધ વ્યવહારો એટલે માર્ગાનુસારી વગેરે વ્યવહારો તેવો અર્થ છે).

પિતાની સાથે દેખાદેખીથી પણ ધર્મ કરનાર બાળક પુત્ર એ રીતે પણ સન્માર્ગ સાથે જોડાય છે, સ્થિર થાય છે. એટલું જ નહીં, પરંતુ ઉન્માર્ગથી દૂર રહેવાની, દૂર થવાની, એ રીતે તેને સગવડ મળે છે, અનાયાસે તક મળે છે.

"अयमेव च मिथ्यात्व - ध्वंसी सदुपदेशतः ।। १ ३ . ३"

"ઉત્તમ ઉપદેશપૂર્વક આ (શુદ્ધ વ્યવહારનું આચરણ) મિથ્યાભાવ - મિથ્યા સમજ તથા મિથ્યા આચરણ વગેરેને દૂર હટાવનાર છે, દૂર રાખનાર છે, તેનો ધ્વંસ કરનાર છે." ૧૩.૩.

આ સાદી અને સરળ વાત છે કે સીધે માર્ગે ચાલ્યો જતો માણસ

અનાયાસે જ ઊંધા માર્ગથી - અવળા માર્ગથી - ખોટે ઠેકાણે લઈ જનારા માર્ગથી દૂર રહે છે, દૂર હોય છે, દૂર થાય છે અથવા ખોટે માર્ગે જનારો સન્માર્ગથી દૂર થાય છે.

ऐन्द्रश्रेणिनत: श्रीमान्नन्दतान्नाभिनन्दन: ।
उद्दधार युगादौ यो जगदज्ञानपङ्कत: ।। १.१

(અધ્યાત્મ સાર)

"ઇન્દ્રોની શ્રેણીથી નમસ્કાર કરાયેલા શ્રી નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવ પ્રભુ વિજયવંત હો કે જેમણે યુગની શરૂઆતમાં સદ્‌વ્યવહારોની સ્થાપના કરી આપીને, જગતને અજ્ઞાન (ખોટી સમજ, ખોટો જીવનમાર્ગ, ખોટા ભાવો, ખોટી ભાવનાઓ) રૂપી કાદવમાંથી બહાર કાઢેલ છે, બહાર રાખેલ છે, બચાવે છે. ૧.૧"

એ સદ્‌વ્યવહાર રૂપ - સન્માર્ગ આજે પણ જગતમાં ચાલુ છે. તે રૂપે પ્રભુ વિજય પામે છે. ચાર પુરુષાર્થની અહિંસક જીવનસંસ્કૃતિ ભારત અને તેની બહાર ચાલુ છે. માટે પ્રભુ આજે પણ એ રૂપે સર્વત્ર વિજયવંત છે.

(૫) આ રીતે વિશ્વમાં જે પ્રભુની અતિમહત્તા છે તે શ્રી શત્રુંજય ગિરિરાજના શણગાર રૂપ છે.

(૧) ગિરિરાજ અનાદિકાળથી સ્વયં પવિત્રત્તમ ક્ષેત્ર રૂપે તો છે,

(૨) ઉપરાંત શ્રી આદિદેવ તેના શણગાર રૂપ છે અને

(૩) એ રીતે જગતમાં સદ્‌વ્યવહારનો - સંસ્કૃતિનો પાયો નખાયો છે, તેના સ્મારક રૂપે પણ આ ગિરિ અને તેની આજુબાજુ તથા ઉપર પ્રભુની સ્થાપનાઓ બની રહી છે."

(૬) જગતભરના સર્વ માનવો અને સર્વ પ્રાણીઓની ઉપરના ઉપકારના સાગરના પ્રવાહો જગતમાં જે વહી રહ્યા છે, ન્યાય, નીતિ, સદાચાર, અહિંસા, સત્ય વગેરે રૂપે છવાયેલાં છે, ફેલાયેલાં છે, તેના મૂળ કારણભૂત સર્વત્ર તે મહાપુરુષ છે.

આથી જગતના સર્વ પ્રાણી ઉપર જંતુ, કીડાથી માંડીને દેવ-દાનવો અને યોગીઓ સુધીના જીવો ઉપર તેમનો લોકોત્તર પરમ ઉપકાર છે. પછી આજે તે ગમે તે ધર્મ પાળતા હોય, ગમે તે દેશમાં, ગમે તે રંગના પ્રજાજન હોય, માનવતાની પ્રાપ્તિનો પ્રવાહ તે આદિ દેવને આભારી છે.

(૭) શ્રીમદ્ ભાગવતના ચોથા સ્કંધમાં પૃથુરાજાનું વર્ણન છે. તેના નામ ઉપરથી પૃથ્વી કહેવાય તથા "ત્યારથી સન્નિષ્ઠાથી વાસિત બની પૃથ્વી પવિત્ર થવા લાગી" એમ સૂચિત છે.

પાંચમા સ્કંધમાં શ્રી ઋષભદેવ પ્રભુના જીવનનું વર્ણન છે, જેણે લોકોને કર્મો એટલે ધંધા, શિલ્પો, કળાઓ, આર્થિક, સામાજિક, રાજકીય ધોરણો સમજાવ્યાં, શીખવ્યાં. ધર્મશાસન સ્થાપ્યું, ધર્મ સમજાવ્યો, શ્રી સંઘ સ્થાપ્યો ને એ રીતે પ્રજાના જીવનને અજ્ઞાન, જડતા, પાશવીપણું, જંગલીપણું, રાક્ષસીપણું વગેરે તરફ જતું બચાવ્યું.

તેથી આ ગિરિ માત્ર જૈન ધર્મના અનુયાયીઓને જ પૂજ્ય છે એમ નથી, પણ સર્વ જીવમાત્રને નિઃશલ્યભાવે પૂજ્ય છે, પરંતુ તેને ઉચિત પૂજાના પ્રકાર બીજા જીવો ન જાણતા હોવાથી ઊલટાના આશાતના કરી બેસે, તે માટે અને મહાતીર્થની રક્ષા, વિધિ, વ્યવસ્થા વગેરે સાચવવા પૂર્વક સર્વ જવાબદારી અને જોખમદારી ઉપાડનાર યોગ્ય સમજદારના હાથમાં રહેવા જોઈએ. "આ ન્યાય સ્થિતિ છે."

(૮) એ માટે -

(૧) સર્વ પાત્ર જીવો અને જૈન ધર્મના અનુયાયીઓ તેની આરાધનાથી લાભ ઉઠાવે ને

(૨) સાથે સાથે તેનાં રક્ષણ, આશાતના નિવારણ વગેરેની જોખમદારીઓ વગેરે સંભાળે.

એ બે ફરજો - મોટી ફરજો તેઓએ મહાતીર્થ તરફ પણ જાળવવાની હોય છે.

તેથી જૈન શાસન સંસ્થા અને ચતુર્વિધ શ્રમણ સંઘ તેની રક્ષા વગેરે સંભાળતો આવે છે. બીજા યોગ્ય પાત્ર જીવો આશાતના વગેરે ન કરતાં વિધિપૂર્વક આરાધના કરી તેનો લાભ પ્રાપ્ત કરી શકે છે. તેથી તે પ્રત્યે કોઈનેય ગમે તેમ વર્તવાનો કે કરવાનો અધિકાર નથી, કોઈને હોય શકે નહીં આપી શકાય નહીં. આમ હોવાથી જૈન ધર્મના અનુયાયીઓએ તેમાં સીધી દરમિયાનગીરી કરવાની હોય છે. જરૂરી હોય તો ભકિતપૂર્વક સહાનુભૂતિ ધરાવવાની બીજાની ફરજ હોય છે. દરમિયાનગીરી કોઈ કરી શકે નહીં.

(૯) આગળ વધીને વિચારીએ તો સર્વધર્મ એક ધર્મમાં સમાવી દેવાય એવો પ્રસંગ આજના કાયદા, પ્રચાર તથા નવસર્જન, પરિવર્તન વગેરેથી આવી જાય ત્યારે શ્રી ગિરિરાજનું શું ? "તે ધર્મવાળા સંભાળે ?" તેઓ શી રીતે વિધિપૂર્વક સંભાળી શકે ? આ પ્રશ્ન પણ વિદેશીઓએ વિચાર્યો હોય એમ લાગે છે. તે વખતે ભારતભરમાં બહુમતના આધાર ઉપર વ્યાપક બનેલો ખ્રિસ્તી ધર્મ ચાલતો હોય અને તેમ કરવાની યોજનાઓ ભારતમાં આવેલા હાલના પોપના કેટલાક ઉદ્ગારો ઉપરથી સમજી શકાય તેમ છે.

(૧૦) "તેથી તે વખતે ભારતમાં આદિપુરુષ કોણ ?" આ પ્રશ્નનો જવાબ પણ તેઓએ વિચારી રાખેલો હોય તેમ જણાય છે. તે વખતે સેન્ટ થોમસને આદિ પુરુષ તરીકે જાહેર કરવાની યોજના હોય એમ જણાઈ આવે છે. મદ્રાસ પાસેના માઉન્ટ થોમસ નામના પહાડ ઉપર સેંટ થોમસની કબર છે. સેન્ટ થોમસ ઈશુના પહેલા કે બીજા સૈકાની આસપાસના સમયમાં થઈ ગયા હોવાનું કહેવાય છે અને તેનું મૃત્યુ હાલમાં માઉન્ટ થોમસ નામના ગણાતા પહાડ ઉપર થયું હતું.

તેથી ''માઉન્ટ થોમસ'' ખ્રિસ્તી ધર્મનું ભારતમાં મોટું તીર્થ અને સેંટ થોમસ આદિપુરુષ. એ પ્રમાણે ભવિષ્યના વખતના લોકોમાં જણાવવાની યોજનાઓ થતી જણાય છે. ભારતમાં હજારો વર્ષ દરમિયાન ઘણી જાતના ઘણા મુસાફરો આવી ગયા હશે, પરંતુ આજે ખ્રિસ્તી પ્રજા માતબર થવાથી તેને મોટું સ્વરૂપ આપવા લલચાય એ સમજી શકાય તેવી બાબત છે.

(૧૧) કેમ કે ભારતનો ઇતિહાસ આજે ગાંધીજીથી શરૂ થતો ગણાવવાની તેઓની ખાસ ગોઠવણ ભાસે છે. એ માટે એક વર્ષ સુધી તેમની શતાબ્દી ઊજવવાની યોજના યુનેસ્કો સંસ્થાએ યુરોપ-અમેરિકા વગેરેમાં રખાવી છે. ત્યાં સુધીમાં એવી સ્થિતિનું સર્જન થઈ જાય કે હવે પછીની ભારતની પ્રજા પણ પાછળનો ઘણો ખરો ઇતિહાસ ભૂલી જાય.

ઘણો ખરો તો આજે ભુલાયો છે અને જે કાંઈ છે તે પણ ઘણી વિકૃત સ્થિતિમાં સમજાવાયો છે તથા તે પણ હાલની ઊછરતી પ્રજાના ખ્યાલમાં બરાબર નથી રહેવાનો.

શ્રી ગાંધીજીની શતાબ્દી પછી કેવી સ્થિતિ થશે ? તે વિશે આજથી કાંઈ કહેવું મુશ્કેલ છે. કલ્પના પણ કરવી કઠણ છે. એક વર્ષ સુધીની શતાબ્દી ઊજવવાનો યુરોપનો હેતુ સામાન્ય તો ન હોય, અતિગંભીર હોય એ સહેજે સમજી શકાય તેવી વાત છે.

ભારત દેશ રીતસર યુરોપ-અમેરિકાની પ્રજાનો જ બની જાય તેવી સ્થિતિમાં મુકાઈ ગયો છે. હવે તેનું પુરું પ્રત્યક્ષીકરણ જ બાકી છે.

(૧૨) નહિતર, જેણે બ્રિટિશોને ભારતમાંથી વિદાય અપાવી, તે ગાંધીજીની મૂર્તિને ઇંગ્લૅંડના જ વડા પ્રધાન ઉમળકાભેર ખુલ્લી મૂકે અને તેની અસરથી સમગ્ર યુરોપના દરેક દેશોમાં તેમના વિષેનાં પ્રદર્શનો અને ઉત્સવો થાય એ શું સૂચવે છે ? આ દેશની હાલની ઢબની ઉન્નતિ (બહારની) તે પ્રજાના હિત માટે જ થાય

છે. આ સત્ય છે. અર્થાત્ તે પ્રજાને ભારતમાં સ્વરાજ્ય મળ્યું છે અને ભારતની સ્થાનિક પ્રજાને માટે ભારત પરદેશી ભૂમિ રૂપ બનતો જાય છે. લાક્ષાગૃહ રૂપ છે.

(૧૩) તેથી બૅરિસ્ટર કક્ષાના એક શિક્ષિત એ ભારતવાસી તરફથી તે દેશોને અને તેની પ્રજાને આ દેશમાં કેટલા બધા ફાયદા થવાના હશે ? જેથી એક વર્ષ સુધી જન્મ શતાબ્દી ઊજવવાનું તેઓએ રાખેલ છે.

ભારતવાસીઓના સ્વરાજ્યને બદલે આ દેશમાં હક્કપૂર્વક ભવિષ્યમાં વસવાટ કરી શકાય, ભવિષ્યમાં પોતાને અનુકૂળ આવે તેવી આ દેશની ઉન્નતિ કરી શકાય તેવું તે પ્રજાના ભલા માટેનું સ્વરાજ્ય સ્થપાય, તેના જેવો આનંદનો એ પ્રજા માટે બીજો કયો પ્રસંગ હોઈ શકે ?

કોઈ પણ દેશના રાજ્યને બદલે સંપૂર્ણ માલિકી મળી જાય, તેનાથી વિશેષ લાભ બીજો કયો જોઇએ ? તેથી એક વર્ષનો તો શું, પણ દશ વર્ષ સુધી ઉત્સવ ઊજવે તોપણ તે પ્રજાને તો ઓછો જ પડે ને ?

એટલે હવે પછીની ભારતીય જનતા મોટે ભાગે ભારતનો પાછલો ભવ્ય ઇતિહાસ ભૂલી જાય, તેમાં કશું આશ્ચર્ય જણાતું નથી. પોતાને આર્ય પ્રજાજન કે હિંદુ પ્રજાજન કે જૈન ધર્મી વૈષ્ણવ ધર્મી વગેરે તરીકે પણ ભૂલી જાય તેવી સ્થિતિ પ્રયત્નોપૂર્વક સર્જાતી જાય છે.

(૧૪) ફાધર ફેરર વગેરે ભારતની ભવ્યતા પાછી લાવવાની વાત કરે છે. તેનો સાચો અર્થ આ છે કે "આ દેશમાં તે શ્વેત પ્રજા વસવાટ કરે ત્યારે આ દેશ, અનેક આયોજનો થવાથી, આજના અમેરિકા કરતાં પણ વધારે સમૃદ્ધ અને ભવ્ય થતો ગયો હોવામાં શી શંકા રહે છે ?"

અને એ રીતે ભારત દેશ ભવ્ય આયોજનોથી ક્રમે ક્રમે તેમ થતાં પ્રાચીન ભવ્યતા પ્રાપ્ત કરી રહેશે.

એ અર્થમાં આજે તેઓ કહી શકે છે. ''પ્રભો! જેવું હતું તેવું ભારત બનાવી દે.'' એ રીતે ફરીથી તેવું બને, એટલે કે ''શ્વેત પ્રજા માટે તેવું બને'' આ તેનો ભાવાર્થ છે.

(૧૫) તે વખતે તે વખતની પ્રજા સામે આદિ ધર્મ પુરુષ તરીકે સેંટ થોમસને ગણાવવાના છે. તેની પૂર્વતૈયારી આજથી જ શરૂ છે. લગભગ ૧૫૪૧માં ભારત આવેલા સેંટ ઝેવિયરે હાલના ખ્રિસ્તી ધર્મના પ્રચારનો મજબૂત મોટો પાયો નાખ્યો, તેમ છતાં તા.૨-૧૨-'૬૪ના રોજ સેંટ થોમસના પોસ્ટનાં કવરો બહાર પડાયાં કે જે વિષે પોપ ભારતમાં આવ્યાં એટલે ભારતના તે આદિ ખ્રિસ્તી, તે ઉપરથી દૂરના ભવિષ્ય માટે ભારતના આદિપુરુષ તે જ આ સંકેત જણાય છે.

''તે વખતે શ્રી આદિશ્વર ઋષભદેવ પ્રભુનું નામ કે તે ગિરિની મહત્તા કોઈનેય યાદ ન હોવી જોઈએ. ધ્યાનમાં ન આવવી જોઈએ.'' જુદા માણસો, જુદો ધર્મ, જુદા આકારનો દેશ ને તેનો ઘાટ જુદો થયો હશે. ભારતના આદિપુરુષ તરીકે સેંટ થોમસને ઓળખાવવા હશે. માટે તેના નામને ગાજતું કરવાની શરૂઆત કરવામાં આવતી જણાય છે.

(૧૬) હાલના પોપ આ દેશમાં આવ્યા ત્યારે તેમણે જે ચાંદો વહેંચ્યા છે તે જોયેલા નથી, પરંતુ સાંભળવા પ્રમાણે તેમાં એક બાજુ-ખાસ તો વિશ્વભરમાં નવસર્જન માટે રોકાયેલા લગભગ ૫૫ બિશપોને હાલના પોપ આશીર્વાદ આપતા હોય તેવું દૃશ્ય છે અને એક બાજુ સેંટ થોમસ અને કદાચ તેના સ્મારકની આકૃતિ છે. આનો દૂરગામી આશય મર્મજ્ઞ વિદ્વાનો સમજી શકે તેમ છે. એમ હોય તો તે ચાંદનું ઘડતર ખૂબ વિચાર્યા પછી કરવામાં આવ્યાનું કહી શકાય તેમ છે.

(૧૭) તા. ૨-૧૨-'૬૪ના રોજ હાલના પોપે જ પોતાની માલિકીનાં વર્ષોથી બનાવાયેલા અને વિશ્વના ધર્મપુરુષાર્થના કેન્દ્રભૂત

ભારતની પહેલવહેલી મુલાકાત લીધી તે જ તારીખના પોસ્ટનાં કવરો સેંટ થોમસ તથા તેમની કબરની છાપ સાથેની ટિકિટ ભારતની પોસ્ટ તરફથી બહાર પાડવામાં આવેલી છે અને હાલના અસાંપ્રદાયિક ગણાવાતા ભારત સત્તા તંત્રે તેને એટલે કે તેમના કાર્યને ઘણો સહકાર આપ્યો છે, કેમ કે ભવિષ્યમાં વિશ્વના એક ધર્મ તરીકેનું તે ધર્મને ભારતમાં પણ સ્થાન પ્રાપ્ત થવાનું હોવાથી તે ધર્મ સંપ્રદાય ન હોવાથી ને "ધર્મ" હોવાથી તેને ટેકો આપવો ભારતના નવા બંધારણ અનુસાર યોગ્ય ગણાવી શકાય.

પોપ પાસપોર્ટ વિના ભારતમાં આવ્યા હતા, કારણકે તેની સત્તા અમાપ છે ને ઘણી બાબતોના નિયંત્રણોથી તે પર છે.

(૧૮) કેમ કે ભારતને તેઓ પોતાનો જ દેશ માને છે, ભારત સત્તા તંત્રને પોતાનું જ સત્તા તંત્ર માને છે. તેથી તેના પ્રમુખને, પોતાના મહાન વિશ્વસામ્રાજ્યના એક ભાગના વડા તરીકે માને છે અને તે સંબધે તેમને "દેવદૂતના સોનેરી લશ્કરના સરદાર" તરીકેની પદવી કે ઉપાધિ આપેલી છે વગેરે એ દિશાનું ઘણું ઘણું જાણવા જેવું મળે છે. તેથી શ્રી શત્રુંજય તીર્થની બાબતમાં બીજા કરતાં કાંઈક જુદું જ ભવિષ્ય જણાય છે.

(૧૯) બીજું બધું ગમે તે અને ગમે તેટલું હોય, તે જવા દઈએ, પરંતુ શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર ભાવિ સંજોગોના સર્જનના પ્રાથમિક કાર્યરૂપ આ હોટેલ કરવાનો કાર્યક્રમ છે એમ સમજવામાં કશી હરકત જણાતી નથી.

(આ હોટેલ કરવાનું હાલમાં બંધ રાખ્યાના સમાચાર આવી ગયા છે) પરંતુ તેથી ભવિષ્યમાં કરવાના રાખેલા મૂળ ધ્યેયો બદલાયા હોવાનું માની શકાય નહીં. વખત જવા દેવામાં આવે અથવા કોઈ બીજી બાબત કરવાનું રખાય. પગથિયાં પૂરી સહાનુભૂતિથી થવા દીધાં છે, કળા-કારીગીરી ખુલ્લી કરવાની પ્રેરણા તથા સહાનુભૂતિ ધરાવી છે. તે દરેકની પાછળ આ ધ્યેયો ન હોવાનું માની શકાય

તેમ નથી, કેમ કે - હાલનું વહીવટી તંત્ર તેની સત્તાના અનુસંધાનમાં છે.

(૨૦) ગુજરાત રાજ્યના આજના સંચાલકો કે પ્રધાનોના ખ્યાલમાં આ હોવું સંભવિત નથી અથવા ઓછું સંભવિત હોય, કેમ કે તેઓ તો બદલાતા રહે છે. વહીવટ ભલે ચાલુ હોય છે. ખરી રીતે યુનેસ્કો, સંસ્થાનું પ્રચાર કાર્ય તથા વહીવટ મુખ્યપણે આવી બાબતોમાં કામ કરતો હોય છે. તેથી તેનાં દફતરોમાંથી પણ ખુલ્લેખુલ્લું તો કદાચ ન મળે, પણ ઊંડી તપાસ કરવામાં આવે તો જરૂર કાંઈક તો મળી આવે ખરું. ભારતના વર્તમાન તંત્રને ઘણી ખરી પ્રેરણાઓ વગેરે તો બહારથી જ મળતી હોય છે એ જાણીતી વાત છે.

(૨૧) ''કોઠારી શિક્ષણ કમિશન વગેરેમાં તે પ્રજાનો કે તેની કોઈ સંસ્થાનો હાથ નથી'' એમ કોઇથીય કહી શકાય તેમ નથી. યુનેસ્કોએ તેમાં પણ સીધો કે આડકતરો રસ લીધો હોવાનું પ્રમાણ મળી આવે છે.

(૨૨) મદ્રાસ રાજ્યની મારફત-મદ્રાસ રાજ્યમાં આવેલા ખાસ કરીને વૈદિક ધર્મનાં મોટાં મોટાં પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધાર કરવા માટે યુનેસ્કો સંસ્થાએ ૧૭ થી ૧૮ કરોડ રૂપિયા ખર્ચવા માટે આપવાની જાહેરાત કરીને જણાવ્યું હતું, ઘણે ભાગે મદ્રાસ રાજ્યે તેનો સ્વીકાર કર્યો હોય તેમ જણાય છે.

અસ્વીકાર કર્યાનું જાણ્યું નથી, કેમ કે ઊંચા પ્રકારની લાલચથી દોરવાઈ જવાની આપણી ભારતીય પ્રજાની મનોવૃત્તિ પહેલેથી ઘડાયેલી છે. એ પ્રમાણે મથુરાના ઘાટ વગેરે માટે લગભગ ૯૨ લાખ ખર્ચવાના સમાચાર વાંચવામાં આવ્યા હતા.

(૨૩) આ ઉદારતા ત્યાંની ધાર્મિક પ્રજાના મન ઉપર આજે કેટલી બધી અસર કરે ? અને ભવિષ્યમાં લગભગ એકાદ પેઢી બાદ યુનેસ્કો સંસ્થા કેટલી હદ સુધી તે ધર્મસ્થાનો વગેરેમાં પોતાની લોકપ્રિયતા

પ્રવેશાવી શકેલ હશે ? ખરી રીતે તે મંદિરો પણ યુનોના સામ્રાજ્યના પોતાના જ માની પોતાનાં રાજ્યના પોતાના મંદિરોના જીર્ણોદ્ધાર કરાવે એ પણ સ્વાભાવિક જ ગણે; તેનું ભાવિ પરિણામ શું ?

(૨૪) માઉન્ટ થોમસની બાજુના પ્રદેશને આજે જુદો પાડી ખ્રિસ્તી પ્રદેશ તરીકે જાહેર કરવાની માગણીની વાત ક્યારેક છાપામાંથી વાંચી હતી.

(૨૫) નવા નવા શહેરોમાં બહારના અને કેટલાક ભારતના જુદા જુદા દેશોના સ્વરૂપે સજ્જન જણાય તેવા લગભગ પચાસ હજાર લોકોને માટે (એરોવીલા) શહેર બંધાવાયું છે ને તેવા નવા નવા અદ્યતન ઢબના શહેરને નામે બંધાતાં રહેશે, ઘણે ભાગે ચંડીગઢ, પંજાબમાં કલ્યાણ નગર કે એવા નામનું બંગાળમાં વગેરે નવા શહેરો બંધાયાં છે.

એવા તો કેટલાય ગુપ્ત પ્લાનો ક્યાં ક્યાં કરાતા હશે અને તક આવી જતાં સ્થાનિક સરકારોનો ટેકો લઈ તે પ્રમાણે કાર્ય કરાતાં જતાં હોય છે.

(૨૬) છાપામાં એ ભાવનું વાંચવામાં આવ્યું હતું કે ''માઉન્ટ થોમસને પવિત્ર ધર્મસ્થાન માનીને તેની ઉપર જનારા ખ્રિસ્તી ધાર્મિક લોકો પણ સારી રીતની પવિત્રતા જાળવીને ચડે છે.'' જે શત્રુંજય તીર્થ ઉપર જળવાતી પવિત્રતાના અનુકરણરૂપ કેટલીક બાબતો હોય એમ સ્મરણમાં આવ્યું. આ ઉપરથી તુરત ''શ્રી શત્રુંજયને સ્થાને તેને ભવિષ્યમાં ભારતમાં આદિ તીર્થ ગણાવવાની ધારણા કેમ ન હોય ?'' (જુઓ ૨-૧૨-'૬૪નાં પોસ્ટનાં કવરો, ઉપરના સ્ટૅમ્પો, પોપે અહીં વહેંચેલા બિલ્લાઓ.)

અને એક વાર મદ્રાસ જવાનું થતાં તે પહાડ તરફ જવા ગાડીમાં રવાના થવા છતાં ભૂલથી બીજી ગાડીમાં બેસી જવાયું હોવાથી પાછા આવતાં રાત પડી ગઈ ને બીજે દિવસે મદ્રાસ છોડવાનું હતું તેથી ત્યાં જોવાનું ન બની શક્યું.

''ખ્રિસ્તી ધર્મના ભક્તો માઉન્ટ થોમસ પર્વત ઉપર ખૂબ પવિત્રતા જાળવીને ચડે છે'' વગેરે વાંચવામાં આવ્યું હતું અને શત્રુંજય જેવી પવિત્રતા જાળવી ચડતા હશે ?'' વગેરે વિચારવામાં આવ્યું હતું, તે ઉપરથી તે જોવા જવાનું મન થયું અને શત્રુંજયની પવિત્રતાને કદાચ ધક્કો લાગે, તેવી શંકા મનમાં જાગી હતી. પછી તો ઘણી બાબતોનાં પ્રમાણો મળતાં ગયાં.

(૨૭) ત્યાં તેઓ પોતાના પ્રથમના ધર્મગુરુના સ્થાનને પવિત્ર માનીને તેની પવિત્રતા સાચવે, તેમાં કાંઈ આપણે તેને ખોટું કામ માનવાનું કારણ નથી, પરંતુ ક્યાં શ્રી ગિરિરાજની સ્વતઃ અનાદિ અનંત કાળની પવિત્રતા ? ક્યાં જગતના આદિ મહાપુરુષ શ્રી ઋષભદેવ પ્રભુ ? ક્યાં તેનું તીર્થંકરપણું ? ક્યાં તેમનું ૯૯ વાર એ ગિરિરાજ ઉપર પધારવું ? કયાં તેમની ઉપર અનંત અને સંખ્યાતીત મહાત્મા પુરુષોનું મોક્ષગમન ? વગેરે. તેને ભવિષ્યમાં દબાવી દેવાનું ગોઠવાય, તો એ અત્યંત ખોટું કામ. વિકાસની પાછળ આ બધું હોય તો ?

(૨૮) ભારતના વિકસેલા ઉચ્ચ કક્ષાનાં ધર્મો, તીર્થો, મહાપુરુષો વગેરેને ધીમે ધીમે નવી પ્રજા આગળ ઉતારી પડાતાં જવાય ને જગતને તે ભુલાવી દેવા સુધી જવું એ કેટલો બધો અન્યાય ? કેટલી અજ્ઞાનતા ? કેટલું બધું પાપ ? કેટલો બધો જુલમ ? વગેરે સમજવા જેવું છે. માટે તે બાબતોનો ઉલ્લેખ કરવો જરૂરી થઈ પડેલ છે.

(૨૯) જગતની સારી બાબતોને ટકાવી રાખી, નવી સારી બાબતો થાય, તે વાંધા ભરેલું ન ગણાય, પરંતુ ભારતના મહાપુરુષોએ પરાકાષ્ઠાએ પહોંચાડેલી બાબતોને પોતાના નાના સ્વાર્થો ખાતર છિન્નભિન્ન થવા દેવી, હલકી પાડવી, તેના આદર્શો ભવિષ્યના માનવોની સામેથી ખેંચી લેવરાવવા - દૂર કરાવવા, તેમાં શું સારું કર્યું ગણાય ? તેમાં શી પ્રગતિ કરી ગણાય ?

ખરી રીતે તો તે ઊંચા આદર્શોનું ખૂબ બહુમાન કરવું જોઈએ. માનવજાતના ભલા માટે તેને ટકાવી રાખવા જોઈએ. આ સાચો માર્ગ છે. તે વિના બીજું બને તો આ મહાતીર્થની કેટલી બધી આશાતના થાય?

(૩૦) જો ઉપર જણાવ્યા પ્રમાણે તેને ઢાંકી દેવરાવવાનું થાય તો આ મહાતીર્થની કેટલી બધી મહાઆશાતના થાય? અને માનવજાતનું કેટલું બધું પતન થયું ગણાય?

અને તે પાપનાં પરિણામો તે થવા દેનાર ભારતની પ્રજાને પણ કેટલી હદ સુધીના ભોગવવા પડે? ને ત્યારે તેની શી દશા સંભવિત બની રહે? *ત્યારે તેનું આધ્યાત્મિક કે બીજી રીતે સાંસ્કૃતિક* જીવનનું કેટલું બધું પતન થયું હોય, જો આમ બને તો?

ઇચ્છીએ કે કોઈ મહાપુણ્યબળી મહાપુરુષ જાગે ને આ મહાપાપથી ભારતવાસીઓને, સૌ માનવબંધુઓને અને પ્રાણીઓને બચાવે એવી હાર્દિક ભાવના કરીએ, કરવી જોઈએ, કેમ કે ''પુણ્યે પાપ ઠેલાય''. આપણે પણ આપણું પુણ્ય બળ વધારીએ, જીવનની પવિત્રતા ટકાવી રાખીએ, ધર્મના નિર્દંભ વફાદાર બનીએ.

(૩૧) હાલના પોપ ભારત આવ્યા ત્યારે શ્રી શત્રુંજય મહાતીર્થના ફોટાઓનું આલબમ સાથે લેતા ગયા છે. તે ગુજરાતના ગવર્નરે (શ્રી મહેંદી જંગ તે વખતે ગવર્નર હતા) તેમને અર્પણ કર્યું હતું ને સાંભળવા પ્રમાણે ઘણે ભાગે શ્રી આ. ક.ની પેઢીએ તે તૈયાર કરાવ્યું હતું. (છતાં કદાચ બીજી ગમે તે રીતે તૈયાર થયું હતું, પૂરી માહિતી નથી) જે પેઢી ફોટા પાડવા ન દે, તે આલબમ તૈયાર કરાવે ને આ રીતે બીજાને આપવા દે એ મનમાં બેસતું નથી, છતાં આજની હવા શું ન કરાવે? તે પણ ચોક્કસ કહી શકાતું નથી, તો પછી આજની હવા આગળ પેઢીનું ટકી રહેવાનું ગજુંય શું?

(૩૨) તે આલબમનો ખૂબ ઝીણવટથી ત્યાં અભ્યાસ થાય, ઉપરાંત સ્થાનિક નકૂશાઓ પણ તેમને સુલભ હોય છે અને દૂર દૂરના

કાર્યક્રમો પણ કદાચ ગોઠવાય. તેથી આટલા વિસ્તારનો સાર એ છે કે હોટેલ તે બીજ રૂપ છે, તે એક બહુ નાની બાબત છે. તેની પાછળ કેવા કેવા કાર્યક્રમોની હારમાળાની સંભાવના અને શક્યતા હશે? તે બધી આજે આપણાથી શી રીતે સમજી શકાય તેમ છે? આ તો માત્ર તેનો ખ્યાલ આપવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય આગળ જતાં આ તીર્થ ઉપર રૂપિયા ૨૫ લાખ ખર્ચનાર છે. એ જાહેરાત પહેલાં વાંચવામાં આવી હતી, પરંતુ ગુજરાત રાજ્યના દફતરમાં એ બધું દાખલ થયું હશે અને ક્રમે ક્રમે એ બહાર આવી બધું થયા કરશે, કોણ કરશે? તે આજથી કહી શકાય નહીં, પરંતુ દફતરે દાખલ કરેલી યોજના "અમલમાં ન જ આવે" એમ ખાતરીથી કહી શકાય નહીં. હમણાં વળી "ગોચરની જમીનમાં હાડકાંમાંથી ખાતર બનાવવાનું કારખાનું નાખવા"ની વાત છાપામાં આવી છે. આ વળી શું? ને કેવી વાત?

(૩૩) પરંતુ આજે ગુજરાત રાજ્ય તે કરનાર ગણાય એ સ્વાભાવિક છે. સ્થાનિક લોકો પાસેથી હોટેલ કરવાની અરજી લેવી, તેના પ્લાનો વગેરે કરવા, સ્થાનિક સત્તાવાળાઓ અને ખાતાવાળાઓને ગુજરાત સરકારના તે ખાતાના પ્રધાન તરફનો ઑર્ડર થવો વગેરે પણ જોકે નાની બાબતો છે. એ કાંઈ મહત્ત્વની બાબતો ન કહી શકાય, બીજા લોકોને આજુબાજુની સમજ ન પણ હોય, તેથી બિનઅનુભવી લોકોની હોટેલ કરવાની અરજી ઉપરથી જ રાજ્ય આ પગલું ભરે તે પણ સંભવિત જણાય છે. રાજ્ય કાં તો અરજી કરનારાઓની માફક ધર્મનું મહત્ત્વ સમજતું કે સ્વીકારતું ન હોય, કાં તો કોઈ ખાસ મહત્ત્વનું બીજું કારણ હોય.

જૈન ધર્મની અને જગતના કલ્યાણના કેન્દ્રભૂત આ મહાતીર્થની જે અપૂર્વ મહત્તા છે તેની અને તેની પવિત્રતાની રક્ષા કરવાની ફરજ છતાં રાજ્યની બીજી ફરજને હિસાબે હોટેલ કરવાની અરજી લેવાય વગેરે બાબતોની શું બહુ કિંમત હોય છે? પરંતુ તેવી બાબતોનો અમલ કરવા એકાએક દોરાવું, એ વિચિત્ર તો ખરું જ.

(૩૪) હાલનું શિક્ષણ લીધેલા અને આજના રાજકાજમાં પડેલા આપણા દેશના યુવાન ભાઈઓને કદાચ અનુભવ ન હોવાથી આવી બાબતોની મહત્તા બહુ ન પણ ગણતા હોય. છતાં ખાતાની રૂએ પ્રધાનો કે અમલદારોને પોતાની ફરજ બજાવવી પડતી હોય તો લાચાર થઈને બજાવવી પડે, પરંતુ રાજ્યનું તો યોગ્ય બાબતો તરફ તેઓએ અવશ્ય લક્ષ્ય ખેંચવું જોઈએ જ, કેમ કે સંસ્કૃતિબદ્ધ ભારતની પ્રજાનું એ વારસાગત ખમીર હોય છે.

તેને અંગત ફાયદા તો બે સિવાય ત્રીજો નથી હોતો. (૧) પગાર કે ભથ્થાં મળતાં હોય અને (૨) પ્રતિષ્ઠા કે માનપાન મળતાં હોય, પણ તેવી બાબતોને આ મહાતીર્થની પવિત્રતાની રક્ષાની મહત્તા જેટલી મહત્તા આપતા હોય તેમ હજુ ભારતની આર્ય પ્રજાના પુત્રો માટે માની શકાતું નથી.

હા, બહારના લોકોની પોતાના ઉદ્દેશો અને આદર્શો પાર પાડવાની અસાધારણ મક્કમતા હોય છે, તેમાં બેમત નથી. એ પ્રજા પોતાનાં ધાર્યાં કામ ગમે તે રીતે પાર પાડવામાં ખૂબ મક્કમ હોય છે.

(૩૫) ગમે તે માનવો આ કામમાં ગમે તે રીતે ભાગ લેતા હોય, પરંતુ તેમાં અસાધારણ મહાપાપ છે. તેની કોઈથીય ના પાડી શકાય તેમ નથી અને તેનાં પરિણામો કાંઈક લાંબે કાળે પ્રજાઓની, પ્રજાઓના વિનાશ સિવાયના બીજી કલ્પનાઓમાં આવી શકતાં નથી, કેમ કે આટલી હદ સુધીની મનોવૃત્તિ થયા વિના આ જાતના વિચાર મનમાં આવે નહીં.

આવી મહાહિંસા થાય અને જગતમાં એક જ રંગના માનવો રાખવાના આદર્શોથી બિચારા બીજા રંગના માનવો તે વખતના સંજોગો અનુસાર અણુબૉમ્બ કે બીજાં સાધનોથી, શોષણથી થતી ગરીબી વગેરેથી હિંસાના ભોગ બની જાય તો તેના પાપની માફી શું ઈશુ ખુદ, પોતે પણ આપી શકશે ?

પાપની માફી એમ તદ્દન સહેલી નથી હોતી. પાપ અજાણપણે થયું હોય ને પૂરો પસ્તાવો થાય તો માફ થાય છે, પણ જમણે ગાલે તમાચો મારનારની સામે ડાબો ગાલ ધરવાનું કહેનાર ઈશુની આજ્ઞા પ્રમાણે આવા મહાપાપ કરવામાં આવતાં હોય, તે ત્રણ કાળમાં પણ સંભવિત જણાતું નથી. એ બની શકે પણ નહીં. ઈશુએ સર્વ દેશના માનવોને ધર્મ પમાડવા કહ્યું છે. તેનો અર્થ ધર્મ ન પામેલાઓને ધર્મ પમાડવાનો છે. નહીં કે ધર્મની ઉચ્ચ કક્ષાએ પહોંચેલાઓને ત્યાંથી નીચે ઉતારવાનો અર્થ છે. તુચ્છ અને ટૂંકી બુદ્ધિના તથા કામક્રોધાદિથી ઘેરાયેલી બુદ્ધિના માનવોનું એ કામ છે. તેથી તેની આજ્ઞાથી વિરુદ્ધ જઈને મહાપાપના પાયા નખાય, તેવાં કામોમાં તેની સંમતિ, આજ્ઞા વગેરે હોય જ કેમ? અને તેની માફી પણ તે શી રીતે આપી શકે? કે આપી શકશે? ભલેને ગમે તેવી લાંબી લાંબી પ્રાર્થનાઓ કરવામાં આવે.

(૩૬) આ સર્વ માનવજાતિએ ખાસ વિચારવા જેવું છે "સર્વ રંગના માનવો જગત ઉપર ટકી રહે ને જીવે" તેવી રંગભેદની નીતિ મહાપુરુષોએ નકારી નથી. અર્થાત્ રાખી છે. તેને ઉડાડી દઈ એક જ રંગના માનવોને ટકાવવાનો આદર્શ સફળ કરી એક જ રંગની માનવપ્રજા રાખીને માનવીય એકતા કરવી તે કઈ રીતે ન્યાયપૂર્વકની ગણી શકાય તેમ છે?

(૩૭) તે માટે, (૧) પહેલાં એક જ વિશ્વધર્મ કરવો. (૨) તે માટે તેનીય પહેલાં સર્વ કોમ ભેદ દૂર કરવા ને હિંદુ, મુસલમાન, ઇઝરાયલ વગેરે પ્રજાનાં નામ પણ દૂર કરવા ને એક જ માનવજાત તરીકેનો આકાર આપવો, તે શી રીતે યોગ્ય છે? ને તે પહેલાં સંસ્કારી રંગીન માનવોના જીવનમાંથી ધર્મપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિનું જીવન દૂર કરાવી, પ્રજાને ભૌતિક જીવનને માર્ગે ચડાવી દઈ, પ્રગતિને નામે નિરાધાર સ્થિતિમાં મૂકવી, શું તેમાં પાપ નથી? શું સમગ્ર રંગીન પ્રજાઓ આજની પ્રગતિને શિખરે પહોંચી શકશે જ?

ન પહોંચી શકે, તો સદા રક્ષક સંસ્કૃતિનું જીવન છોડી દેવું પડવાથી ગુલામી સિવાય બીજી શી સ્થિતિ તેને ત્યારે પ્રાપ્ત થઈ હશે?

અથવા અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ એ માનવોની ત્યારે શી દશા થતી હશે ? આજથી આપઘાત, ગૂઢ અનારોગ્ય, અનીતિ, અન્યાય, ગરીબી, બેકારી, ગર્ભપાત, સુખ-મરણ, સંતતિનિયમન વગેરે શરૂ કરવાની સ્થિતિ મોટા પાયા ઉપર સર્જાતી જાય છે. ત્યારે શ્વેત પ્રજાને દશ બાળકો સુધી વધારવાના કે તેથી પણ વધારવા દેવાના પ્રયાસોને વેગ અપાઈ રહ્યો છે.

વસતિ વધે તો શ્વેત પ્રજાને દુનિયાના કોઈ પણ પ્રદેશોમાં વસવાનો હક્ક ને રંગીન લોકોને નહીં.

પોતાના દેશોમાં પણ મર્યાદિત અધિકારો અને તે પણ ઘણાં ઘણાં નિયંત્રણો સાથે, કેમ જાણે કે તેઓ પોતાના દેશમાં (બહારથી આવેલાઓ સિવાય) પરદેશી તરીકે રહેતા હોય - એમ શા માટે કરવું જોઈએ ?

આ બધું ધર્મનું અપમાન, સંસ્કૃતિની રક્ષાની બેદરકારી, મહાપુરુષો અને મહાધર્મસ્થાનો વગેરેની મહાઆશાતનાઓ વગેરેના પરિણામે હોવામાં શી શંકા રહે છે ?

ધર્મનાં બધાં મહત્ત્વનાં પ્રતીકોની જાળવણી બધી બાબતમાં માનવોની રક્ષા કરતી હોય છે.

અને તેથી એ તત્ત્વો માનવોનું પતન ન થવા દેતાં માનવોને પોતપોતાને યોગ્ય સ્થાને અગમ્ય રીતે જાળવી રાખતાં હોય છે.

તેમાં ખામી આવવા દેવાથી, નબળાઈ વધારે અને નબળાઈમાં વધારે દોરવીને વિનાશનો સ્વાદ ચખાડે તેનો ઇનકાર શી રીતે કરી શકાય ?

# ઇતિહાસની કાંઈક ઝાંખી

ભૂતકાળમાં આપણે તે તીર્થો માટે કેસો કરવા પડેલા છે. તે વખતે આપણા આગેવાનોને શી માલૂમ પડે કે ''ભવિષ્યમાં ધર્મ ક્ષેત્રમાં દરમિયાનગીરી કરવાની ચાલ છે.''

''આંતરિક રીતે તીર્થો વગેરેને પોતાની માલિકીના માની લેવા ઉપરાંત તે માલિકીના પ્રત્યક્ષીકરણ કરવાનાં બીજો રોપવા માટે યુક્તિપૂર્વક પક્ષકારો ઊભા થવા દઈ, ત્રીજા પક્ષકાર તરીકે પ્રવેશી જઈ, પોતાની માલિકી હોવાનું દેખાડવાની ધારણાઓ પાર પાડવામાં આવતી હોય છે.'' તેની કલ્પના પણ ત્યારે કેમ આવે ? ''વાદી પોતે, પ્રતિવાદી પોતે, જજ પણ પોતે અને જજમેન્ટ પણ ખરી રીતે પોતાના પક્ષ તરફનું'' આ અદ્ભુત ખૂબી ભરેલી તે ઘટનાઓ છે.

આવું કદી જગતમાં બન્યું નથી, તેની કલ્પના પણ તે સરળ મનના લોકોને શી રીતે આવે ? એ બધા કેસો એ હેતુ માટે રાજદ્વારી કુનેહથી ઊભા કરાવાયા હતા અને આજે પણ એ જ બીજી રીતે ચાલતું હોય છે, પરંતુ હવે ચેતીએ તો ઘણું સારું.

# આધ્યાત્મિક વિકાસ સાધવામાં સહાયક શત્રુંજય તીર્થનો થનારો અસ્ત, અને તીર્થની પવિત્રતા ડૂબાડનાર અદ્યતન પર્યટન સ્થળનો થનારો ઉદય

**યાત્રાળુઓને સગવડો પૂરી પાડવાના બહાનાથી શત્રુંજય તીર્થના એક એક પવિત્ર કણની પવિત્રતા જોખમમાં ન મૂકાય. તીર્થની પવિત્રતાનું રક્ષણ મહત્ત્વની ફરજ છે, યાત્રાળુઓને સુવિધાઓ પૂરી પાડવાની ફરજ નથી.**

ચંપકલાલ : હાશ! હવે દર વર્ષે શત્રુંજય તીર્થની યાત્રા કરવાની લીધેલી પ્રતિજ્ઞાના પાલનમાંથી છૂટકારો મળશે.

મગનલાલ : અરે ચંપકલાલ! એમ કેમ બોલ્યા?

ચંપકલાલ : હવે શત્રુંજય તીર્થ પર્યટન સ્થળમાં ફેરવાઈ જવાનુંછે, અને મારે શંત્રુજય તીર્થની યાત્રા કરવાની પ્રતિજ્ઞા છે, પર્યટન સ્થળની યાત્રા કરવાની પ્રતિજ્ઞા નથી.

મગનલાલ : પર્યટન સ્થળમાં તીર્થનું રૂપાંતર થવાથી શું થાય?

ચંપકલાલ : ત્યાં પર્યટકોને તમામ પ્રકારની સુવિધાઓ મળે. જેવી કે મોટરકારો ગિરિરાજ ઉપર જઈ શકે તેવી સગવડો, હેલિકોપ્ટરો ઉતરવાનીસગવડો, આરામગૃહો, રેસ્ટોરન્ટસ વિગેરે પ્રકારની તમામ આધુનિક સગવડો મળે. ઉપર ચડવા માટે રોપ-વેની સગવડો પણ મળે. પર્યટકો એવી માગણીઓ હક્કથી કરી શકે.

કારણ કે સરકારે પાલીતાણાને પર્યટનના નકશા ઉપર મૂક્યું છે, અને પર્યટકો તે જોવા આવવા માટેની રકમો ચૂકવીને આવતા હોય છે. વળી પર્યટકોને તે સ્થળોમાં આકર્ષવા માટે સરકારે પણ ઉપર મુજબ સુવિધાઓ પૂરી પાડવી જ પડે. તેથી પર્યટકોના ટોળેટોળાં ત્યાં ઉતરી પડશે.

મગનલાલ : પણ ગિરિરાજની તથા તેના ઉપરના મંદિરોની પવિત્રતા તો પર્યટકો જાળવશે ને ?

ચંપકલાલ : શા માટે જાળવે ? તેઓ ત્યાં યાત્રાળુઓ તરીકે નથી આવતા. કળા-કારિગિરી જોવા અથવા ફરવા માટે આવતા હોય છે. આજે પણ જેસલમેરમાં ઉપરના મંદિરોમાં ટુરીસ્ટો હાથમાં પાણીની/ બીયરની બાટલીઓ લઈને તથા બિભત્સ પહેરવેશ પહેરીને ફરતા હોય છે, ફોટાઓ પાડતા હોય છે. આપણા મતે તે તીર્થભૂમિ છે, પર્યટકોના મતે મનોરંજનભૂમિ છે. તેથી શત્રુંજય ગિરિરાજના મંદિરોમાં એવું નહીં બને તેની ખાત્રી કોણ આપી શકે ?

મગનલાલ : આપણા વૃધ્ધ સાધુ-સાધ્વીઓ તો તીર્થની યાત્રા કરી શકશે ને ?

ચંપકલાલ : ના. રોપ-વેની સગવડ થવાથી ડોળીવાળાઓ બીજા ધંધાઓમાં જોડાઈ જશે. તેથી ડોળીની સગવડના અભાવમાં વૃધ્ધ સાધુ-સાધ્વી ભગવંતો તીર્થયાત્રાથી વંચિત રહેશે. રોપ-વે નો ઉપયોગ તો તેઓ કરી શકે નહીં.

મગનલાલ : પણ આપણા વૃધ્ધ શ્રીમંતો રોપ-વેની સગવડોનો ઉપયોગ કરીને બે વાર ૯૯ યાત્રા કરી શકશે. એ લાભ મોટો ન ગણાય ?

ચંપકલાલ : રોપ-વેનો ઉપયોગ કરીને ઉપરના મંદિરો સુધી પહોંચાતું હોય, તેને વિધપૂર્વકની યાત્રા કહેવાતી હોય, તો જરૂર એ લાભ ગણાય.

મગનલાલ : પણ આપણા શ્રીમંત નબીરાઓ તીર્થની યાત્રા વારંવાર કરવા નહીં આકર્ષાય ?

ચંપકલાલ : જરૂર આકર્ષાશે. એમને મન યાત્રા એટલે પર્યટન સ્થળનો પ્રવાસ. કોઈ પણ મહાનગરના એરપોર્ટ ઉપરથી વિમાન

પકડીને ભાવનગરના એરપોર્ટ ઉપર ઉતરી શકાશે. ત્યાંથી હેલિકોપ્ટરમાં બેસીને સીધા રામપોળની નજીદીકના સ્થળે ઉતરી શકાશે. ત્યાંથી હસ્તગિરિ-કદંબગીરિ જવા માટેની હેલિકોપ્ટરની કે રોપ-વે ટ્રોલીની સગવડો પણ ઉપલબ્ધ કરાશે. આકાશમાં દેવવિમાનો ઉડતાં હોય એવો દેખાવ થશે. એ પ્રવાસીઓને ભૂમિ ઉપર પગ જ નહીં મૂકવાનો.

મગનલાલ : પણ ગિરિરાજને અદ્યતન પર્યટન સ્થળમાં ફેરવવા માટેનો ગંજાવર ખર્ચ કોણ ઉપાડશે ?

ચંપકલાલ : આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓ એ ખર્ચ પૂરો પાડશે. દેશની જ કોઈ અનધિકૃત સંસ્થાને માધ્યમ બનાવી તેના દ્વારા દાનના રૂપમાં અથવા લોનના રૂપમાં એ રકમ અપાશે.

મગનલાલ : એ દાન/લોન સાથે આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓની શરતો નહીં જોડાયેલી હોય ?

ચંપકલાલ : હોય જ. એ સંસ્થાઓને પોતાના સ્વાર્થો સાધવાના હોય છે. તેથી તેમની નાણાંકીય સહાય શરતી હોવાની જ. તેમનું લક્ષ તીર્થની પવિત્રતા ડૂબાડવાનું મુખ્ય રહેવાનું. તીર્થને પર્યટન સ્થળમાં ફેરવવા માટેની સહાય કરવા પાછળ આ જ ગૂઢ હેતુ હોવાનો/ રહેવાનો.

મગનલાલ : પણ જૈનોના પવિત્ર તીર્થ ઉપર ગંજાવર ફેરફારો કરતાં પહેલાં જૈનાચાર્યોની અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓની મંજૂરી મેળવવી પડે કે નહીં?

ચંપકલાલ : મેળવવી જ પડે. પરંતુ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ કે તેમના જોર ઉપર કૂદતી દેશી સંસ્થાઓ તીર્થરક્ષાના બહાના હેઠળ, પર્યાવરણીય જિર્ણોધ્ધારના બહાના હેઠળ, 'ગિરિરાજની ભૂમિને ખતરો છે' એવો પ્રચાર માધ્યમો

દ્વારા કોલાહલ મચાવીને જૈનાચાર્યોને કે તેમના અધિકૃત પ્રતિનિધિઓને ચૂપ કરી દેવાની ક્ષમતા ધરાવતા હોય છે.

મગનલાલ : મારા ઘરમાં મારી મંજૂરી વિના નાનકડો પણ ફેરફાર કરવા કોઈ માણસ કે સંસ્થા ઘુસી આવે, તો તેને બહાર ધકેલી દઉં. મારાથી તે શક્ય ન હોય, તો પોલિસની મદદથી પણ એવા અનિષ્ટ તત્ત્વોને ઘરની બહાર ફેંકી દઉં. શત્રુંજય જેવા પવિત્ર તીર્થના વિકાસના બહાના હેઠળ શત્રુંજય તીર્થનું રક્ષણ કરનારાઓના - વહીવટ કરનારાઓના અધિકારો ઉપર તરાપ મારવા જેવું આ પગલું ન ગણાય?

ચંપકલાલ : ગણાય જ. જૈનસંઘ જેવા પવિત્ર સંઘના અધિકારો ઉપર તરાપ મારવી- ગમે તે બહાના હેઠળ- એ જ મોટામાં મોટો અપરાધ છે. આખો ડુંગર સુવર્ણથી મઢવો હોય તો પણ તીર્થંકર દ્વારા અધિકૃત એવા જૈનસંઘની મંજૂરી મેળવવી પડે. 'તમારૂં ઘર તૂટી રહ્યું છે' એવો ડર બતાવીને મારા ઘરમાં પ્રવેશ ન કરી શકાય. એવો પ્રવેશ નર્યો સ્વચ્છંદ ગણાય. અને આવો સ્વચ્છંદ કરનારને સ્વશક્તિથી અથવા અન્ય સહાયથી ધુત્કારીને કાઢી મૂકવો જ પડે. સહાયના બહાના હેઠળ કબ્જો લેવાની દાનત હોય છે.

શ્રી શત્રુંજય તીર્થ ઉપર સ્વર્ગ ઉતારવું હોય કે કહેવાતી તીર્થભક્તિ કરવી હોય, તો પણ પ્રથમ જૈનસંઘની ભક્તિ કરવા રૂપ જૈનસંઘની મંજૂરી મેળવવાનો વિનય સાચવવો જોઈએ. નંદનવન બનાવવાના પેંતરા હેઠળ જૈનસંઘના અધિકારો ઉપર ત્રાપ મારનારા સ્વચ્છંદી બળોને ફેંકી દેવા જોઈએ. જેઓ તીર્થસ્વરૂપ જૈનસંઘની ભક્તિ નથી સાચવતા, તેઓ તીર્થની ભક્તિ શું કરી શકવાના? તીર્થની ભક્તિનો ડોળ કરીને તીર્થના વહીવટ ઉપર કબજો મેળવવાની દાનત હોય છે.

આવા સ્વચ્છંદી બળોના માધ્યમ દ્વારા આંતરરાષ્ટ્રીય બળો તીર્થના વહીવટમાં માથું મારવાની તક ઝડપી લેતા હોય છે. આવો ચંચુપાત રોકવા જૈનસંઘે પોતાનું ખમીર બતાવવું જ પડે. તીર્થને બાપિકી મિલકત માનીને તેના ઉપર મનઘડંત સ્વચ્છંદી ફેરફારો ન કરી શકાય. અને બહારની સંસ્થાઓના નાણાં દ્વારા આવા ફેરફારો કરવા એ જૈનસંઘનું અપમાન છે, જૈનસંઘના ગૌરવનું અપમાન છે.

તીર્થના એક એક કણ સાથે પવિત્રતા જોડાયેલી હોય છે. તુચ્છ ભૌતિક સગવડો કરવાના હેતુથી એ કણનો અને તેની સાથે જોડાયેલી પવિત્રતાનો નાશ ન કરી શકાય. પવિત્ર કણોમાં આધ્યાત્મિક વિકાસમાં સહાયક થવાનું જે બળ જોડાયેલું હોય છે, તે આધુનિક ભૌતિક સગવડોમાં નથી હોતું. ઉલટું, ભૌતિક સગવડો આધ્યાત્મિકતાનો નાશ કરનારી હોય છે.

જૈનસંઘ આધ્યાત્મિકતાનો નાશ કરનારી બાબતો માટે મંજૂરી આપે નહીં, આપી શકે નહીં. તીર્થની પવિત્રતાની રક્ષા એ પ્રધાન બાબત છે, યાત્રિકોને સગવડો આપવી એ ગૌણ બાબત છે.

યાત્રિકોને સગવડો પૂરી પાડવાના નિમિત્તથી તીર્થની પવિત્રતાનું ખંડન ન થવા દેવાય. તીર્થોની પેઢીઓ એ તીર્થોની પવિત્રતાનું રક્ષણ કરવા માટે સ્થપાયેલી પેઢીઓ છે, એ યાત્રાળુઓને સગવડો પૂરી પાડવા માટે સ્થપાયેલી પેઢીઓ નથી. યાત્રાળુઓને સગવડો પૂરી પાડવાની ફરજ તેના કાર્યક્ષેત્રની મર્યાદા બહારની ફરજ છે. એવી ફરજ તીર્થનો વહીવટ કરનારી પેઢી ઉપર નાખી ન શકાય.

મગનલાલ : પણ શંત્રુજ્ય તીર્થને વિશ્વના અદ્યતન પર્યટન સ્થળમાં ફેરવી નાખવામાં આવશે એવું સચોટ અનુમાન શા આધારે કર્યું ?

ચંપકલાલ : તેવું અનુમાન કરવા માટે 'જ્યાં જ્યાં ધૂમાડો, ત્યાં ત્યાં અગ્નિ'ની જેમ નીચેની ઘટનાઓનો આધાર હતો.

૧. કેટલાક વર્ષો પહેલાં ગુજરાત સરકારે (અર્થાત્ સન ૧૯૫૦ પછી) શ્રી શત્રુંજય તીર્થના વિકાસની યોજના બહાર પાડી હતી. તે માટે

રૂા.૨૦થી રૂા.૨૫ લાખ ખર્ચવાની તૈયારી બતાવી હતી. એ યોજના અન્તર્ગત કરવા ધારેલા કાર્યોના સર્વે માટે રાજ્યના એન્જીનિયર પણ ત્યાં ગયા હતા. એ યોજનામાં શ્રી શત્રુંજય તીર્થનો પર્યટન અને મનોરંજનના સ્થાન તરીકે ઉપયોગ, પર્યટકોની સગવડ માટે વાહન- આરામગૃહો- સડકો વિગેરેના બાંધકામનો ટૂંકો નિર્દેશ હતો. એ યોજનાની જાહેરાતમાં શ્રી શત્રુંજય તીર્થ માટે તીર્થભૂમિ, કે યાત્રા-યાત્રાળુ એવા શબ્દો ઇરાદાપૂર્વક વાપરવામાં આવ્યા નહોતા.

૨. શ્રી શત્રુંજય તીર્થ ઉપર સન.૧૯૬૮ માં ગુજરાત રાજ્યે રામપોળના પ્રવેશ દ્વારની બહાર હોટલ બાંધવાની પરવાનગી આપી હતી, અને એના માટે જમીન પણ વેચાણ આપી હતી.

૩. શ્રી શત્રુંજય તીર્થને ગુજરાત રાજ્યના પર્યટન વિભાગના નકશા ઉપર પર્યટન સ્થળ તરીકે મૂકવામાં આવ્યું હતું.

૪. બીજા વિશ્વયુધ્ધ વખતે મહુવાની આજુબાજુના દરિયામાં શત્રુઓની સબમરીનો વિગેરેની લશ્કરી હિલચાલ ઉપર નજર નાખવા શ્રી શત્રુંજય તીર્થ ઉપર નાનું પણ લશ્કરી થાણું રાખવાના ઉડતા સમાચાર ત્યારે વાચવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

૫. વેટીકનના પોપ ભારત આવ્યા ત્યારે શ્રી શત્રુંજય મહાતીર્થના ફોટાઓનું આલ્બમ ગુજરાતના ગવર્નર શ્રી મહેંદીઅલી જંગ દ્વારા તેમને ભેટ અપાયું હતું.

૬. શ્રી શત્રુંજય તીર્થ ઉપર પગથિયાં બાંધવાની અનુકૂળતા તરત જ ઉપલબ્ધ થઈ હતી / કરાઈ હતી.

૭. પાલીતાણામાં એક પછી એક અદ્યતન ધર્મશાળાઓ બાંધવાની સગવડો મળતી જાય છે.

૮. યાત્રા માટે રેલ્વેની- બસની સુવિધાઓ, તેના માટે સડકોની સગવડો ઝડપભેર ઉપલબ્ધ કરવામાં આવતી હતી.

૯. વૈદિક ધર્મના દક્ષિણના મંદિરોના જિર્ણોધ્ધાર માટે યુનેસ્કો સંસ્થાએ લગભગ ૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની વાત મૂકી હતી.

ચારે બાજુ 'વિકાસ-વિકાસ' શબ્દ ગુંજી રહ્યો હતો. તીર્થનો પણ વિકાસ! પણ તીર્થ વિકાસ એટલે શું ? ઉપર જણાવ્યું તેમ તીર્થના વિકાસની સમજણ ગુજરાત રાજ્યે બહાર મૂકી હતી.

આધ્યાત્મિક વિકાસમાં વધુ સહાયક થવા માટે તીર્થનો ધર્મભૂમિ તરીકે વિકાસ ? કે આધ્યાત્મિક વિકાસમાં બાધક બનવા માટે તીર્થભૂમિનો પર્યટન સ્થળ તરીકે વિકાસ ? યાત્રાળુ માટે વિકાસ ? કે પર્યટકો માટે વિકાસ ? આ વિચારવા ભાગ્યે જ કોઈ થોભે છે. સૌ કોઈ 'વિકાસ' નો પોપટપાઠ રટતા થયા છે.

ઉપર મુજબની ઘટનાઓથી અનુમાન થઈ શકતું હતું કે કે યોગ્ય તક મળતાં જ શત્રુંજય તીર્થને પર્યટન સ્થળમાં ફેરવી નાખવામાં આવશે. જો કે તેની પ્રાથમિક શરૂઆત તો તીર્થભૂમિને પર્યટનના નકશા ઉપર મૂકીને કરી લેવામાં આવી હતી.

## પ્રાચીન સ્મારકોના રક્ષણના નામે ધર્મસ્થાનો ઉપર સરકારી કબજો

**ધર્મસ્થાનકોને સ્મારકો માનવાની સરકારી નીતિ જ ખોટી છે. એ મૃત બાંધકામો નથી, ઈંટ-ચૂનાનાં મકાનો નથી, કળા-કારીગીરીના નમૂનાઓ નથી; એ તો મનુષ્યના આધ્યાત્મિક વિકાસમાં સહાયક જીવંત આલંબનો છે. એ સ્વયં આત્મવાદ છે. એ ચેતનાને જગાડનારાં-ઢંઢોળનારાં પ્રતીકો છે. એ ધર્મનો પ્રાણ છે. માટે એ ધર્મ છે, અને કોઈ પણ કાયદો ધર્મનો બાધક ન બની શકે.**

**ધર્મનો નાશ કરવો હોય તો ધર્મના પ્રતીકોનો નાશ કરવો જ પડે.** એ નીતિમાંથી મનફાવતી વ્યાખ્યાઓ કરી ધર્મસ્થાનકોનો નાશ કરવાની નીતિ ઘડાઈ છે. તેના પ્રાથમિક પગથિયાં તરીકે તેના રક્ષણના બહાને તેના ઉપર સરકારી કબજો જમાવવાનો હોય છે. આવો કબજો લેવાનો કાયદો બ્રિટિશ સત્તાએ કર્યો છે, અને બ્રિટિશ સત્તાની એજન્ટ જેવી વર્તમાન સરકાર તે કાયદાનો અમલ કરે છે. જોકે બ્રિટિશ સત્તાએ તે કાયદાને આધારે કેટલાંક ધર્મસ્થાનોનો કબજો ભૂતકાળમાં કર્યો છે, પરંતુ ત્યારે પ્રજાની ધર્મભાવના તીવ્ર હતી, અને એ તીવ્ર ધર્મભાવના તેમને બહુ જ ધીમે ધીમે આગળ વધતા દેતી હતી.

પરંતુ જે કાયદો અક્ષરમાં ત્યારે હળવા સ્વરૂપનો હતો, તેણે ૧૯૫૧ પછી મૂર્તિમંત સ્વરૂપ ધારણ કર્યું છે, ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દેશી સરકારને 'આપણી સરકાર' માની લેવાની ભ્રમણાના કારણે એ ઉગ્રતાનો પ્રજા તરફથી વિરોધ થાય નહીં તેથી હવે ઉગ્રતા વ્યક્ત કરવામાં આવી રહી છે. અલબત્ત, તેની પૂર્વભૂમિકા તો એ કાયદો ચલાવનારા ખાતાના દફતરમાં તૈયાર હતી જ, પરંતુ આ કાયદાના પાછળનો હેતુ બહુ જ ગંભીર હોવાથી તેનો કડક અમલ કરવો એ બ્રિટિશ સત્તાને માટે બહુ જ જોખમી હતું.

**જેમ જેમ પ્રજામાંથી ધર્મભાવનાનાં મૂળ ઢીલાં પડતાં જાય છે, અને લોકો શોધખોળ, ઇતિહાસ, શિલ્પ, નવયુગ, પ્રગતિ, જમાનો તરફ**

દોડતા થયા છે અને તે વસ્તુઓમાં મગજ વધારે રોકે છે, તેમ તેમ આવા કાયદાઓનો અમલ કરવાનું સરળ બનતું જાય છે. ધર્મભાવનાઓની આંતરિક દઢતા પ્રથમના લોકો કરતાં પ્રમાણમાં ઢીલી પડી ખળભળતી જાય છે. આજની બાહ્ય પ્રવૃત્તિઓ તરફ વધતો જતો આદર તેનો પુરાવો છે. દરેક ધર્મના ત્યાગી અને જવાબદાર ધર્મગુરુઓ અને આગેવાનો પણ બાહ્ય ફટાટોપથી પ્રભાવિત થઈ એ વાતાવરણ તરફ ઢળતા જાય છે. તેથી ધર્મસ્થાનો ઉપર એક યા બીજા રૂપમાં સરકારી અંકુશ સ્થાપવાનું સરળ બનતું જાય છે.

આવો કાયદો કરવાનું બીજ બ્રિટિશ સત્તાની માલિકીની માન્યતામાં પડેલું છે. બ્રિટિશ સત્તાની એવી મક્કમ માન્યતા છે કે જગતમાંનું સર્વ કાંઈ અમારું જ છે, અમારી જ માલિકીનું છે. એ માન્યતાને કાયદાના રૂપમાં ઢાળી બ્રિટિશ સત્તા તેનો અમલ કરે છે.

ભારતમાં ધર્મસ્થાનો રાજ્ય કે કોઈ પણ દુન્યવી અધિકારથી પર રહેતા આવ્યા છે. અન્યાયથી કાઈએ ભૂતકાળમાં ગમે તેવો વર્તાવ કર્યો હોય, પરંતુ ન્યાયની રીતે જે સ્થાન આજે સાર્વજનિક સુખાકારીનાં સ્થાનોનું છે, તેના કરતાં પણ ધર્મસ્થાનોનું વિશેષ મહત્ત્વ રહેલું આવ્યું છે, અને તેથી દુન્યવી કાયદાઓથી આવાં સ્થાનો અબાધિત માનવામાં આવતાં રહ્યાં છે.

**બ્રિટિશ સત્તાએ આ આખી વસ્તુસ્થિતિ ઊલટાવી નાખી છે. એ સત્તા જગતમાંનું સર્વ કાંઈ પોતાની સત્તા નીચે હોવાનું માને છે, પોતાના અધિકારમાં હોવાનું માને છે. જગતની કોઈ પણ વસ્તુ, તસુએ તસુ જમીન, આકાશ- પાતાળ - સમુદ્ર વિગેરે પોતાની માલિકીનાં છે એમ માને છે, અને એ માન્યતાને મૂર્તિમંત કરવા અનેક યોજનાઓ ઘડે છે, કાયદા- કાનૂનો કરે છે.** કાયદા દ્વારા એ માન્યતાને સિદ્ધ કરે છે. બીજાની માલિકીની વસ્તુ માટે બ્રિટિશ સત્તા કાયદો કેવી રીતે બનાવી શકે ? દા.ત. ધાર્મિક સંપત્તિઓ તે તે ધર્મની માલિકીની છે. તેના વહીવટ માટે તે તે ધર્મના અધિકારીઓ કાયદા બનાવી શકે, પરંતુ બ્રિટિશ સત્તા તેના વહીવટ

માટે કાયદા કેવી રીતે બનાવી શકે ? તે તે ધર્મનાં ધર્મસ્થાનકો ઉપર કબજા લેવાના કાયદા બહારની સત્તા કેવી રીતે બનાવી શકે ?

**પરંતુ ઇ.સ.૧૬૦૦થી પોતે માનેલી માલિકીને ભારતમાં નક્કર રૂપ આપવાનું બ્રિટિશ સત્તાએ શરૂ કર્યું છે. ઇસ્ટ ઇંડિયા કંપનીને ભારતમાં વેપાર કરવાના ચાર્ટર આપીને રાણી એલિઝાબેથે આની શરૂઆત કરી છે.** બીજાના દેશમાં વેપાર કરવા માટેનો ચાર્ટર આપવાની તેમને સત્તા ક્યાંથી મળી તેવા એક પ્રશ્નના ઉત્તરમાં પોતાના રાજા તરીકેના વિશેષ હક્કથી આ અધિકાર આપવાની સત્તા મળી છે એમ રાણીએ જણાવ્યું હોવાનું ઇતિહાસમાંથી જાણવા મળે છે. એ માલિકીની માન્યતાનો અમલ ઉત્તરોત્તર આગળ વધતો રહ્યો છે અને હવે છેલ્લા તબક્કામાં તેનો પ્રવેશ થયો છે. આ વાત ન તો વિદ્વાનો સમજે છે, ન તો ધર્મગુરુઓ સમજે છે, ન તો રાજા-મહારાજાઓ સમજે છે. પછી અંગ્રેજી શિક્ષિણ લીધેલાઓની સમજમાં તો વાત આવે જ ક્યાંથી? ખુદ ભારતના વડા પ્રધાન શ્રી નહેરુજીની સમજમાં આ વાત નહોતી આવી, એમ તેમણે લંડનમાં જણાવ્યું હતું.

ટૂંકમાં, આ માન્યતાના આધાર ઉપર ભારતનાં ધર્મસ્થાનો પણ બ્રિટિશ સત્તાની મિલકત છે. પરંતુ એકાએક એ વાત ભારતની પ્રજાને સ્વીકાર્ય ન બને. તેથી તેમના સત્તાકાળ દરમિયાન ધાર્મિક મિલકતો ઉપર કબજો જમાવનારા કાયદા કર્યા પછી અને તેનો હળવો અમલ શરૂ કર્યા પછી, બ્રિટિશ સત્તાએ દોરી આપેલી નીતિઓ મુજબ ચાલનારી તેમની ઉત્તરાધિકારી સરકાર દ્વારા તે કાયદાના અમલને તીવ્ર બનાવાયો છે. 'સરકાર અમારી છે' એવા વિશ્વાસથી લોકો તેનો બહુ વિરોધ ન કરે. વળી કેટલાક લોકોની ઉત્કૃષ્ટ ધર્મભાવનાને કારણે જે અમલ મુલતવી રાખવામાં આવ્યો હોય તેને હવે દેશી સરકાર દ્વારા ઝડપથી અમલમાં લવાઈ રહ્યો છે.

ધર્મસ્થાનોનો કબજો લેવા માટે નીચે મુજબ બે-ત્રણ બહાનાઓ આગળ કરવામાં આવે છે.

**૧. યુદ્ધના પ્રસંગમાં ખાસ સુરક્ષિત રખાવા લાયક સ્થળોની યાદી બન્નેય પક્ષો દ્વારા અપાતી હોય છે. તેમાં કેટલાંક ધાર્મિક સ્થળોનો તે બહાનાથી કબજો જમાવાતો હોય છે.** યુદ્ધની પૂર્ણાહુતિ પછી પણ તે સ્થાનો ઉપર સરકારી કબજો રહી જતો હોય છે. તે સ્થાનોને પછી 'સુરક્ષિત' સ્થળોની યાદીમાંથી રદ કરવામાં નથી આવતા.

૨. **પ્રાચીન શિલ્પના રક્ષણ માટે સરકારી કબજો જોઈએ.**

૩. **પ્રાચીન શિલાલેખ કે બીજી રીતે ઇતિહાસમાં ઉપયોગી સાધનો હોય તો તેના રક્ષણ માટે સરકારી કબજો જોઈએ.**

૪. **સર્વ લોકોને ઉપયોગમાં આવે એવી ચીજ હોય, તો તેના ઉપર પણ સરકારી કબજો હોવો જોઈએ.**

આવા બહાના હેઠળ ધર્મસ્થાનો ઉપર સરકારી માલિકી સ્થાપવાની નીતિનો અમલ કરવાનું સાનુકૂળ પડે છે.

અને આ કાર્યમાં ઉપયોગી બને- તેમાં સહકાર આપે તેવી એક આખી જમાત ભારતમાં ઊભી કરવામાં આવી છે. પ્રાચીન શોધખોળોનું, ઐતિહાસિક શોધખોળોનું મહત્ત્વ એટલું વધારી દેવામાં આવ્યું છે કે તેમાંથી આ આખી મંડળી ઊભી થઈ છે. તે પણ 'રક્ષણ' ના ગાણા ગાયા કરે છે, અને ધર્મસ્થાનોમાં સરકારના અધિકારને ઘૂસવાનો માર્ગ સરળ કરી આપે છે. આ ભુલભુલામણીમાં મોટા મોટા ધાર્મિક આગેવાનો અને ધર્માચાર્યો પણ ફસાઈ ગયા છે. શિલ્પ-ઇતિહાસ-શોધખોળ એ સત્યનું અંગ છે, પણ ધર્મ કરતાં કોઈ પણ બાબત વિશેષ નથી. વિદેશી આદર્શો ધરાવતી વર્તમાન સરકારને મન ધર્મનું મહત્ત્વ નથી. તેથી પ્રાચીન શિલ્પ વિગેરેને આગળ કરીને તેનો કબજો લેવાની બ્રિટિશ નીતિને અમલમાં મૂકે છે.

એક બાજુ વર્તમાન સરકાર પ્રજાના જીવનમાં આમૂળચૂલ ક્રાંતિ કરવાની હિલચાલ કરે છે. અર્થાત્ તેને પ્રાચીન કોઈ પણ વસ્તુ પ્રિય નથી- પ્રાચીન કોઈ પણ વસ્તુને ટકવા દેવાની નીતિ નથી એમ જાહેર કરે છે, બીજી બાજુ એ જ સરકાર પ્રાચીન સ્થાનોના રક્ષણ માટે દોડી આવે ત્યારે તેની આ સ્થાનોની રક્ષણનીતિની પાછળ રહેલી મેલી મુરાદની ગંધ

આવે છે. પ્રાચીન સ્થળોના રક્ષણના બહાના હેઠળ તેનો કબજો લઈ તેનો નાશ કરવાની નીતિનું સ્પષ્ટ અનુમાન થઈ શકે છે. **આમૂળચૂલ ક્રાંતિ કરવાનું ધ્યેય હોય ત્યારે ધર્મને પણ પ્રજાના જીવનમાંથી દૂર કરવો પડે, અને તે માટે ધર્મનાં જાહેર પ્રતીકોનો પણ નાશ કરવો જ પડે.** સરકાર આ ગુપ્ત હેતુ પ્રજાથી છુપાવી રાખે છે, ઊછરતાં બાળકોના મગજમાંથી વારસાગત ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્કારોનો નાશ કરવા માટે સરકારી નીતિ ધર્મસ્થાનોનો કબજો લે છે. ધર્મ જેવી અભેદ્ય દીવાલમાં ધર્મસ્થાનોના રક્ષણના બહાનાના નિમિત્તથી સરકારી નીતિઓ પ્રવેશ કરી શકે છે અને તેના પગલે પગલે આંતરરાષ્ટ્રીય સંસ્થાનો કબજો સીધી/ આડકતરી રીતે સ્થાપિત થાય છે. ઓ પોલિટિકલ દાવપેચ સામાન્ય સમજમાં આવતો નથી, આવી શકતો નથી.

**જગતના સર્વ પદાર્થો ઉપર સર્વ અધિકાર સ્થાપવાનું કાર્ય બ્રિટિશ સત્તાને કયા ઇશ્વરે સોંપ્યું છે ? કે સ્વયં તે સત્તાએ પોતાને ઇશ્વર માની લીધો છે ? કઈ ન્યાયની કચેરીએ તેમને આવો અન્યાય કરવાનો અધિકાર આપ્યો છે ? તેમની માન્યતાને ન્યાયી ઠરાવી છે ?** કહેવાતા શિક્ષિતો વધુ મૂર્ખ બને છે. સંસ્કૃતિના નાશમાં પ્રજાનો નાશ ગૂંથાયેલો છે એ વાત તેમના સમજવામાં આવી નથી. પશ્ચિમે તેમને જેટલું ભણાવ્યું તેટલું તેઓ ભણ્યા હોય છે અને એ ભણતરનો પોપટપાઠ રટ્યે જાય છે.

એક જાણવા/ સમજવા જેવું દૃષ્ટાંત.

બ્રિટિશ સત્તાના સમયમાં લોર્ડ કર્ઝન દેલવાડાનાં મંદિરો જોવા આવ્યા હતા. તેમની સાથે લાલભાઈ શેઠ હતા.

લોર્ડ કર્ઝને જણાવ્યું, ''આબુનાં મંદિરો જગતની આબરૂ છે. તેમાં કાળદોષે ખંડિતતા થઈ છે. તે સરકાર સુધરાવશે.''

તરત જ શેઠશ્રીએ જવાબ આપ્યો, ''નહીં, નહીં, અમારો શ્રી સંઘ તે સુધરાવશે. અમારી વિધવા બહેન પણ ધર્મભાવનાથી રૂપિયો આપવાની તૈયારી દાખવશે.''

લોર્ડ કર્ઝનને આ બાબતમાં વાંધો લેવાને કારણ નહોતું. કારણકે આવાં સ્થાનો સરકારી કબજા નીચેનાં અને માલિકી નીચેનાં છે એવી

મતલબના કાયદા બ્રિટિશ સરકારે કર્યા હતા, અને તે રૂઈએ ભલેને સુધરાવવાનું કામ શ્રી જૈનસંઘ કરે. શેઠના ધ્યાનમાં એ મર્મ નહોતો. ત્યારે આવો મર્મ હોવાનું જાણી પણ શકાય તેમ નહોતું. અમલદારોના હૃદયના કપટનો ખ્યાલ તે વખતના લોકોને આવે જ શી રીતે ?

ટૂંકમાં, આજના કાયદા પાછળના બાહ્ય હેતુઓ તો કામચલાઉ હોય છે. તેના ગર્ભિત અને મૂળ હેતુઓ જુદા જ હોય છે. તેને ન સમજનારા બહારથી સુંદર બતાવાયેલા હેતુઓને પકડી લેતા હોય છે. આવા માણસોને આગેવાન અને પ્રતિષ્ઠિત બનાવાય છે, અને તેમના મારફત મૂળ હેતુઓ સિદ્ધ કરવા તરફ ગતિ કરી શકાતી હોય છે. ભારતના પ્રાચીન ધર્મો અને તેના અંગ-પ્રત્યંગોને તોડ્યા વિના બીજી પ્રજાઓ અહીંના વતની બની સ્વરાજ્ય ભોગવી શકે તેમ નથી. માટે ધર્મની અને તેનાં પ્રતીકોના નાશની આવી યુક્તિઓ ગોઠવાયેલી હોય છે.

સાચી વાત એ છે કે ધર્મસ્થાનકોને સ્મારકો કહેવા એ જ ખોટું છે. કલ્યાણક ભૂમિઓના મકાનનું કે શિલાલેખોનું એટલું મહત્ત્વ નથી હોતું, જેટલું મહત્ત્વ તેની ધાર્મિક પવિત્રતાનું હોય છે. શિલ્પ કે ઐતિહાસિક તત્ત્વને જળવાય તેટલું જાળવવું, પણ જાળવી શકાય તેમ ન હોય ત્યારે કલ્યાણક તરીકેની તેની મહત્તા નષ્ટ કરી ન શકાય. તે ગમે તેવા રૂપમાં ઊભી રહેવી જ જોઈએ. સરકાર તેનો કબજો લેવા તેને સ્મારક ગણે અને ધર્મના મુદ્દા કરતાં પોતાના મુદ્દાને વધુ મહત્ત્વ આપે. સરકાર આગળ લોકોને નમતું આપવું પડે, એટલે ધર્મને નમતું આપવું પડ્યું ગણાય, અને સરકારી વિજયમાં વિદેશી આદર્શો, સ્વાર્થો અને ભૌતિકવાદનો વિજય થયો ગણાય.

ધાર્મિક પ્રતીકો સિવાયનાં અન્ય સાંસ્કૃતિક પ્રતીકોનો કબજો પણ તેના નાશ માટે છે. જેથી એ પ્રતીકો દ્વારા ઊછરતી પ્રજાને શૌર્યના, દાનના, ભક્તિના જે સંસ્કારો મળતા હોય છે, જે પ્રેરણાઓ મળતી હોય છે, તે સંસ્કારો અને પ્રેરણા મળવાના સ્રોત બંધ પડી જાય.

## શ્રી શત્રુંજય શાશ્વતા મહાતીર્થ ઉપર હૉટેલ કરાય ?

ન કરાય. તે કરવાથી મહાઆશાતનાની પરંપરા ચાલુ થાય, મહાપાપ થાય, તેનાં ભયંકર પરિણામો ભોગવવાં પડે જ.

સાંપ્રદાયિકતાને ઉખેડી ફેંકી દેવાનો નિર્ણય શ્રીનગરમાં વડા પ્રધાન વગેરેએ કર્યો છે, પરંતુ તેઓ પોતે શાનો ઠરાવ કરે છે અને તેનો વાસ્તવિક અર્થ શો છે તે તો નિર્ણય લેનારા જ જાણતા નથી. બ્રિટિશો પોતાના ભવિષ્યના હેતુઓને ગૃહ ખાતા નામના ખાતાના વહીવટી દફતરોમાં મૂકતા ગયા છે, તે વહીવટના વર્તમાન સંચાલકો દ્વારા તે અનુસાર તે નિર્ણય લીધો હોય છે.

વર્તમાન સંચાલકો પાશ્ચાત્ય પદ્ધતિના શિક્ષણથી શિક્ષિત હોવાથી તેઓના માનસ ભારતીય આદર્શો વગેરેનાં રહસ્યોથી અજાણ હોવાથી તેઓ પાશ્ચાત્ય હિતોના આદર્શોને જાણતાં-અજાણતાં પ્રોત્સાહન આપવા તરફ દોરવાઈ જાય છે અને બહારના આવેલા ખ્રિસ્તી ધર્મના પ્રચારકો પડદા પાછળ રહી તેનો ખૂબ લાભ ઉઠાવતા હોય છે.

આ રહસ્યમય બાબતો તે સંચાલકોના ખ્યાલમાં ન આવે એ સ્વાભાવિક છે, કેમ કે તેઓની સમજમાં આવવાની યોગ્ય ભૂમિકા તૂટતી જાય છે ને નહિવત્ બનતી ગઈ છે. અધાર્મિકતા દૂર કરવાને બદલે સાંપ્રદાયિકતા દૂર કરવા માટેના શબ્દો કેમ વપરાય છે ? તેનાં પણ રહસ્યોની તેઓને માહિતી નથી. ખરું કારણ એ છે કે એ શબ્દ મુકાવનારાઓનો આશય દુનિયાને ધર્મ રહિત કરવાનો નથી, ધર્મથી યુકત કરવાનો અને રાખવાનો છે, પરંતુ જગતને સંપ્રદાયોથી રહિત કરવાનો છે.

તેથી તે જાતની પરિભાષા બ્રિટિશો ભારતમાં મૂકતા ગયા છે અને તે પ્રમાણે અમલ કરવાની ગોઠવણો વહીવટી દફતરોમાં મૂકતા ગયા છે. સંપ્રદાયના બીજા જુદા જુદા ગમે તેટલા અર્થ થતા હોય, તેને બાજુએ રાખીને આ પ્રસ્તુત બાબતમાં જે ત્રણ અર્થ સંભવિત છે તે પણ બતાવતાં પહેલાં ધર્મનો સાચો અર્થ શો છે ? સાચી વ્યાખ્યા શી છે ? તે સમજીએ કે

જે એક યા બીજી રીતે અંશથી કે સમગ્ર રીતે પ્રાચીન વખતથી ચાલ્યા આવતા. એટલે કે છેલ્લાં પાંચસો વર્ષની પહેલાંથી શરૂ થયેલા ને ચાલ્યા આવતા દરેક ધર્મને લાગુ પડે છે. તે વ્યાખ્યા જેને લાગુ ન પડે, તેને ધર્મ કહી ન શકાય.

(૧) નાના કે મોટા દોષોની મુક્તિ અથવા સર્વ દોષોથી સંપૂર્ણ મુક્તિ રૂપ, મોક્ષને અનુકૂળ ક્ષમા, સદ્જ્ઞાન વગેરે સંખ્યાબંધ આધ્યાત્મિક ગુણોનો વિકાસ તે ધર્મ. તેને અનુકૂળ પ્રવૃત્તિ તે ધર્મ, એ વિકાસને અનુકૂળ પ્રવૃત્તિમાં સહાયક સુવિહિત સાધનો પણ ઉપચારથી ધર્મ કહી શકાય છે.

આ લક્ષણ ધરાવતો જગતનો મૂળ ધર્મ જગતમાં વિશ્વવત્સલ મહાપુરુષોએ પ્રચલિત કરેલ છે.

જગતનો આ મુખ્ય અને મૂળ ધર્મ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. તે ધર્મના જુદા જુદા આકારના વિભાગો રૂપ, પાછળના સંતોએ પોતપોતાની સમજ, પાત્રો, સંજોગો વગેરેને અનુસરીને જુદા જુદા ધર્મોને નામે શરૂ કર્યા છે, તેને તે તે પ્રદેશના અને પ્રજાઓના લોકો પોતપોતાને માટેના ધર્મ પણ કહે છે.

જે પાંચસો વર્ષની પહેલાંથી દુનિયાના જુદા જુદા ભાગોમાં પ્રચલિત થયેલા છે.

મૂળ પરિભાષામાં આ પેટાધર્મોને પણ શબ્દથી 'સંપ્રદાયો' કહી શકાય છે અને તેથી મૂળ ધર્મના સંપ્રદાયો પણ તેઓને કહી શકાય છે, કેમ કે તે વિભાગોમાં મૂળ ધર્મ ગૂંથાયેલો રહી પ્રાચીન કાળથી એ રીતે સેવાતો આવે છે. જેમ ચાર પાવલીમાં, ૧૬ આનામાં, ૬૪ પૈસામાં, ૨૦ પાંચીઆમાં, ૧૦ દશીઆમાં રૂપિયો ગૂંથાયેલો હોય છે તેમ સર્વ પ્રાચીન ધર્મોમાં મૂળ ધર્મ ઓછે વધતે અંશે ગૂંથાયેલો હોય છે. માટે તે બધાયને ધર્મો પણ કહેવાય છે અને મૂળ ધર્મના સંપ્રદાયો પણ કહેવાય છે અને તે તે દેશોની પ્રજાઓના જુદી જુદી કક્ષાના માનસ, ઐતિહાસિક અને ભૌગોલિક વગેરે સંજોગો ધરાવનારા લોકો જુદા જુદા આચાર રૂપે

તેના પાલનથી ધર્મના ફાયદા પોતપોતાની રીતે યથાશક્તિ ઉઠાવતા આવે છે. તેથી મૂળ ધર્મના વિભાગો છતાં તેનાં સ્વતંત્ર શાસ્ત્રો તથા જુદી જુદી વખતે તેનો પ્રચાર પ્રબળ રીતે શરૂ થવાથી તેઓને પણ ધર્મ કહેવામાં આવે છે અને જે દરેક મુખ્ય વિભાગો ધર્મો કે સંપ્રદાયો પણ ગણાય છે, તે દરેકના પેટાભેદો, તે દરેકની નાનીમોટી શાખાઓ-પ્રશાખાઓને પણ સંપ્રદાય કહેવામાં આવે છે.

આ રીતે સંપ્રદાય શબ્દના બે અર્થ તો પ્રાચીન કાળથી ચાલ્યા આવે છે;

૧) વિશ્વના મૂળભૂત મુખ્ય ધર્મના પેટાભેદો રૂપે પાંચસો વર્ષોની પહેલાંથી પ્રચલિત જુદા જુદા ધર્મોને મુખ્ય અર્થમાં સંપ્રદાયો કહેવામાં આવે છે.

૨) અને તે જુદા જુદા ધર્મોના પેટાભેદોને પણ ધર્મોના સંપ્રદાયો કહેવામાં આવે છે.

સામાન્ય રીતે અસાંપ્રદાયિકતાનો અર્થ વિદ્વાન લોકો એ સમજે છે કે તે પ્રચલિત મુખ્ય ધર્મો (કે જે મૂળ ધર્મના સંપ્રદાયો છે)ના પેટાસંપ્રદાયો ન હોવા જોઈએ, મુખ્ય ધર્મો રહેવા જોઈએ કે જેના સ્વતંત્ર મુખ્ય ધર્મશાસ્ત્રો છે.

જૈન, વૈદિક, બૌદ્ધ, પારસી, શીખ, ઇસ્લામ, ખ્રિસ્તી, તાઓ, કોન્ફયુશસ, યહૂદી તથા બીજા કોઈ પણ હોય, જેનાં મુખ્ય ધર્મશાસ્ત્રો - દ્વાદશાંગી આગમો, વેદો, ત્રિપિટક, ઝંદઅવસ્તા, ગ્રંથસાહેબ, કુરાન, બાઇબલ, તાઓતેચિંગ, શુકિંગ, ઑલ્ડટેસ્ટામેન્ટ કે બીજા છે. તે તે લોકોના હિતકારક તે તે બધા ધર્મો ટકવા જોઈએને તો જ તે લોકો પણ ટકી શકે તેમ છે.

કેટલાક વિદ્વાનોનો એવો પણ મત ખરો કે "તે દરેકના પેટાભેદો ન રહેવા જોઈએ."

કેટલાક વિદ્વાનોનો એવો પણ મત ખરો કે તે દરેક ધર્મો અને તેના સંપ્રદાયો પણ ટકવા જોઈએ, જ્યાં સુધી તેને માનનારા લોકો હોય ને તે ભેદો પણ લોકપ્રિય હોય, કેમ કે તે મારફત પણ ખરી રીતે તો એક

યા બીજા રૂપે છેવટે તો ધર્મનાં સંપૂર્ણ લક્ષણો ધરાવનાર મૂળ ધર્મ જગતમાં અંશથી પણ વિદ્યમાનતા ધરાવી શકે છે ને એક યા બીજા રૂપે તેની આરાધનાથી લાભ થતો હોય છે.

આ રીતે સંપ્રદાય શબ્દ પ્રાચીન કાળથી મુખ્ય અને ગૌણ એમ બે અર્થમાં વપરાતો આવ્યો છે ત્યારે લગભગ ૫૦૦ વર્ષથી ખ્રિસ્તી ધર્મપ્રચારકોનો "પોતાનો એક જ ધર્મ જગતમાં પ્રચલિત રહે અને બીજા તમામ મુખ્ય ધર્મો તથા તે દરેકના નાનામોટા દરેક સંપ્રદાયો જગતમાંથી અદૃશ્ય થવા જોઈએ" એવો ગુપ્ત નિર્ણય કરાયો જણાય છે, પરંતુ આ નિર્ણય મૂળ ખ્રિસ્તી ધર્મનો નથી, પરંતુ જ્યારથી પાંચસો વર્ષથી મહાપરિવર્તનનો કાર્યક્રમ તેઓએ જગત ઉપર ફેલાવવાની શરૂઆત કરી ત્યારથી એ અર્થ તેઓએ પ્રચારમાં મૂકવાના પ્રયાસો શરૂ કર્યા છે, કેમ કે તેઓની ઈચ્છા આ મહાપરિવર્તન કરીને જગતમાં એક જ રંગની પ્રજા અને એક જ ધર્મ ટકાવી રાખવાને પ્રગતિ, વિશ્વશાંતિ, વિકાસ, ક્રાંતિ, નવસર્જન, જમાના વગેરે નામો આપેલાં છે.

તે ખાતર બીજા રંગના માનવોએ ભવિષ્યમાં બહુમત ધરાવતા રંગમાં સામેલ થઈ જઈ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ન રાખવું જોઈએ અને એ જ રીતે બહુમતના ધર્મને ધર્મ ગણવો. તેથી લઘુમતીઓને સંપ્રદાયો ગણવા અને તે સર્વ સંપ્રદાયોએ તે બહુમત ધરાવતા ધર્મમાં દાખલ થઈ જઈ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ન રાખવું." તેને માટે પોતપોતાનો બહુમત કરવા દરેક ધર્મોને પ્રચારની છૂટ આપી મેદાનમાં દોડાવવાના પ્રયાસો શરૂ થયા છે અને તેની વચ્ચેથી પોતાનો ધર્મ બહુમત મેળવી જઈ વિશ્વનો એક ધર્મ બની રહે અને લઘુમતી તરીકે, સંપ્રદાયો તરીકે ગણાયેલા બીજા બધા ધર્મો કે તેના નાનામોટા પેટાભેદો - સંપ્રદાયો, બહુમત ધરાવતા એક ધર્મમાં દાખલ થઈ પોતપોતાના સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખી શકે નહીં અને તેઓનાં ધર્મશાસ્ત્રો ભલે મુખ્ય ગણાવવાના પ્રથમ પ્રયાસો કરીને છેવટે સૌથી મુખ્ય તરીકે ગણાવાયેલા બાઇબલના પેટામાં જુદા જુદા વિચારના માત્ર સાહિત્ય તરીકે ટકી રહી શકે, પરંતુ જ્યાં સુધી થોડી ઘણી પણ તે ધર્મોની લોકપ્રિયતા ટકી રહે ત્યાં સુધી એ લઘુમતને રક્ષણ

પણ આપવું, કેમ કે વિના રક્ષણ તો તે થોડો વખત પણ ટકી ન શકે, માટે જ તેને રક્ષણ આપવાની તો જરૂર ઊભી થાય છે. તેથી થોડોઘણો વખત પણ ટેકો આપવાનો નિર્ણય લેવો પડે છે. આખરે તો તેને પણ જગતમાંથી અદૃશ્ય થવું જ પડે, કેમ કે તે લઘુમતમાં હોય છે.

આ રીતે સંપ્રદાયનો, અસાંપ્રદાયિકતાનો ત્રીજો અર્થ પ્રચલિત કરવામાં આવ્યો છે, જે અર્થને ધ્યાનમાં રાખીને "સેક્યુલર" શબ્દનો પ્રચાર કરવામાં આવ્યો છે. એને લગતી પ્રક્રિયાને વેગ મળે તેવાં તત્ત્વો બ્રિટિશો ભારતના વહીવટમાં ખૂબીથી મૂકતા ગયા છે. તેને અનુસરીને આજના તે વહીવટના સંચાલકો કામગીરી બજાવે તે સ્વાભાવિક છે. તેઓને તે શબ્દના સાચા કે ખોટા અર્થના ભેદની માલૂમ નથી. તેનાં પરિણામોની, તેના હેતુઓ અને આદર્શોની માલૂમ નથી. વહીવટી ખુરશીઓ ઉપર બેઠા પછી ભારતીય પ્રજામાંના સંચાલકો તરીકે ગોઠવાયેલા તે તરફની પોતાની ફરજ બજાવવા પૂરતી જ કામગીરી બજાવતા હોય છે. સિવાય તેઓને બહુ લાંબો - પહોળો ખાસ કોઈ ખ્યાલ હોતો નથી. આ રીતે ત્રીજો અર્થ પ્રચલિત કરવામાં આવ્યો છે.

આ આધારે ૧૮૯૨માં ચિકાગોની સર્વધર્મપરિષદમાં આ દિશાનું જાહેરમાં બીજારોપણ કર્યા પછી યુનેસ્કો સંસ્થાએ મનીલામાં ૧૯૬૦માં સર્વધર્મપરિષદ ખરી રીતે તો એટલા માટે જ ભરી કે "અતિલઘુમતી ધર્મોને સંપ્રદાય રૂપ પણ ન ગણવા તથા ધર્મો પણ ન ગણવા, માત્ર પાંચને જ ધર્મ તરીકે ગણવા" ને તેથી તે પાંચના જ પ્રતિનિધિઓને સર્વધર્મપરિષદમાં બોલાવ્યા હતા. બીજા ધર્મોના પ્રતિનિધિઓને બોલાવ્યા નહોતા, કેમ કે તેને ધર્મ તરીકે ગણતરીમાં લેવામાં આવ્યા હોય તો તેના પ્રતિનિધિઓ બોલાવવા પડે ને? તથા પાંચનો એ આંકડો વિશ્વવ્યાપક કરવા તથા તેને જ ખૂબ વજન અપાવવા યુનો જેવી વિશ્વના કેન્દ્રની આધુનિક મુખ્ય સંસ્થા તરફથી સાનફ્રાંસિસ્કોમાં સર્વધર્મની પ્રાર્થનાપરિષદ રાખી તેમાં પાંચ જ ધર્મોના પ્રતિનિધિ લીધા. ત્યાર બાદ થોડા જ વખતમાં ઈંગ્લૅન્ડમાં સર્વધર્મસમન્વય સંમેલન કે પરિષદ ભરી તેમાં પણ પાંચ કે ઘણે ભાગે ચાર જ ધર્મોના પ્રતિનિધિ બોલાવ્યા ને લીધા હતા.

પાંચના જ આ આંકડાની બાબતને ભારતમાં પણ પ્રવેશાવી તેને જ વેગ અપાવવા માટે વડોદરા પાસેની રિફાઈનરી ભારત - પ્રમુખ શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનજીને હાથે ખુલ્લી મુકાવતી વખતે "પાંચ ધર્મ પ્રાર્થના", "પાંચ ધર્મ પૂજા" એવા શબ્દ છાપાઓમાં પ્રચલિત થયેલા જોવામાં આવ્યા હતા.

એટલે કે ખ્રિસ્તી, યહૂદી, વૈદિક, ઇસ્લામ અને બૌદ્ધ એ પાંચ ધર્મો સિવાય બીજા કોઈને ધર્મ ન માનવાની શરૂઆત કરાવી દીધી છે. જોકે, આજની આંતરરાષ્ટ્રીય નીતિ મુજબ પાંચને જ ધર્મ તરીકે ગણવાનો રિવાજ હાલમાં ચાલુ રખાવ્યો છે. એ પાંચમાં પણ હવે પછી એ ધોરણ લાગુ કરવાનું છે કે "બહુમત જે એકને મળે તે ધર્મ, બાકીના સંપ્રદાયો"

એટલે સાંપ્રદાયિકતા ઉખેડી નાખી ફેંકી દેવાનો જે નિર્ણય લેવરાવાયો છે તેના અમલ પછી બાકીના ચાર લઘુમતીઓ રહે, તેથી છેવટે તેઓને ભવિષ્યમાં સંપ્રદાય ગણીને "તેને ફેંકી દેવરાવી" એક જ ધર્મ જગતમાં રાખવાના મૂળભૂત ગુપ્ત નિર્ણયને આ રીતે ટેકો અપાવરાવાય તેમ છે. આજની અસાંપ્રદાયિકતાની હિલચાલનું દૂરગામી મૂળ બીજક, મૂળ હેતુ, મૂળ ઉદ્દેશ, મૂળ આદર્શ આ પ્રમાણે છે. "સેક્યુલર" શબ્દની પાછળ કેટલું બધું અર્થગાંભીર્ય અને પરિણામો જોડાયેલા છે?

અલબત્ત, આ પરિણામ ઘણું દૂરગામી છે એટલા માટે ખ્રિસ્તી ધર્મપ્રચારકો તેને માટે ૧૪૯૮થી ભારતમાં આવ્યા ત્યારથી પોતાના એક જ ધર્મને વિશ્વધર્મ બનાવવાની પ્રક્રિયાને વેગ આપવાની ગડમથલમાં પડેલા છે.

તે આ રીતે.....

(૧) શરૂઆતમાં પોર્ટુગલોએ મંદિરો, મૂર્તિઓ ભાંગવાની શરૂઆત કરી, વટલાવવાનો જુલમ વર્તાવ્યો વગેરે હકીકતો ઠીક રૂપમાં મળે છે, પરંતુ સેંટ ઝેવિયર્સે આવીને તે જ ભૂમિકા ઉપર, પણ શાંતિપૂર્વક ધર્મપ્રચારનું કામ આરંભ્યું, ને જુલમ કરીને ધર્મપરિવર્તન કરાવવાનો ક્રમ હળવો કરાવી નાખ્યો લાગે છે અને પશ્ચિમ સમુદ્રકિનારે ૩૦ હજાર

માછીમારો, ખારવા, ખલાસીઓ વગેરેને ખ્રિસ્તી બનાવ્યા. તે કાર્યક્રમના જુદે જુદે વખતે અનેક હપ્તા પસાર થતા આવ્યા છે. આ તો માત્ર બહાર જણાઈ આવનારી પ્રવૃત્તિ રૂપે ચાલુ રખાઈ છે. તેમાંની સાંપ્રદાયિકતાને ઉખાડી ફેંકી દેવરાવવાના હપ્તાનો કાર્યક્રમ વર્તમાન રાજ્યસત્તા મારફત પ્રચારમાં મુકાવરાવ્યો છે. એમ જુદે જુદે વખતે મૂળ કાર્યક્રમના જુદા જુદા હપ્તા પસાર કરાવી અમલમાં મુકાવરાવતા હોય છે.

તેની પહેલી જાહેર શરૂઆત અકબર બાદશાહ પાસે 'દીન-એ-ઇલાહી' પંથ કઢાવીને કરી છે, તેને કઢાવનારા બાદશાહના પરિચયમાં આવનારા ખ્રિસ્તી ધર્મપ્રચારકો પડદા પાછળ રહી આ પંથ કઢાવનારા છે. તેની પહેલાના તબક્કામાં સને ૧૫૭૦ સુધીમાં છપાઈ ચૂકેલી બાઇબલની નકલ એ બાદશાહને ભેટ આપી છે. (ભારત ઈતિહાસ સોપાન પૃ. ૫)

આ પંથ કઢાવવાનો મુખ્ય હેતુ ખ્રિસ્તી ધર્મને ભારતમાં મુખ્ય ધર્મોની હરોળમાં છેલ્લું પણ સ્થાન અપાવરાવી ભારતના ધર્મોમાં દાખલ કરાવવાનો હતો ત્યારથી સર્વધર્મસમાનતા, સર્વધર્મસમન્વય, સર્વધર્મ સમભાવ વગેરેનો પ્રચાર ખ્રિસ્તી ધર્મ તરફથી શરૂ કરાવવામાં આવ્યો છે. જેથી ખ્રિસ્તી ધર્મ તરફ ભારતના મોટા ને મુખ્ય ધર્મો વિરોધની દૃષ્ટિથી ન જુએ અને ભારતની પ્રજામાં ધાર્મિક, આર્થિક, સામાજિક તથા રાજકીય દોરવણીમાં બ્રાહ્મણોને સાથે રાખી, ભારતની સંતશાહી મહાજન સંસ્થામાં ઠામઠામ જૈન ગુરુઓ અને ગૃહસ્થો આગળ પડતો ભાગ ભજવતા હતા, તેથી તેઓને હાથમાં લેવા પહેલું સ્થાન 'દીને ઇલાહી'ના ચિત્રમાં જૈન ધર્મને અપાવ્યું છે. પછી ઇસ્લામ ધર્મને, કેમ કે તે કાઢનાર બાદશાહ ઇસ્લામ ધર્મને માનનાર છે, માટે તેનું સ્થાન બીજું. પછી વૈદિક ધર્મ, પછી શીખ, પારસી અને ખ્રિસ્તી ધર્મને સ્થાન અપાયું છે. પગપેસારો કરી મુખ્ય ધર્મોમાં છેલ્લે છેલ્લે પણ સ્થાન પામવાની યુકિતમાં તેઓ સફળ થાય છે. (ભારતના ઘડવૈયા પૃ.૮૧)

આ રીતે શરૂઆત કરી છે. તે પછી પણ બહારથી તો ''ખ્રિસ્તી ધર્મનો પ્રચાર માત્ર કરતા રહ્યા છે'' એમ દેખાય છે, પરંતુ તેઓનું મુખ્ય ધ્યેય તો ભારતના પ્રાચીન દરેક મૂળભૂત ધર્મોનાં મૂળ ઢીલાં પાડી દઈ

લઘુમતી તરીકે ઠરાવી બહુમતમાં ભેળવી દેવાનું પહેલેથી જ રખાયેલું છે. માટે એક પછી એક ઘટનાક્રમ ચલાવતા હોય છે. મુખ્ય ધર્મોનાં મૂળ ઢીલાં પડાવવા દરેક ધર્મોમાંથી માન્યતા ભેદોના અને તેનાં ઝૂમખાં છૂટાં પડાવાઈ જુદા જુદા - નવા નવા સ્વતંત્ર સંપ્રદાયો કઢાવા દીધા છે ને નવી નવી સંસ્થાઓ પણ કઢાવી છે.

જુદા જુદા પ્રચારકો મારફત જમાનાને અનુસરવાને નામે જુદા જુદા અનેક જાતના પ્રચારો કરાવ્યા છે જેથી દરેક મૂળ ધર્મોનાં બળો છિન્નભિન્ન થતાં રહેતાં થયાં છે. લગભગ પાંચસો વર્ષોમાં કયા કયા ધર્મમાં કયા કયા પેટાભેદો નીકળ્યા અને પડદા પાછળ રહી કેવી કેવી રીતે તેને ટેકા અપાયા છે ?

તેનો ઇતિહાસ લંબાણ થવાથી અહીં આપવો અશક્ય છે. વૈદિક ધર્મમાં પ્રાર્થના સમાજ, બ્રહ્મો સમાજ, વર્ણાશ્રમ સંઘ વગેરે સંખ્યાબંધ વિભાગો થયા છે. જૈન શાસનમાં તેરા પંથ, તારણ પંથ, કૉન્ફરન્સો, મહાસભાઓ વગેરે ખૂબ થયાં છે.

(૨) ભારતમાં હવે વૈદિક ધર્મને વેગ આપવામાં આવે છે, કેમ કે આજે તેની બહુમતી આગળ કરવામાં છે અને બહુમતીથી બીજી લઘુમતીઓને દબાવે નહીં માટે બીજા અલ્પમતી સંખ્યા ધરાવતા ધર્મોને રક્ષણ આપવાની નીતિ રાખી છે. આ રક્ષણ આપવાની નીતિ જ 'બહુમતીના અસૈદ્ધાંતિક ધોરણને ટેકો આપવાની નીતિ અપનાવાઈ છે' એમ સાબિત કરે છે. વૈદિક ધર્મના મૂળભૂત આગેવાનો આવું કાંઈ ન માનતા હોવા છતાં બહુમત લઘુમતની જાળમાં ફસાયેલો વર્ગ આથી વધુ તેમાં ફસાતો જાય એ સ્વાભાવિક છે.

(૩) વૈદિક અને ઇસ્લામની લઘુમતી ઉપર બૌદ્ધ ધર્મની એશિયાભરમાં સારી બહુમતી ઊભી કરવાના પ્રયાસો ખૂબીથી શરૂ કરવામાં આવ્યા છે. એશિયામાં બૌદ્ધ ધર્મની બહુમતીનો વિસ્તાર ઇતિહાસ કે ભૂગોળનાં પુસ્તકોમાં ઇરાદાપૂર્વક ચિત્રો સાથે બતાવવાનો રિવાજ રખાયો છે. આ દૂરંદેશીપણાની સફળતા માટે જ મહાબોધિ સોસાયટી સ્થપાવી

બીજારોપણ કરવામાં આવ્યું છે. અશોક, અશોક ચક્ર, ચાર સિંહોની મુદ્રા, દલાઈ લામાને ભારતમાં લાવવા, તેને અમાંસાહારી બનાવી શાકાહાર પરિષદ મારફત ભારતની અહિંસક પ્રજામાં જાહેરમાં આગળ લાવી બૌદ્ધ ધર્મના પ્રચારને વેગ અપાવવાની નીતિ શરૂ કરાઈ છે. જેનાં કારણો તે બીજાં-ત્રીજાં બતાવવામાં આવતાં હોય છે, પરંતુ ખરું કારણ ઉપર બતાવ્યું તે છે. ઇતિહાસ તથા ભૂગોળનાં પુસ્તકોમાં બૌદ્ધ ધર્મ ક્યાં ક્યાં ફેલાયેલો છે તેનાં ચિત્રો વિદ્યાર્થીઓની સામે આવ્યા કરે તેવી રીતે પાઠયપુસ્તકોમાં જોવા મળશે.

(૪) ત્યાર બાદ એટલે કે એશિયામાં બૌદ્ધ ધર્મને બહુમતમાં રાખી અને વૈદિક અને ઇસ્લામને લઘુમતમાં રાખી તેમને દબાવવા માટે બૌદ્ધ ધર્મનો બહુમતી હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવે, માટે તેના પ્રચારને પડદા પાછળથી મોટા પાયા ઉપર ટેકો આપવાની નીતિ કામે લગાડાઈ છે. એ કારણે ભારતના નવા રાષ્ટ્રધ્વજમાં રેંટિયાને બદલે પછી અશોક ચક્ર દાખલ કરાવાયું હતું, કેમ કે તેવી બાબતોના મૂળ યોજકો આપણા દેશના નેતા બંધુઓ નથી હોતા, તેઓ પ્રચારકો હોય છે. યોજકો તો જુદા જ હોય છે.

(૫) છેવટે યહૂદી અને બૌદ્ધ ધર્મની લઘુમતીઓને ખ્રિસ્તી બહુમતમાં સમાવી લેવાની યુક્તિ પણ ગોઠવાઈ ગઈ છે. તેને માટે ‘બૌદ્ધ ધર્મની દશ આજ્ઞાઓ અને ખ્રિસ્તી ધર્મની દશ આજ્ઞાઓ સમાન છે’ એ મુદ્દો આગળ કરીને ટેન કમાન્ડમેન્ટ્સની ફિલ્મો યુવકો વગેરેને બતાવાય છે. અને દશ આજ્ઞાઓની સમાનતાઓને પ્રચારીને બતાવાય છે કે ઈશુ ખ્રિસ્તના જીવનનાં ૧૮ વર્ષોની હકીકત બરાબર મળતી નથી. તેના કારણમાં એમ કહેવાય છે કે “તે ભારત તરફ ગયેલા અને હિમાલયમાં ૧૮ વર્ષ રહી એક બૌદ્ધ સાધુ પાસે રહી તે ધર્મનો પરિચય મેળવ્યો. જેથી દશ આજ્ઞાઓ સરખી છે.” કદાચ એમ હશે, પરંતુ આજનો પ્રચાર તો એશિયામાં બૌદ્ધ ધર્મની બહુમતી થવા દઈ, વૈદિક અને ઇસ્લામને લઘુમતીમાં રાખી દઈ, છેવટે ટેન કમાન્ડમેન્ટ્સની વાત આગળ કરીને, ખ્રિસ્તી બહુમતમાં તેને પણ લઘુમતી સંપ્રદાય ગણીને સામેલ કરી લેવાની યોજનાઓ ગોઠવાઈ ગઈ છે.

આ રીતે બહારથી ખ્રિસ્તી ધર્મના પ્રચાર સાથે આંતરિક રીતે બીજા તમામ ધર્મોનાં બળ, વિશ્વમાં વ્યાવહારિક સ્થાન વગેરે નબળાં પાડવા, તેના આચારો વગેરેની વિરુદ્ધ પ્રચાર કરી તથા નવા નવા ફાંટા-ફણગા કઢાવી નબળા પાડવાના યોજનાબદ્ધ ખૂબ પ્રયાસો થયા છે અને થાય છે.

આ બધું ગુપ્ત તંત્ર ચલાવનાર દુનિયાભરમાં બેસાડેલા બિશપોની સંસ્થાઓ અને તેની સાથે જોડાયેલા પાદરીઓ વગેરે કક્ષાની વ્યકિતઓ, તેના કાર્યકુશળ સ્ટાફો, ચિત્રકારો, પ્રેસો, કેળવણીકારો, દરેક ધર્મના અભ્યાસીઓ વગેરે દુનિયાભરમાં સતત અજબ કામગીરી બજાવી રહ્યા છે. તેની પાછળ પોપ અને તેની ચર્ચ સંસ્થા જાગ્રત ભાવે કામ કરી રહી છે અને હવે રાષ્ટ્રો અને તેઓની ફેલાવેલી સત્તા મારફત 'યુનો'ની રીતસરની એક નવી સંસ્થા 'યુનેસ્કો' મારફત યુરોપ-અમેરિકાનાં આધુનિક મોટા રાષ્ટ્રોએ આપેલા-અપાવેલા કે સ્થાપેલા લોકશાસનનાં સ્વરાજ્યો ભોગવતી સ્થાનિક સત્તાઓ તેની લાગવગો, સહાનુભૂતિ વગેરે મારફત વ્યવસ્થિત કામ કરી રહેલ છે. અર્થાત્ આજના તમામ પ્રકારના વિશ્વસંચાલનના મૂળમાં ખ્રિસ્તી વડા ધર્મગુરુ પોપ, તેની ચર્ચ સંસ્થા, વૅટિકન સેક્રેટરિયેટ અને દુનિયાભરમાં ફેલાયેલા બિશપો, યુરોપ-અમેરિકાનાં રાષ્ટ્રો, યુનેસ્કો અને યુનો વગેરે એ દિશામાં કામગીરી બજાવી રહેલા છે ને એ દિશામાં દુનિયાને પ્રેરી રહ્યા છે - ઘડી રહ્યા છે.

તેના વિશાળ કાર્યક્રમના એક ભાગરૂપ શ્રીનગરમાં વડા પ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધીના પ્રમુખપણા નીચે લેવાયેલ નિર્ણય છે. તે એકાએક ગૃહ ખાતાની કે તેના સંચાલક પ્રધાનશ્રીના કે વડા પ્રધાનના તરંગથી કે કોઈના તુક્કાથી લેવાયેલો નથી અને "સાંપ્રદાયિકતા દૂર થયે જ રહેશે" વગેરે પ્રકારના વડા પ્રધાનના મક્કમ શબ્દો એમ ને એમ બહાર પડીને વહેતા થયા નથી હોતા.

ભારતના ધર્મો, વિદ્વાનો, આગેવાનો વગેરે ભારતમાં ખ્રિસ્તી ધર્મના ખુલ્લા પ્રચાર, વટાળ પ્રવૃત્તિ વગેરેનો વિરોધ કરે, તે વિરોધને ક્ષણભર ખ્રિસ્તી પ્રચારકો નમી પણ જાય, પરંતુ પહેલાના મૂળ ધર્મોનાં બળ તોડવા,

મૂળ ઢીલાં કરવા, ગુપ્તપણે રાજ્યસત્તા, શિક્ષણ, આર્થિક સંજોગો, પાઠ્યપુસ્તકો, વર્તમાનપત્રો, બીજી લાલચો વગેરે મારફત થતા આડકતરા પ્રયત્નોથી અનહદ નબળાઈ આવી જવા દેવાના ગુપ્ત અને સંગીન પ્રયત્નો મોટા ખર્ચે તથા યોજનાબદ્ધ રીતે અને જોરદાર રીતે ચાલતા હોય છે તે કોણ જોઈ કે જાણી શકે ?

સત્ય સમજવા માટે ખાસ જરૂરી આટલી પૂર્વભૂમિકા પછી હવે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર - હોટેલ - રેસ્ટોરાં કરવાની હિલચાલ આંતરરાષ્ટ્રીય ધાર્મિક મહાપરિવર્તનની રાજ્યદ્વારી પ્રક્રિયાઓના એક ભાગ રૂપ કેવી રીતે છે ? તે વિચારી જોવાની આપણી જૈનોની પણ ફરજ થઈ પડે છે. તેથી તે મૂળ વાતની પૂર્વભૂમિકાના તથા ભાવિ પરિણામોના નિર્દેશો કરવાની વિચારણા ઉપર આવીએ.

# શ્રી ગિરિરાજ ઉપર ચડવાની સ્પર્ધા ન યોજાય

શ્રી ગિરિરાજ ઉપર ૭-૭/૮-૮ વર્ષની બાલિકાઓ તથા બાળકો પગે ચાલીને આશાતના કર્યા વિના ચડી, પૂજા-સેવા કરી, ભરતડકામાં કશું મોંમાં નાખ્યા વિના ઊતરતાં હોય છે. છઠ્ઠ અઠ્ઠમની તપશ્ચર્યા-વિધિપૂર્વક કરી ઉઘાડે પગે ચડી પૂજા-સેવા કરી ભરબપોરે ઉતરતાં હોય છે. શેઠ વેણીચંદ સૂરચંદે માસખમણ કરી, ઉપર ચડી સેવા-પૂજા કરીને પારણું કર્યા હોવાનો દાખલો છે.

આવા તો સેંકડો દાખલા બનતા હોય છે. વરસીતપના તપસ્વીઓ તપ સાથે ઉપર જઈ સેવા-પૂજા કરી આવીને પછી વરસીતપનું પારણું કરતા હોય છે. શત્રુંજય નદીએથી નહાઈ, ચડી, ઘેટી પગલે થઈ, ઉપર જઈ પૂજાભક્તિ કરીને ઊતરતા હોય છે અને આવી બબ્બે યાત્રા કરતા હોય છે. નવાણું યાત્રા કરનારા કેવી રીતે યાત્રા કરતા હોય છે ? આયંબિલની ઓળી કરનારા કેવી રીતે યાત્રા કરતા હોય છે ? પૂજાભક્તિમાં અનેક રીતે ઉત્સર્પણા એટલે ચડાવો બોલી પૂજાભક્તિ કરતા હોય છે.

આવી કોઈ સ્પર્ધા હશે એમ સમજીને પૂજ્ય આચાર્ય તથા પૂજ્ય સૂરીજી મહારાજે આશીર્વાદ આપ્યા હોય એમ સમજાય છે.

યાવજજીવ ચતુર્થ વ્રતધારી દંપતી યુગલો, બાર વ્રતધારી મહાનુભાવો કેવી કેવી રીતે ભક્તિ કરતા હોય છે ? નીચે તપસ્વીઓ યાત્રાળુઓની કેવી કેવી ભક્તિ કરતા રહે છે ? તેની હકીકતો સૌરાષ્ટ્ર ટ્રસ્ટના કોઈ કાર્યકર્તાઓ જાણે તો અચંબાથી મોમાં આંગળાં ઘાલી જાય તેમ હોય છે.

કેવા કેવા બાળ અને વૃદ્ધ મુનિ મહારાજાઓ- સાધ્વીજી મહારાજાઓ મહા-મહાતપશ્ચર્યાથી કેવી રીતે એકથી વધારે યાત્રા કરતાં હોય છે !

આવી કોઈ કદાચ સ્પર્ધા હોત તો હજી પણ કોઈક ઠીક ગણાત. ક્યાં કેવી સ્પર્ધા ગોઠવાય ? અને કેમ ગોઠવાય ? તેમાં ખડતલપણું અને કસાયલાપણું માન્યું ! વાહ રે સમજ ! વાહ રે સમજ !

ધાર્મિક બાબતોને સંકુચિતપણું કહેતાં અને બોલતાં જીભ સંકોચાતી નથી. લખતાં કલમ થરથરતી નથી. ભારતીય પ્રજાની શી સ્થિતિ થઈ છે ? ને થતી જાય છે ? તે બાબત ભારે દુઃખની અને ખેદની બાબત બની રહે છે.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મંત્રી વગેરેની ભૌતિકવાદી મનોદશાથી જેટલો ખેદ થાય તેના કરતાં ભારતવાસી પ્રજાજનો આધ્યાત્મિક પ્રગતિની કક્ષાથી ગબડી પડીને ભૌતિકવાદી કક્ષાની પ્રગતિ તરફ દોરવાઈ રહ્યા છે એ ખરેખર મોટામાં મોટી ખેદકારક બાબત છે.

ભાઈઓ ! ખરેખર, તમારી આ સ્થિતિ ઊંડો ખેદ ઊપજાવે એ સ્વાભાવિક છે. શ્રી ગિરિરાજની સેવામાં હાજર થઈ કેવા કેવા પવિત્ર આત્માઓ કેવા કેવા મહાકાર્યો વગેરે કરે છે ! એકાદ વર્ષનો અહેવાલ વગેરેનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરો તો તમને લાગશે કે એ મહામૂલ્ય ઝવેરાતની આગળ આવી સ્પર્ધાઓ વગેરે ફૂટી કોડી જેવા જણાશે.

નમ્રતાથી પોતાની ભૂલ સુધારવાને બદલે સ્પર્ધા બંધ રાખી જાહેર જનતાને ઉશ્કેરી પોતાના પક્ષમાં લઈ, પોતાના વર્તમાન પત્રની સહાયથી મોરચો માંડવા બાંયુ ચડાવીને સ્પર્ધા બંધ રાખી, જનતાની સમક્ષ ધાર્મિકોને ઉતારી પાડવાની પેરવી કરવા કરતાં સ્પર્ધા બંધ રાખી બીજે યોજી શકાત. હજી સમય છે, પરંતુ મોઢું ચડાવી માણસ રીસાય તેવી રીતે રીસ ચડાવવાનો અભિનય સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મંત્રીજીએ આ લખાણથી ધારણ કર્યાનું જણાઈ આવે છે. અરે ! ભાઈઓ ! કાંઈક તો વિચારો, સત્ય સમજો, એક પેપર હાથમાં આવી ગયું એટલે શું જગ જીતી લીધું ? તેમાં શી મોથ મારવાની છે ?

ભારતની પ્રજાના પ્રથમના સ્થાયી ધંધા લૂંટાઈ ગયા પછી પોતાનું ભણાવી-પોતાના નવા ધંધામાં ભારતના લોકોને ગોઠવી, પાશ્ચાત્યો અનેક રીતે આર્થિક ક્ષેત્રમાં પણ લાભ કેવી રીતે મેળવે છે ? અને તેમાંથી ટુકડા ભારતવાસીઓને નાખે છે તેની કશી સાચી સમજ ભાઈઓ ! તમે ધરાવો છો ?

બંધુઓ ! મગજ શાંત રાખો. સત્ય ખરી રીતે સમજો. સત્ય-અહિંસાનાં બણગાં ફૂંકવાથી સત્ય અને અહિંસા નથી જડવાનાં, ઊલટા દૂર દૂર જાય છે.

આજે અસત્ય, જૂઠ, ખોટાં લખાણ, ખોટા દસ્તાવેજ, પક્ષીય પ્રચાર વગેરે કેટલું ચાલી રહ્યું છે? હોય, દરેક દેશ અને પ્રજામાં હોય, પણ આજે તેની માત્રા કેટલી વધી ગઈ છે? તેનો કયાસ તો નિરાંતે કાઢો. આ વાતો સત્ય સમજવાની પ્રેરણા આપવા માટે લખાય છે, નહીં કે ઉતારી પાડવા. બંધુઓને ઉતારી પાડવાની કુબુદ્ધિ ન સૂઝે.

બહારથી પણ કરોડોને બદલે અબજોનું ધન એક યા બીજી રીતે આવે છે અને અત્રે વસવાટ કરવા આવનારી પ્રજા માટે દેશની ઉન્નતિમાં ખર્ચાય છે ત્યારે સ્થાનિક પ્રજાની અવનતિ દિવસે ને દિવસે ગુપ્ત સડાની જેમ વેગ પકડતી જાય છે. તે સમજ્યા વિના ખુરશી-ટેબલ ઉપર ચડી બેઠેલા આપણા ભાઈઓના ધ્યાનમાં તે આવતું નથી તેનો ખેદ કરવા જેવો છે. ભારતની પ્રજાને અનેક રીતે ગરીબ કરાતી રહી છે અને દિવસે દિવસે દૂર બેઠા બેઠા પાશ્ચાત્યો ખૂબીથી ગરીબી વધારી રહ્યા છે. તેમને જરૂરી ધનસંપન્ન કરી ધનવંતોની કક્ષામાં લાવવાને બદલે, જેની પાસે ધન હોય છે તેને પણ ટોચ મર્યાદા કે એવા મોટા શબ્દો યોજી ઘટતાં ધન રહિત કરવાની મંત્રણાઓ, ઠરાવો વગેરે કરવામાં બુદ્ધિનો ઉપયોગ થઈ રહ્યો છે.

ધનથી ધંધા, ઉદ્યોગ વગેરે ભારતવાસીઓ યોજી શકતા હોય છે. તે ન કરી શકે તેવી સ્થિતિ જન્માવાઈ રહી છે. તે જાહેર ક્ષેત્રને નામે સરકાર કરી શકે, પ્રજા ઉત્તરોત્તર ગરીબ અને ભિખારી બનતી જાય તેવી પરિસ્થિતિના આગમન તેની સાથે જોડાઈ રહેલા છે. આ ધ્યાનમાં આવતું નથી, ઉપરથી તેને પ્રગતિકારક ઓળખાવીને તેને બિરદાવાય છે.

રાષ્ટ્રીયકરણ આપણને બહારવાળાએ શીખવ્યું છે. તેનો માર્મિક અર્થ શો છે? તેનો સાચો અર્થ વિદેશીયકરણ છે. રાષ્ટ્રીયકરણનું પહેલું પગથિયું સરકારીકરણ છે અને પછીનું પગથિયું વિદેશીયકરણ છે.

ખાનગી અને જાહેર ક્ષેત્રના વિભાગો એ જ પ્રજાની નિમ્ન કક્ષાની સ્થિતિકરણ જરાક વિચાર કરતાં જ સમજી જવાય તેમ છે. પ્રજાની આર્થિક દશા આંતરિક રીતે, વ્યાપક રીતે વિષમ બનતી જાય છે. આ દેશમાં જેઓ બહારથી વસવાટ માટે આવનારા છે તેને માટે દેશની આર્થિક ઉન્નતિ

કરવાની છે, જે કરાવાય છે તેને પ્રજાની આર્થિક ઉન્નતિ ભૂલથી માની લેવાય છે અને મનાવાય છે.

ખાનપાનની તંગી પાડવાના ન સમજાય તેવી રીતે બહારથી ભારતમાં ચક્રો ગતિમાન કરાયાં છે ને તંગી વધે તે દિશામાં દોટ વધી રહી છે. તેના ઉપાય તરીકે વસતિ ઘટાડવાના સંખ્યાબંધ ઉપાયો ચાલુ કરાવી દેવાયા છે. રંગીન પ્રજાઓના દેશોમાં વસતિ ઘટાડાય છે ત્યારે શ્વેત પ્રજામાં વસતિ વધારવાના સતત ઉપાયો વેગબંધ વધારાતા જવાય છે. જો વસતિ ઘટાડવાની જ છે તો 'અરવિલ' વગેરે નવા નવા શહેરો ઊભાં કરી તેમાં બહારથી શ્વેત માનવ બંધુઓ વસવાટ કરવા શા માટે આવે છે ? અને વસતિમાં વધારો કરી-કરાવી તંગીમાં તંગી વધે તેમ શા માટે કરવામાં આવે છે ? આ બધું શું ચાલી રહ્યું છે ? તે બંધુઓ વિચારો-સમજો. ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતોને સંકુચિત અને યુગધર્મ રહિત લખતાં-બોલતાં વિચાર કરો. આજે જેને યુગ અને યુગધર્મ કહેવાય છે તે કયા અર્થમાં વપરાય છે, તે સમજવાની કોઈક દિવસ તો તસ્દી લો. એ કેવી રીતે ઉપચરિત શબ્દ છે ? તે જાણવા-સમજવા કોઈક દિવસ તો તસ્દી લો. એ કેવો ઠગારો શબ્દ છે ? તે સમજવા કોશિશ તો કરો. જેમ દેશની ઉન્નતિ કૂદકે અને ભૂસકે વધે છે તેમ સ્થાનિક રંગીન પ્રજાઓની અવનતિ પણ કૂદકે અને ભૂસ્કે આગળ વધે છે. તુલના કરો. ઉછીના બહારના પૈસાથી દેશને સમૃદ્ધ ન માનો. ઉછીના બહારના જ્ઞાનથી સાચી વિદ્વત્તા મળી ન માનો. પ્રજા કેટલી અધઃપતન તરફ દોરાવાતી જાય છે તે વિચારો. કેટલાય દેશોની રંગીન પ્રજાઓ જગતના પત્રક ઉપરથી ભૂંસાતી ચાલી છે તેના ઇતિહાસ જાણો.

ધર્મ અને ધર્મસંસ્કૃતિ હજુ થોડુંઘણું પણ પ્રજાનું રક્ષણ કરી રહેલ છે, તેથી તેના રહિત કરવાની પ્રક્રિયાઓ પ્રસરતી જાય છે અને તેને નાશને પાટે ચડાવતાં પહેલાં ધર્મ અને સંસ્કૃતિથી અરક્ષિત બનાવી ભૌતિક પ્રગતિને પાટે ચઢાવવામાં આવે છે. ધર્મ અને સંસ્કૃતિ રહિત કેટલીય પ્રજાઓ જેમ બને તેમ અનસ્તિત્વ પામવાને પાટે ચડી ગઈ છે.

# બચવાનો કોઈ સાચો ઉપાય ?

બીજો કોઈ સૂઝતો નથી. ચારેય તરફથી ઘેરાયેલા હોવાનું જોવામાં આવે છે અને આપણે હાથે તેમાં ફસાયા છીએ તોપણ-

"धम्मं शरणं गच्छामि"

"ધર્મને શરણે જાઉં છું"

"देवावि तं नमंसंति,
जस्स मणे सया धम्मो।"

"જેના મનમાં હંમેશાં ધર્મ વસે છે,
તેને દેવો પણ નમસ્કાર કરે છે."

હાલના નવસર્જને, જમાનાવાદે આપણને આપણાઓને પ્રભુના ધર્મશાસનના માર્ગેથી શ્રી પ્રભુતીર્થંકર દેવના સંઘની મર્યાદાઓના પાલનથી દૂર ફેંકાવી દીધા છે કે જે સદા આપણને શરણરૂપ છે, તેથી દૂર ફેંકાયા છીએ ને દૂર દૂર ફેંકાતા જઈએ છીએ તોપણ હવેથી નિર્દંભપણે, મક્કમતાથી તેની આજ્ઞા મુજબનું જીવન જીવતા થઈએ. અનેક પ્રલોભનો, લાલચો, જમાનાના ચળકાટ, પ્રગતિ વગેરે આપણા મન ભંગાવી નાખે છે. તેમાંથી બચીએ તો પુણ્ય ક્ષય ન થાય, પાપ ન વધે તો કાંઈક બચી શકાય.

સિવાય તો ભૂતકાળની અનેક ભુલભુલામણીમાં ફસાતા આવતા હોવાથી વર્તમાનમાં પણ ભુલભુલામણીના અનેક મોટા ચકરાવામાં ફસાતા જઈએ છીએ.

કે જે ભવિષ્યનાં મહાભયાનક પરિણામોમાં લઈ જવાની ભૂમિકારૂપ બની રહેલા છે.

એકમત, લઘુમત, બહુમત, સર્વાનુમતની જાળમાંથી તદ્દન છૂટા રહી, મૂઢભાવ (મિથ્યા સમજ - વિષય - કષાય વગેરે વિના - મૂઢેતર - સમ્યગ્) ભાવપૂર્વક આજ્ઞાથી ચાલીએ ને "કોઈનોય વિશ્વાસ આજે કરવો જોખમકારક છે" એમ સમજીને સાવચેત રહીએ તથા તે સમજી આજની સગવડોથી વધતું જતું ધર્મનું પાલન પણ જીવનની સાચી શુદ્ધિ રહેવા

દેતું નથી. પાછળને બારણેથી ઢીલાશ, દંભ વગેરેને ઘુસાડી દઈ મહાપુરુષોના માર્ગે જતાં વિઘ્નરૂપ બની રહે છે, જે સર્વ અનિષ્ટનું કારણ બની રહે છે.

જો આપણે જૈન શાસનના સર્વ પ્રતીકોનું રક્ષણ કરવા ઇચ્છતા હોઈએ તો નિઃશલ્યપણે ધર્મનું શરણ લઈએ.

वि-सल्लीकरणेणं -
"શલ્ય રહિતપણે ધર્મનું શરણ લઈએ."
થોડા પણ સાચા ધર્મનું બળ આખરે રક્ષણ કરશે.
"धम्मो मंगल मुक्किट्ठ"
"સર્વ મંગળોમાંનો ઊંચામાં ઊંચો મંગળ ધર્મ છે."
"न धर्मो धार्मिकै विना ।"
ધાર્મિક વિના ધર્મ શી રીતે ટકે ?
"પરંતુ ધર્મ વિના ધાર્મિક શી રીતે સંભવે ?"
"रक्षितो धर्मो रक्षति."

માટે ધર્મનું રક્ષણ કરશે તેને ધાર્મિક થવાની તક મળશે. ધર્મ અનન્ય બંધુ છે. માટે તેનું શરણ જલદી કરવાનું. અજાણતાં પણ થતો અધર્મ છોડવો જરૂરી છે.

પ્રભુ મહાવીર દેવના ૨૫૦૦મા વર્ષની એ નવી ઢબની ઉજવણી પ્રભુના મહાઅપમાનનું કારણ છે. માટે તે અનુબંધે હાનિકારક છે એમ સમજી તેનાથી દૂર રહેવું, તે ન થવા દેવી હિતાવહ છે. આ અતિસૂક્ષ્મ સમજણ સમજી ન શકાય તેવું ગહન રહસ્યમય તત્ત્વ છે.

રોપ-વે વગેરે આજનાં અનેક સાધનોના બળથી જેટલો ધર્મ વધારે કરાય છે તેથી તે ધર્મ અધર્માનુબંધી બની રહેતો જાય છે. આ શબ્દમાં જરા પણ શંકા રાખવી હિતાવહ નથી. ધર્મ કરવામાં સગવડ આપવા માટે તેના સાધન વધારાતાં નથી. તેનાં કારણો જુદાં જ છે. જેથી આ દેશમાં ટકી રહેવું પણ કદાચ મુશ્કેલ બને.

## શ્રીયુત જીવતલાલ પ્રતાપસીભાઈ શાહ જોગ,

મુ.પાલિતાણા.

ધર્મસ્નેહ વાંચશો.

ઘણા વખતે પત્ર લખું છું. બરાબર શાંતિ અને દીર્ઘ દૃષ્ટિથી મનનપૂર્વક વાંચજો. પત્રમાં બહુ વિગત અને સૂક્ષ્મ વાતો લખી શકાતી નથી. મને લાગે છે કે મનનથી વાંચશો તો "તમારા વિચારો સાથે સહમત થઈ શકતો નથી" એવું લખવા કદાચ તક રહેશે નહીં.

ધર્મનિષ્ઠ કુટુંબોના શહેરમાં જન્મ ધારણ કરેલો હોવાથી પ્રભુના ધર્મ તથા શાસનના સારા રાગી હો તેમાં બેમત નથી, પરંતુ આજની ભૌતિક હવા મુંબઈના સંસર્ગથી કેટલેક અંશે સ્પર્શી ગયેલી છે, તે તરફ તમારું લક્ષ્ય ખેંચ્યા વિના રહી શકતો નથી. તમે પોતાને આજના વ્યાવહારિક માનો છો તે ગંભીર ભૂલ થાય છે. માર્ગાનુસારી લોકોત્તર અને લૌકિક વ્યવહાર કરતાં આજના ઉન્માર્ગ પોષક અને માર્ગનાશક વ્યવહારની ઘણી અસરથી તમે વાસિત જણાઓ છો. તે તરફ ઘણી વખત તમારું લક્ષ્ય ખેંચવામાં આવે છે, ન ગમવા છતાં તમારી મનોવૃત્તિ તેમાંથી સાર લેવાની હોય છે, એટલે તમને પત્ર લખવામાં સંકોચ થતો નથી. તમારી જેવી સ્થિતિના ગૃહસ્થોને આવા પત્ર લખવાનું મારું સ્ટેટસ ન ગણાય, છતાં ઊર્મિ રોકી ન શકવાથી લખું છું. તેની સારી કે જુદી ગમે તે અસર થાય, તે તરફ મારો બહુ ખ્યાલ રહેતો નથી.

તમે જે સંસ્થા માટે પાલિતાણામાં તન - મન - ધન વગેરે વાપરી રહ્યા છો તેને માટે હાલમાં કાંઈ ન લખતાં પ્રસંગે તમારી સાચી જિજ્ઞાસા હશે તો સાચું રહસ્ય જણાવીશ. જેથી તમારા મનને દુ:ખી થવાનો પ્રસંગ ન આવે.

આજે તો જુદી જ મહત્ત્વની વાત લખું છું.

છેલ્લી 'જૈન' પત્રમાં વાંચેલી જાહેરાત ઉપરથી એમ સમજવામાં આવે છે કે તા. ૨૬-૨-'૬૭ના રોજ **શ્રી શેઠ સાથે ઘણા આગેવાનો**

**શ્રી ગિરિરાજ ઉપર જીર્ણોદ્ધારનું કામ જોવા પધારવાના છે, તો શું તમે પણ તેમાં સાથે જશો? ન જાઓ તે સારું,** કેમ કે તેની સાથે મહાઆશાતના જોડાયેલી છે અને મહાતીર્થની આશાતના નાની હોય તોપણ મોટી થઈ પડે છે ત્યારે આ તો મોટી આશાતના થવાની છે. માટે સાથે ન જાઓ તો તમારા આત્મહિતમાં છે. તમે પણ સાથે હતા એવો ભાસ બીજા અજાણ જીવોને ન થાય માટે, બધાય નીચે આવ્યા પછી અથવા બીજે દિવસે કે આગલે દિવસે સ્પર્શના-પૂજા વગેરે કરી આવો તો પણ આરાધના થશે.

તમને મારી આ વાતથી આશ્ચર્ય થશે અથવા મને મૂર્ખ માનીને મારા વિષે હસવું પણ કદાચ આવે. હું આ જે લખી રહેલો છું તે ખૂબ સાવધાન મનથી, કોઈ જાતના કેફ કે ગાંડપણ વિના જાગતા મનથી, સૂધબૂધપૂર્વક લખી રહ્યો છું એમ મારો અંતરાત્મા કહે છે તેમજ ઊંઘ કે સ્વપ્નમાં નથી લખતો તેની પણ ખાતરી આપું છું અને સાથે જ મારા લખવાના પવિત્ર આશયની સ્પષ્ટતા પણ તમારી જાણ માટે કે તેવા પ્રકારના તમારા પરિચયના જીવો માટે જરૂર આ જ પત્રમાં કરવાનો છું. માટે ચોંકવાની જરૂર નથી. મારી સ્પષ્ટતા ઉપર તમને કેટલી શ્રદ્ધા બેસશે? તે તો હું અત્યારથી કહી શકું નહીં.

ઉપર ચાલતું જીર્ણોદ્ધારનું કામ તો ગિરિરાજની સ્પર્શના તથા સેવાપૂજા કરનારા દરેક જોઈ જ શકે તેમ હોય છે. છતાં તીર્થયાત્રાના બદલે જીર્ણોદ્ધારનું કામ બતાવવાના આશયની પાછળ કળા, કારીગીરી, શિલ્પ, સ્વચ્છતા, રમણીયતા વગેરેની બાબતમાં કેટલું કામ થયું છે? કેવું કામ થયું છે? તે બતાવી તે બાબતમાં પ્રશંસાના શબ્દો સાંભળવાની ઇચ્છા મુખ્ય હોવાનું જણાઈ આવે છે. તેમાં બહુ મોટો દોષ આ કાળે ન પણ ગણાય. મને પણ મારા કામની પ્રશંસા ગમે અને પ્રશંસા ખાતર પણ આ કાળે ધર્મના હિતના કશા દુન્યવી બદલા વિના કામ કરનારા કોણ છે?

વળી, જીર્ણોદ્ધારનું કામ ખૂબ પ્રશંસનીય છે, કરવા જેવું છે, તેનું ફળ ઘણું છે એમ શાસ્ત્રોમાં બતાવેલ છે. તેથી તે તેના ખરા રૂપમાં જરા પણ દોષ પાત્ર કે ટીકા પાત્ર નથી.

પરંતુ આજે ઘણાં વર્ષોથી **જીર્ણોદ્ધાર** શબ્દ બે અર્થમાં વપરાય છે. એક ફાયદાકારક અર્થ છે, બીજો નુકસાનકારક અર્થ પણ છે. તેથી ફાયદા કરનાર અર્થમાં જીર્ણોદ્ધાર કરાય તે ખરેખર અનુમોદના પાત્ર છે, પરંતુ બીજા અર્થમાં અનુમોદન પાત્ર નહીં, પણ પ્રત્યાખ્યાનપાત્ર સંભવે તે સ્વાભાવિક છે. એ જ વાત કળા, કારીગીરી, શિલ્પ, રમણીયતા વગેરે વિષે પણ છે.

આમાં બીજું કાંઈ બહુ ઊંડું રહસ્ય નથી. ધાર્મિક દૃષ્ટિ અને સૌંદર્ય દૃષ્ટિનો ફરક હોય છે. એકમાં કેવળ ધાર્મિક દૃષ્ટિ જ રાખવાની હોય છે, પરંતુ જ્યારે ત્યાં દુન્યવી સૌંદર્ય દૃષ્ટિનો પ્રવેશ થાય કે તે મુખ્ય બની જાય કે તે જ માત્ર હોય તો મહાઅનર્થનું કારણ બને છે. કોઈ પણ સહૃદયી સજ્જન આ સમજી શકે તેમ છે. આ ઊંડાણ સૂક્ષ્મ સમજશક્તિ વિના સમજી શકાય તેમ નથી એ ખાસ ખ્યાલમાં રાખવાનું છે, નહિતર ગેરસમજ થવાની સંભાવના છે.

જીર્ણોદ્ધાર પાછળ સૌંદર્ય દૃષ્ટિ રાખવાનો હેતુ નીચે પ્રમાણે છે.

**એક એવી ગુપ્ત યોજના છે કે બીજા એક ધર્મના ધર્મસ્થાનને શ્રી ગિરિરાજ કરતાં પણ વધારે મહત્ત્વ અપાવવા શ્રી ગિરિરાજનું મહત્ત્વ ઓછું કરાવવું.** આ યોજના કોઈ નવી નથી, જૂની છે, પરંતુ તે ગુપ્ત રખાયેલી છે. આ યોજનાના એક ભાગરૂપે અર્થાત્ **શ્રી ગિરિરાજનું ધાર્મિક મહત્ત્વ જાહેરમાં ભવિષ્યમાં ઘટાડવા માટે તેને કળાના ધામ, મનોરંજનના ધામ, મનોહર દૃશ્યના સ્થાન, કારીગીરીના અદ્ભુત નમૂના રૂપ વિકસાવવાનું છે.** તેમ કરીને તીર્થની યાત્રાને બદલે પ્રવાસના હેતુથી વિઝિટરો ત્યાં આવે અને આકર્ષણ વધે તેમ કરવાની જૂની સરકારની યોજના છે.

**૨૫ લાખ કે વધુ મોટી રકમો ખર્ચીને તેનું આકર્ષણ તથા અદ્યતન સગવડો વધારવામાં આવનાર છે.** આ વાત તમારા જાણવા બહાર હોય તેમ માનવા કારણ નથી. અલબત્ત, હાલમાં તે સ્થગિત છે, પરંતુ બંધ કરેલી નથી. ક્યારે પાછી ઊપડે તે કહી શકાય તેમ નથી.

**દા.ત. વૈદિક ધર્મવાળા લોકોને આકર્ષવા માટે દક્ષિણનાં મંદિરોના જીર્ણોદ્ધાર માટે યુનેસ્કો સંસ્થાએ ૧૭ કરોડથી કાંઈક વધારે ખર્ચવાની વાત મૂકી છે અને ઘણે ભાગે મદ્રાસ સરકારે તે પાસ પણ કરી છે એવો ખ્યાલ છે.**

આ એક જાતની લાલચ છે. તેથી આપણાં ધર્મસ્થાનો યુનેસ્કોના કબજા હેઠળ જતાં જાય અને કાંઈક દૂરના ભવિષ્યમાં તે ધર્મસ્થાનોની જે સ્થિતિ કરવાની છે તે કરી શકાય. યુનેસ્કો સંસ્થાએ આ રકમ આપવા માટે કઈ કઈ શરતો જોડી છે તેની જાણકારી આપવામાં આવે તો ઘટસ્ફોટ થાય.

મુદ્દો એ છે કે આપણે ધાર્મિક હેતુથી આપણાં તીર્થક્ષેત્રોની પ્રશંસા-ભક્તિ- યાત્રા કરતા હોઈએ છીએ ત્યારે આજે કળા-કારીગીરીની દૃષ્ટિ ત્યાં મુખ્ય બનાવવામાં આવે છે. તેનો હેતુ ભવિષ્યની પ્રજાના મનમાંથી તીર્થ પ્રત્યેનો ધાર્મિક હેતુ દૂર કરાવવાનો છે.

શ્રી શત્રુંજય મહાતીર્થને યાત્રાને બદલે પ્રવાસનું મથક બનાવી શકાય- ટૂરિસ્ટ સ્પોટ બનાવી શકાય તે માટે તીર્થની ભક્તિ કરવાના ધાર્મિક હેતુને બદલે, કળા-શિલ્પ- મનોરંજન વગેરેને આગળ લવાતા જવાય છે.

એ બાબત સરકાર કરે એ વાત જુદી છે, પરંતુ આપણે તેની પૂર્વભૂમિકા રચી આપીએ છીએ, આપણે તે દૃષ્ટિને આપણા તીર્થમાં પ્રતિષ્ઠિત કરીએ છીએ એ મોટામાં મોટી આપણા તરફથી તીર્થ ઉપર ધાડ છે. આપણે તે દુન્યવી દૃષ્ટિને મહત્ત્વ આપવું ન જોઈએ. આપણે તો ભક્તિ-સ્પર્શના વગેરે ધાર્મિક દૃષ્ટિને મુખ્ય સ્થાન આપવું જોઈએ; કળા-શિલ્પને મુખ્ય સ્થાન આપવામાં મોટું જોખમ છે.

તીર્થની યાત્રા ધાર્મિક ભાવનાથી કરવી જોઈએ, કળા-કારીગીરી જોવાના હેતુથી નહીં. જેમ જેમ કળા-કારીગીરીનો હેતુ જોર પકડતો જાય અને ધાર્મિક ભાવનાનો હેતુ ગૌણ બનતો જાય તેમ તેમ ગિરિરાજની પવિત્રતા ખંડિત થતી જાય. તેમ થવાથી બીજા એક ધર્મના તીર્થને પવિત્રતમ

તીર્થ તરીકે જાહેર કરવાનો હેતુ સફળ થતો જાય. બે પવિત્રતમ તીર્થસ્થાન ન હોઈ શકે. શ્રી શત્રુંજય તીર્થનું પવિત્રતમ સ્થાન સહજ રીતે જ છે, કુદરતકૃત છે.

ગિરિરાજ ઉપર બહારના પ્રવાસીઓ માટે એક હૉલ કે સ્થાન રાખવાની વાત જાણવા મળી છે. સાચું શું છે તે જાણવું જોઈએ. શિલ્પના બહારના અભ્યાસીઓ માટે રહેવા કરવાની સગવડ વધારાય તે જોખમી છે. પછી બહારના લોકોની સગવડો માટે રસ્તાઓ બને, સડકો બને, હેલિકૉપ્ટરને ઊતરવાની સગવડો ઊભી થાય, મોટરોનું આવન-જાવન શરૂ થાય. આમ બને તો તીર્થની પવિત્રતાનું - ધાર્મિક ગરિમાનું ખંડન થતું જાય, તીર્થ મનોરંજન કરનારા પર્યટન સ્થળમાં ફેરવાતું જાય અથવા જોવા લાયક સ્થળમાં ફેરવાતું જાય.

અહીં જીર્ણોદ્ધાર શબ્દનો પણ સાચો અર્થ સમજી લેવો જોઈએ. જીર્ણોદ્ધાર શબ્દનું આપણું તાત્પર્ય જુદું છે, સરકાર તેનો જુદો જ અર્થ કરે છે, પરંતુ સરકારી અર્થ આપણા ખ્યાલમાં હાલ ન આવી જાય તે માટે સરકાર પણ જીર્ણોદ્ધાર શબ્દનો પ્રયોગ કરે છે.

જીર્ણોદ્ધાર કરાવવા પાછળ આપણા ધર્મનો શાસ્ત્રીય હેતુ પ્રાચીન કલ્યાણક વગેરે સ્થાનો જાળવવાનો તથા પ્રતિષ્ઠા વગેરેના કારણે તે સ્થાનો સાથે જોડાયેલા મહાપવિત્ર- પુરુષોનાં નામોનું સ્મરણ કરાવવાનો હોય છે. જેથી આપણી ધર્મભાવનામાં વિશેષ પ્રેરક બળ ઉમેરાય છે. માટે આવાં સ્થાનોના જીર્ણોદ્ધારનું આઠ ગણું પુણ્ય બતાવ્યું છે.

**જીર્ણોદ્ધાર શબ્દથી સરકારને કાંઈક જુદું જ અભિપ્રેત છે. ધાર્મિક સ્થાનોનો જીર્ણોદ્ધાર કરાવવા પાછળનો સરકારનો હેતુ તે સ્થાનોને પ્રાચીન ઐતિહાસિક સ્થાનો તરીકે, કળા કારીગીરીના નમૂના તરીકે જાળવવાનો હોય છે. તેમાં ધાર્મિક ભક્તિને ક્યાંય સ્થાન નથી હોતું.** પછી ઉપરની બાબતો જાળવવાના હેતુથી તેવાં સ્થાનો ઉપર સરકારી કબજો સ્થાપી શકાય. એટલે કે જૂનાં ધાર્મિક સ્થાનો કબજે લેવા માટે તેને સાચવવાનું- સમરાવવાનું લક્ષ રાખ્યું છે.

આમ, જિર્ણોદ્ધાર કરવા પાછળના બન્નેયના હેતુઓ જુદા હોય છે.

આપણે પણ જીર્ણોદ્ધાર કરવા પાછળ કળા-કારીગીરીને મહત્ત્વ આપતા જઈએ, તો અજાણતાં પણ સરકારી હેતુને ટેકો અપાઈ જાય છે.

જીર્ણોદ્ધારના નામે શિલ્પ, કળા, કારીગીરી વગેરે જાળવવાં કેવાં કેવાં આધુનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે તે બધું બતાવી છેવટે તેને જોવા લાયક સ્થળમાં ફેરવી નાખવાનો સરકારી હેતુ હોય છે.

અર્થાત્ સરકારી હેતુ ધાર્મિક ભાવનાને રક્ષણ આપવાનો નહીં, પરંતુ પ્રથમ પગથિયામાં કળા-કારીગીરી - શિલ્પ જાળવવાનો, બીજા પગથિયામાં તેની જાળવણી બદલે કબજો લેવાનો, ત્રીજા પગથિયામાં તેને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનો, ચોથા પગથિયામાં આધ્યાત્મિક વિકાસમાં તેની પ્રેરકતા તોડવાનો હોય છે અને છેવટના પગથિયામાં તેની ધર્મના તીર્થ તરીકેની પ્રતિષ્ઠા તોડવાનો છે.

**તે પ્રતિષ્ઠા તોડવાનો હેતુ ઉપર જણાવ્યું તેમ અન્ય ધર્મના તીર્થ તરીકે મદ્રાસ પાસેના માઉન્ટ થોમસને પવિત્ર પહાડ તરીકે ઉપસાવવાનો છે.**

અન્ય ધર્મના લોકો પોતાના સ્થાનની સાથે ધાર્મિક ભાવના જોડી તેને પવિત્ર સ્થાન તરીકે વિકસાવે તેની સામે વાંધો લેવાનું કોઈને પણ કારણ નથી, પરંતુ તેમ કરવા માટે અન્ય ધર્મોના ધાર્મિક સ્થાનોની ધાર્મિકતા તોડવાનું લક્ષ વાંધાજનક છે.

માઉન્ટ થોમસને ખ્રિસ્તી ધર્મના પવિત્ર પહાડ તરીકેનું સર્વોપરી સ્થાન શ્રી ગિરિરાજની પવિત્રતા તોડ્યા વિના પ્રાપ્ત થઈ શકે તેમ નથી. એટલે માઉન્ટ થોમસને પવિત્ર ધાર્મિક તીર્થ ઉપસાવાઈ રહ્યું છે અને ગિરિરાજની ધાર્મિક્તા તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે. છાપામાં એ ભાવનું વાંચવામાં આવ્યું હતું કે માઉન્ટ થોમસને પવિત્ર ધર્મસ્થાન માનીને તેની ઉપર જનારા ખ્રિસ્તી લોકો પણ પવિત્રતા જાળવીને ચડે છે.

ગિરિરાજની પૂજા-ભક્તિ માટે ગામો અર્પણ થયાનો ઇતિહાસ છે. તેવી જ રીતે માઉન્ટ થોમસ પાસેના પ્રદેશનાં અમુક ગામોને અમુક વિશિષ્ટ રીતે ગણવાની હિલચાલ થઈ રહી છે, ઉપરાંત ત્યાં આજુબાજુ

એક શહેર પણ વસાવવાનું નક્કી થયું છે, જેમાં ૩૩ દેશોના લોકો આવીને ભારતની જીવનપ્રણાલી પ્રમાણે રહેશે. તેની બાજુમાં એક મોટો પ્રાંત પણ એ ધર્મની મોટી સંખ્યા ધરાવનારો છે. તેવાં સ્થાનો તે ધર્મના મોટી સંખ્યા ધરાવનારાં છે. તેવાં સ્થાનોને તે ધર્મના પ્રદેશો કે પ્રાંતો તરીકે જાહેર કરવાની હિલચાલ પણ ચાલુ છે. અર્થાત્ ખ્રિસ્તી પ્રદેશ કે રક્ષિત પ્રદેશ તરીકે જાહેર કરવાની માગણીની વાત છાપામાં વાંચી હતી.

ઉપરાંત શ્રી ગિરિરાજની સાથે ભારતમાં સંસ્કૃતિના આદિ સ્થાપક શ્રી આદિદેવ પ્રભુનું નામ જોડાયેલું છે. માઉન્ટ થોમસ તરીકે ઓળખાતા પહાડ સાથે ભારતમાં ખ્રિસ્તી ધર્મના આદિ પુરુષ તરીકે આજથી લગભગ ૧૯૦૦ વર્ષ પહેલાં ભારતમાં આવેલા સેન્ટ થોમસનું નામ જોડવાનું છે. તેથી તેને આગળ લાવી આદિ સ્થાપક તરીકે- આદિ પુરુષ તરીકે લોકપ્રિય કરવાની ગોઠવણો ચાલુ છે. તેને માટે ક્યાં ક્યાં પગલાં લેવાઈ રહ્યાં છે તે સ્વતંત્ર રીતે જણાવવા માટેનો વિષય છે.

આ માટે શ્રી શત્રુંજય તીર્થની રચના વગેરેનો અભ્યાસ થઈ રહ્યો છે. અગાઉ પેઢી તીર્થના/ તીર્થ ઉપરનાં દહેરાસરોના ફોટા પાડવા દેતી નહોતી. હવે તો ખુદ પેઢીએ ફોટા પાડી તેનું આલબમ બનાવ્યું છે અને ગુજરાતના ગવર્નર મારફત ખ્રિસ્તી ધર્મના મુખ્ય ધર્મગુરુને ભેટ અપાયું છે. (હાલના પોપ ભારત આવ્યા ત્યારે શ્રી શત્રુંજય મહાતીર્થના ફોટાઓનું આલબમ સાથે લેતા ગયા છે, ત્યારે ગુજરાતના ગવર્નર તરીકે શ્રી મહેંદી જંગ હતા. તેમના દ્વારા એ આલબમ પોપને ભેટ અપાયું હતું.

સાંભળવા પ્રમાણે આ.ક.ની પેઢીએ એ આલબમ તૈયાર કરાવ્યું હતું) તે આલબમનો ત્યાં (પોપના દફતરમાં) ઝીણવટથી અભ્યાસ થાય. ઉપરાંત સ્થાનિક નકશાઓ મેળવવા પણ તેમને સુલભ હોય છે. તેથી તીર્થની પવિત્રતા તોડવા શું શું પગલાં લેવા તે નક્કી થઈ શકે. આ બધું ટૂંકમાં દિશાસૂચન રૂપે લખવામાં આવેલું છે. તીર્થની મહત્તા વધવા દેવા પાછળ, પગથિયાં કરવા દેવા પાછળ ઘણા ભાવિ હેતુઓ સંકળાયેલા છે. આપણે સમજીએ કે આપણા તીર્થને ઉત્તેજન આપવામાં આવે છે, પરંતુ તેનું સાચું કારણ જુદું જ છે.

દેશી રાજ્યોમાં દેશી રાજાઓ પાસે તેમની મોટરો સારી રીતે જઈ આવી શકે માટે સારા રસ્તા કરાવરાવ્યા છે તથા બહારની કંપનીઓએ મોટરનો વકરો સારો થાય માટે પોતાના ખર્ચે પણ રસ્તા કરાવરાવ્યા છે. હવે તેનો ઉપયોગ જાહેર જનતા માટે - બસ માટે થઈ રહેલ છે.

આ બધું પૂર્વયોજિતે હોય છે. જોકે, તમે આ વાત માનશો નહીં, પરંતુ વાત સાચી છે.

પુરાવા - પ્રમાણો, ઘટનાઓના સૂક્ષ્મ અભ્યાસ, આગળ પાછળના ઐતિહાસિક બનાવોની સંકલના - સંશોધન વગેરે ઉપરથી ઉપરની હકીકત જણાવવામાં આવી છે. એમ ને એમ ગપગોળા ચલાવવામાં આવ્યા નથી તેની ખાતરી રાખજો.

પેઢીના કાર્યકર્તાઓ શ્રી ગિરિરાજની યાત્રાએ આવે તો અપૂર્વ પૂજાભક્તિનો પ્રબંધ મુખ્ય હોય. તેને બદલે માત્ર જીર્ણોદ્ધાર બતાવવાને બહાને કળા કારીગીરી બતાવી જાહેરાત અને પ્રસિદ્ધિ ફેલાવવાથી ઉપર જણાવ્યું તેમ અન્ય લોકોને પોતાની યોજનાઓ સફળ કરવામાં સહકાર અપાય છે.

તમારો આત્મા પણ તે હેતુ માટે ન દોરવાઈ જાય, માટે જાહેરમાં ચર્ચા હાલમાં ન ઉઠાવતાં, તમને વેળાસર ચેતવવા પત્ર લખેલ છે. તેનો સદુપયોગ કરવો કે ન કરવો તે તમારી ઇચ્છાની બાબત છે.

બુધવાર, માઘ શુદ- ૧૨-૨૦૨૩.

એડ્રેસ:
રત્નજ્યોતિ,
૧૦, ભક્તિનગર સોસાયટી,
રાજકોટ-૨

## શ્રીયુત જીવતલાલ પ્રતાપસીભાઈ શાહ જોગ,

મુ.જામનગર,
ધર્મસ્નેહી

તમારી સાથેની વાતચીતના અનુસંધાનમાં કેટલાક પ્રશ્નોના ઉત્તરો લખી જણાવું છું.

- ૧ -

૧. કળા-કારીગીરીને આપણે ત્યાં સ્થાન છે, પરંતુ ગિરિરાજની યાત્રાનો આપણો હેતુ તેની સ્પર્શનાનો મુખ્ય છે. બીજો હેતુ સહકારી છે, જે આદિશ્વર પ્રભુની ભક્તિ છે. ત્રીજો હેતુ ગિરિરાજની વિવિધ પ્રકારે આરાધના છે. પછી તેના જિનમંદિરો, તેના વિશાળ વિસ્તાર, કળા-કારીગીરી-શિલ્પ વિગેરેનો છે. આ જાતનો આપણો યાત્રાના લાભનો ક્રમ છે.

૨. તેને બદલે પાશ્ચાત્યો એ બધું ગૌણ કરીને કળા-કારીગીરીને ઘણા વખતથી મહત્ત્વ આપવા માગે છે, અને આખરે તેને મુખ્ય કરી નાખીને યાત્રાળુઓની સાથે પ્રવાસીઓનું આગમન વધારી દેવા માગે છે. અને ધર્મના રહસ્યોથી અજ્ઞાન આજના સુધારકભાઈઓ પણ કળાને રસ્તે ચડે છે, અને જાહેર જનતાને પણ ચડાવે છે.

૩. વળી શ્રી શત્રુંજય ગિરિરાજની મહત્તા ઘટાડીને માઉન્ટ થોમસની મહત્તા વધારવાની છે. બંનેયની મહત્તા ટકાવવી નથી. બંનેયની ટકાવે તો માઉન્ટ થોમસની મહત્તા ટકે નહીં, અથવા મોટા પાયા ઉપરનું સ્વરૂપ લઈ શકે નહીં. આ માટે શત્રુંજયની મહત્તા ઘટાડવી જ જોઈએ. આને માટે ૫૦ વર્ષ લગભગ નીકળી જશે.

૪. તે ઘટાડવા માટે કળા-કારીગરી અને બાહ્ય ભવ્યતાને મોટું સ્વરૂપ આપવું, જેથી ઘણા લોકો ત્યાં આવી શકે. તેઓની સગવડ વિગેરે માટે આકર્ષણ વધારવા વિગેરેની યોજનાઓ છે. તો જ ભવિષ્યમાં યાત્રા ગૌણ થઈ પ્રવાસ મુખ્ય થઈ જાય. આ દૂરગામી યોજના છે. ૨૫ લાખ ખર્ચવાની વાત આ મુદ્દા ઉપર છે.

૫. તેથી ગયા અંકમાં ''જૈન''માં છપાયેલા ''તીર્થયાત્રા અને કળાયાત્રા'' લેખની મારે સમાલોચના કરવી પડી હતી. કળા સામે આપણો વિરોધ નથી, પરંતુ તેને આગળ કરીને ભવિષ્યમાં ધાર્મિક યાત્રા દબાવી દેવાની ગુપ્ત ગોઠવણ છે તે બરાબર જાણ્યા પછી મારે વિરોધ કરવો પડેલ છે.

૬. શેઠની ઇચ્છા તીર્થભક્તિ સાથે કળાની મુખ્યતા છે. તેમની ઇચ્છા લોકો યાત્રા ન કરે તેમ નથી, પરંતુ જેઓ તીર્થને ડુબાવવા માગે છે, તેઓ આવી પ્રસિદ્ધ વ્યક્તિને નામે કળાનું મહત્ત્વ કરાવરાવીને તે પછી પોતાનો પ્રવેશ કરાવી શકે તેમ છે. આ બધું સમજવા જેવું છે. કદાચ તમારી સમજમાં બરાબર ન આવે તો ઉપાય શો ?

૭. પરંતુ ભવિષ્યમાં સારા સંજોગો હોય તોપણ એ થાગડ-થીગડ ટકાવી રાખવું યોગ્ય ન ગણાય એ વાત ખરી છે, પરંતુ ધાર્મિક મહત્ત્વને ઘટાડીને કળાનું મહત્ત્વ વધારવાની હિલચાલ મોટા પાયા ઉપર ચલાવી છે, તે અનુચિત છે. શેઠને આગળ કરીને તેમને હથિયાર બનાવાય છે, જેનો તેમને ખ્યાલ નથી. પછી શેઠને નામે કળાનાં વખાણ કરીને તેની પાછળ ગીરના સિંહોનાં દર્શનની હિલચાલ વધારી દીધી છે, તેમ વધારી દેવાશે. આ લફરું વચ્ચે પેસવાનું ન હોત તો કશું વિચારવાનું નહોતું, પણ આ લફરું પેસવાથી આ વિચારવું પડે તેમ છે. આ હિસાબે થાગડ-થીંગડ હતું તે બરાબર હતું.

૮. કળા ખુલ્લી કરવાનું રચનાત્મક કામ સારું લાગે તેમ છે, પરંતુ તેની પાછળ બીજા લોકોનો તીર્થ ડૂબાડવાનો પાકે પાયે આશય છે. આ રહસ્યમય વાત તમે શેઠ લોકો ન સમજો તે શી રીતે યોગ્ય ગણાય ?

આ વાત સાચી હોય તો ધ્યાનમાં લેવી જોઈએ કે નહીં? સંક્ષેપમાં આ ખુલાસો છે.

- ૨ -

હું તો બુડથલ કહીને હસી કાઢતો નથી. પરંતુ મારા મનમાં એક બાબત છે કે આજના ૫૦-૭૫ વર્ષના ગૃહસ્થો જૈનશાસનની ઘણી બાબતોથી અજ્ઞાત બનતા જાય છે અને ઘણી બાબતોમાં ઊંઘું મારે છે.

જે કામ પૂર્વાચાર્ય ભગંવતો કરતા હતા, તે આજના શ્રીમંત શેઠોના હાથમાં મુકાયેલ છે. જેથી મહાન વસ્તુને ભયંકર અજાણપણે ધક્કા લાગે છે અને જેનાં ભયંકર પરિણામો દિવસે ને દિવસે આવતાં રહે છે. તેમ છતાં વારસાગત ધર્મભાવનાથી તેઓ અનેક જાતનો ભોગ આપે છે. સાધુ, સાધ્વી, તીર્થ, મંદિર વિગેરેની આફત વખતે દોડી જાય છે, એ દોડવાનું તેઓએ કરવું પડે છે. મારા જેવાથી દોડાય તેમ નથી. શક્તિ નથી, સાધન નથી, તો એટલા દોડવા પૂરતા પણ તેઓ સારા છે, તેમ મનમાં અનુમોદના રાખીને, તેમને અજ્ઞાની, બુડથલ કે સમજ વગરના એવા શબ્દો ઇરાદાપૂર્વક વાપરતો નથી. કેમ કે તેઓના મનનો આશય નુકસાન કરવાનો નથી. સારું કરવાનો આશય છે, તેની પાછળ ભોગ આપવાનો આશય છે, છતાં અજ્ઞાનથી પરિણામ ઊલટું લાવે છે. તેથી ચેતવવા હળવી ભાષામાં પણ શિખામણ આપવી પડે છે. જેથી ચોંકી ઊઠી સાવચેત થાય. એ સિવાય બીજો આશય નથી. માટે કડવી, પણ હિતકારી વાત કહેવામાં આવે છે.

કારણ એ છે કે પેઢીના જન્મની પૂર્વભૂમિકાનો ઇતિહાસનો પાયો જૈનશાસન, જૈન ધર્મ જૈન સંઘ એ વિગેરેને ડુબાડવાની ભૂમિકા ઉપર રચાયેલ છે. તેને બચાવવા કડક હાથે જાગ્રત કરવાનો આશય છે. પેઢીના નાનામોટા ગમે તેટલા લાભ હોય, છતાં તેનાથી જો જૈન ધર્મને ભવિષ્યમાં જીવનમરણનો પ્રશ્ન થવાનો હોય તો એ નાના લાભો જોવાય? કે મૂળ મોટા નુકસાનથી બચવાના પ્રયાસોમાં પડવું જોઈએ? કે તેની પ્રશંસામાં અને તેની આળ પંપાળમાં ભળવું? શું મોટું નુકસાન? સંઘ અને શાસનને જગતમાંથી લુપ્ત કરવાની ઈન્દ્રજાળ આગળ ધપી રહી છે. તેમાં ભવિષ્યમાં પેઢીનો સાથ મળે તેમ છે. આ માટે બ્રિટિશોએ જૂના વખતથી પેઢી સ્થાપાવેલી છે.

૧. પેઢીનાં સારાં કામોનાં વખાણ કેમ ન કરવાં ? તેને ઉત્તેજન કેમ ન આપવું ? આ પણ પ્રશ્ન તમારો મુદ્દાનો છે.

૨. તમે એક મોટું કારખાનું સારી રીતે ચલાવતા હો, કામ કરનારા સારી રીતે કામ કરતા હોય, દરેક સારા માણસો હોય, પણ તે કારખાનું ચલાવતાં મોટી ખોટ આવે તેમ હોય, અથવા મશીન ફાટીને મોટો ધડાકો થવાનો હોય એમ નક્કી હોય, છતાં શું સારા માણસોના સારા કામ પૂરતા ખુશી થઈને તે કારખાનું ચાલુ રાખો કે બંધ કરો ? તમે પોતે શું કરો ?

૩. પેઢીના કામ કરનારા આગળ પડતા ટોચના ભાઈઓ છે. નિઃસ્વાર્થ ભાવે ભક્તિથી કામ કરે છે. કેટલાક તો આત્મકલ્યાણની બુદ્ધિથી કામ કરતા હશે એમ કબૂલ કરવામાં પણ વાંધો નથી. કેટલાક તો જૈન ધર્મના પ્રાણ સમાન મહાતીર્થોની સંભાળ જેવા ઉત્તમ કામમાં હાર્દિક ભાવનાથી ઘરનો ખર્ચ કરીને કામ કરતા હોય છે. તેમાં પ્રશંસવા જેવું શું નથી ? આથી વિશેષ ગૃહસ્થો માટે શું હોઈ શકે ?

૪. છતાં તેનો વિરોધ શા માટે ? શું વિરોધ કરવાની લત પડવાથી વિરોધ થાય છે ? તમે કહેશો કે તમે સેંકડો બાબતોમાં વિરોધ કરો છો, તો શું બધું ખરાબ હોય ?

આ એક સામાન્ય સમજનો પ્રશ્ન છે. ડાહ્યા માણસો વિચારી શકે કે આવા મોટા વિરોધમાં જરૂર મહત્ત્વનાં કારણો હશે.

૫. એટલે કામ કરનારાઓનો વિરોધ કરવો કે તેમની નિંદા કરવી એવો આશય સાડા ત્રણ કરોડ રૂંવાડામાં હોઈ શકે ? સંભવી શકે ? છતાં વિરોધ થાય ત્યારે તેના ઊંડાણમાં ઊતરવું કે નહીં ? બીજી નાની સૂની બાબતમાં જુદી વાત છે, ત્યારે આ મહત્ત્વની બાબત છે.

૬. તેમાં કારણ એ છે કે પેઢીના જન્મની પૂર્વભૂમિકાની સાચા ઇતિહાસથી આજે આપણામાંનો મોટો ભાગ અજ્ઞાત છે. પેઢીનો

વહીવટ કરનારા પણ, વર્તમાન પૂ. આચાર્ય મહારાજાઓ પણ, અને વકીલ બૅરિસ્ટરો તથા જૈન વિદ્વાનો અને વર્તમાન પત્રકારો અને ઇતિહાસ લેખકો પણ.

૭. ત્યારે તમે કહેશો કે તમે એક જ જાણકાર બીજા બધાય અજાણ?

પરંતુ વસ્તુસ્થિતિ એવી છે તે હું જણાવું, તેમાં મારો વાંક શો? સાચું કહું તે પણ મારો દોષ? એ પણ કમનસીબી તો ખરી જ, પણ ઉપાય શો?

શાંત ચિત્તે મને પૂરો સાંભળવામાં આવે, તર્કશુદ્ધ રીતે પ્રમાણો અને પુરાવાથી મારા કથનની કસોટી કરવામાં આવે, અને હું પૂરે માર્કે પાસ થાઉં, તો મારી વાતનો સત્યાંશ તો કબૂલ કરવો જોઈએ કે નહીં?

વાત ખરી હોય, વાત ખરી મનમાં લાગે, પૂરેપૂરી રીતે મનમાં ઠસે, તોપણ ન સ્વીકારવી એ કેમ બને? તો મને શાંતિથી પૂરો વિદ્વાનોએ તો સાંભળવો જોઈએ ને? આ મારી ફરિયાદ છે. વગર સાંભળ્યે, વગર સમજ્યે, મને પંતુજી કહીને હસી કાઢવામાં આવે, અને આમાં ભૂલચૂક કોઈનીય નથી? યોગ્ય છે?

- ૪ -

"વહીવટમાં સાધુ મહારાજાઓની ડખલગીરી હોવી ન જોઈએ." એ વાત એક રીતે પસંદ કરવા જેવી ગણી શકાય. કારણ કે સાવદ્ય પ્રવૃત્તિમાં સાધુ મહારાજાઓ ભાગ ન લે એ તેમના વ્રતની દૃષ્ટિએ યોગ્ય છે. માટે ભાગ ન લે એ ઇચ્છવા યોગ્ય છે. પરંતુ ધાર્મિક સંપત્તિઓના વહીવટની નિયમાવલી સાધુ મહારાજાઓ પાસે તૈયાર કરાવવી, અને પાસ કરાવવામાં વહીવટમાં ક્યાં તેમની દરમિયાનગીરી આવે છે? પછી કોઈ મિલકતોનો દુરુપયોગ કરવાની પણ શંકા રાખવાની રહેતી નથી. કારણકે જૈન ધાર્મિક સંસ્થાઓ જૈન ધર્મના દૃષ્ટિબિન્દુઓથી વિરુદ્ધ તો ચલાવી શકાય નહીં, તેમ જ સ્વચ્છંદપણે ચલાવી શકાય નહીં. તેથી ધાર્મિક બાબતોથી અને તેમાં બાધક ન થાય તેવા કાયદા અનુસાર નિયમાવલી હોય તો તેમાં વાંધો શો? પછી સાધુ મહારાજ ક્યાંય વચ્ચે આવે તેમ હોય છે?

ધાર્મિક સંપત્તિઓના શાસ્ત્રીય વહીવટ અંગે ગૃહસ્થો ઘણી બાબતોથી અજાણ. આજના કાયદાશાસ્ત્રીઓ અજાણ. હવે પછીના ગૃહસ્થ કાર્યવાહકો આવશે તે તો વળી સાવ અજાણ. ભાગ્યે જ સમ્યક્ શ્રદ્ધાયુક્ત વ્યક્તિઓ મળી શકે. તે સ્થિતિમાં મુનિ મહારાજાઓને દૂર રાખવા એ જોખમી કામ છે. ખ્રિસ્તી આર્ચબિશપોની એ નીતિ હોય છે, અને સત્તા મારફત એવું કરાવી શકતા હોય છે. એટલા પૂરતું આપણે પણ તેમ કરવું શી રીતે યોગ્ય છે ?

શ્રમણ સંસ્થાના એ અધિકારનો અસ્વીકાર થાય તો એમ જ સમજી લેવાનું રહે કે તો શ્રમણ સંસ્થા માત્ર ખાન-પાન-વસ્ત્ર-પાત્ર-વસતિ મેળવવામાં જ અધિકારી હોવાની તો પછી હવેથી ગણવાની રહેશે. જૈન શાસન કે સંઘમાં તેનું સ્થાન જ બાદ રાખવાની નીતિ હવે અપનાવવાની રહેશે. હવેથી પેઢીના કાર્યકરો પણ શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણેનો વહીવટ કરનારની યોગ્યતા ધરાવનાર જ રાખવામાં આવશે એવો નિયમ કરવો જ પડે. તો પછી પૂજ્ય પુરુષોને તેમાં લક્ષ્ય આપવાનું ન રહે એ સ્વાભાવિક છે.

જૈન ધર્મની ધાર્મિક સંપત્તિઓના વહીવટમાંથી જવાબદાર અને જોખમદાર વર્ગને સર્વથા બાદ રાખવો એ વિચાર જ કઈ રીતે જરા પણ કાને સાંભળવા પાત્ર હોઈ શકે ? અને મુનિ મહારાજાઓ જો તે વાતનો સ્વીકાર કરે, તો તેઓના દર્શનાચારનું પાલન જ શી રીતે થઈ શકે ? તથા તેમના જ્ઞાન અને ચારિત્રાચાર વિગેરેની શુદ્ધિ શી રીતે રહી શકે ? તેઓમાંની કોઈ વ્યક્તિ ખોટી ડખલ ન કરે, દુરુપયોગ ન કરે, એવા પ્રતિબંધ સમજી શકાય તેમ છે. **પરંતુ સુવિહિત પુરુષોના સંબંધનો જ વિચ્છેદ એ તો એક ભયંકર વિચાર ગણાય. એનો અર્થ જ એ થાય છે કે જૈનશાસનમાંથી સાધુ-સાધ્વીજી વર્ગને બાદ જ કરવાનો ? આવો વિચાર એક વાહિયાત વિચાર જણાય છે. વચ્ચે દરમિયાનગીરી નહીં એ સમજાય તેવી બાબત છે, પણ તેમની સલાહ, સૂચના, તેમની પાસે નિયમાવલી પાસ કરાવવી નહીં એ શી રીતે જરા પણ યોગ્ય છે તે કોઈથીય સમજી શકાય તેમ નથી.**

**યદ્યપિ સાવદ્ય પ્રવૃત્તિ મુનિ મહારાજાઓને કરવાની નથી હોતી, છતાં સમજવાનું તો એ છે કે રત્નત્રયીની કોઈ પણ પ્રવૃત્તિ સાવદ્ય નથી. રત્નત્રયીની સાધનામાં હિંસા કે અહિંસા પણ અહિંસા છે અને સત્ય કે અસત્ય પણ સત્ય છે. એ જ પ્રમાણે રત્નત્રયીની આરાધના વગરની અહિંસક કે હિંસક પ્રવૃત્તિ પણ હિંસક પ્રવૃત્તિ છે અને સત્ય કે અસત્ય પણ અસત્ય છે.**

આમ છતાં અતિચાર અનાચારની સંભાવના હોવાથી તેવી બાબતોથી મુનિરાજ દૂર રહે તે તેમના માટે હિતાવહ છે. અનાભોગાદિકથી પણ દોષનું સેવન થઈ ન જાય માટે હિતાવહ છે. તેનો અર્થ એ નથી કે શાસનમાં ગમે તે બને તે પણ ચાલવા દેવા તેઓ બંધાયેલા છે એમ સમજવાનું નથી. શ્રાવકો કે કોઈ પણ માર્ગ વિરુદ્ધ આચરણ કરે, અને મુનિમહારાજ મૂંગે મોઢે જોઈ રહે તો તેઓ મોટા પ્રાયશ્ચિત્તના ભાગીદાર બને છે.

**શ્રાવકો શાસનના માલિક નથી. તેઓ તો ઉપાસક છે, અનુયાયી છે, આરાધક છે. ત્યારે ધર્મ વિશ્વનો માલિક છે, અને તે આધારે શાસનના વફાદાર ચારિત્ર પાત્ર જૈન મુનિ મહાત્માઓ ધર્મની માલિકીના જવાબદાર સંચાલકો છે.**

અરે, ગામેગામના સંઘમાં ભલે ત્યાં સાધુ - સાધ્વી મહારાજ ન વિચરતા હોય, છતાં ત્યાંનો સંઘ એકલો શ્રાવક કે શ્રાવિકાનો સંઘ નથી જ. ત્યાં પણ દેવ-ગુરુ હાજર છે. ચતુર્વિધ શ્રમણ સંઘ હાજર છે. તેની રૂઇએ સ્થાનિક સંઘોનો સ્થાનિક સંચાલન કરવાનો અધિકાર છે. સિવાય નથી.

એક ઘર હોય કે એક પ્રતિમા હોય કે એકાદ વ્યક્તિ હોય, તોપણ ત્યાં ચતુર્વિધ શ્રમણ સંઘ હાજર છે, એમ માનીને તેની રૂઇએ સ્થાનિક સંઘ કામ કરી શકે છે, નહીં કે મનમાની રીતે. આવી બધી જૈન શાસનની વ્યવસ્થાનો શું પેઢી લોપ કરવા માગે છે? આનો બીજો શો અર્થ થાય? માટે દરેક કામ સમજીને ઘટતી રીતે કરવું જોઈએ. જો કોઈ એમ માનતા

હોય કે પેઢીથી વિરોધ કરવો, તેનો સામનો કરવો, એવા ખ્યાલથી કાંઈ પણ લખવામાં આવે છે તો તેમ જરા પણ સમજવાનું નથી. પરંતુ પેઢી દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રાજ્ઞા વિગેરેને દૂર ફેંકી દેવાની વિદેશીય નીતિમાં સહમત-સહયોગી અને કામ કરવામાં તૈયાર રહે, ત્યારે તે સત્યને હિત બુદ્ધિથી બહાર લાવવામાં આવે તેમાં ક્યાં વાંધો આવે છે ?

વકીલ, બૅરિસ્ટરોને શી માલૂમ છે કે આપણી ધાર્મિક માન્યતાઓ શી છે ? અને કઈ બાબતથી તેમાં મોટા વાંધા ઊભા થાય તેમ છે ? તથા જ્યારે *બંધારણમાં ધાર્મિક માન્યતાઓને સ્વાતંત્ર્ય અપાયું છે*, તો તે સ્વાતંત્ર્યનો પેઢીએ જ સામે ચાલીને શા માટે ઉપયોગ ન કરવો ? તેનાથી વિપરીત વલણ શા માટે ધરાવવું ?

આ બધા મૂળભૂત પ્રશ્નોની વિચારણા કરીને પેઢી વર્તન કરે તો તેની વચ્ચે કોઈ આવી શકે તેમ છે ? કોઈ વચ્ચે આવવાની વિચારણા પણ કરે ?

આપણા શ્રી શ્રમણ સંઘમાં બધાએ બધા શાસનને વફાદાર નથી અને ચારિત્રપાત્ર કોઈ નથી એમ શી રીતે માની લેવામાં આવે છે ? સામી બાજુએ ધાર્મિક લાયકાતની કસોટીએ ચડયા વિનાના ગૃહસ્થો શાસનના વફાદાર છે અને આજ્ઞાનિષ્ઠપણે જવાબદારી અને જોખમદારી સંભાળનારા છે એમ પણ શી રીતે માની લેવાય તેમ છે ?

સરકારી નીતિ કદાચ એવી હોય કે ધર્મગુરુઓને દૂર જ ફેંક્યા કરવા. પરંતુ આપણે જૈન ધર્મીઓ તેને શી રીતે ચલાવી લઈ શકીએ ? એ પણ શ્રી સકળ સંઘે વિચારવાનું હોય છે. સાથે જ એ વાત ખરી છે કે શાસનની અડગ વફાદારી, પ્રભુની શ્રી સંઘની અજબ શિસ્ત, તથા વર્તમાન ધર્મસાધક દ્રવ્ય-ક્ષેત્ર- કાળ અને ભાવ પ્રમાણે નિર્દંભપણે ચારિત્રપાત્રતા ધરાવનાર મહાત્માઓએ ગુરુઆજ્ઞા મેળવી આગળ આવવું પડશે. જેથી શ્રી શાસનમાં ગુરુપદ તરફથી પરમ આશ્વાસન મળી શકે, નહીંતર પ્રભુના શાસનની વફાદારીને તિલાંજલિ આપી ગણાશે.

શાસનમાં ગમે તેમ થાય તે જોયા કરવું, અને બીજી બાજુ ચારિત્ર પાળવાની ખુમારી રાખવી. શી રીતે સુસંગત થાય તેમ છે ? સાથે જ

શ્રીમંતોએ પણ ધર્મતંત્રના એકહથ્થુ ઇજારદાર તરીકેના અભિમાનથી દૂર રહી, પ્રભુના શાસનના સાચા સેવક તરીકેની સ્થિતિમાં રહી, નિર્દંભપણે પ્રભુશાસનની ભક્તિ કરશે તો આરાધક ભાવ પ્રાપ્ત થશે, નહીંતર વિરાધક ભાવમાં તો ઘણી રીતે બેઠા છીએ.

-૫-

૧. પાલિતાણા આવેલ પત્ર અંગેનો ખુલાસો- ચર્ચા તમારી સાથે રૂબરૂ થઈ જવાથી પત્રમાં તે અંગે નવીન લખવાનું રહેતું નથી. આ બાબત મારી સાથે કરેલી વાતચીતની મેં કશી ચર્ચા કરી નથી. તમારા વિચારો મેં સાંભળી લીધા છે.

મેં કશો રીતસર જવાબ આપેલ નથી. કેમ કે મને તે બાબત અવકાશ આપવામાં આવેલ નથી. મેં મારા પત્રોના ૧લા લેખમાં તેનું રહસ્ય સમજાવ્યું છે.

૨. મારી પદ્ધતિમાં ક્યાં ત્રુટી છે, કે જે દૂર કરવાથી મારી સાચી અને હિતકારી બાબત અમલમાં આવી શકે - એવો કયો ઉપાય છે. ?

હું કોઈનું અપમાન કરતો નથી. શાસનથી વિરુદ્ધની ટીકા કડક શબ્દોમાં કરું છું, તો જેને સારું કામ કરવું હોય તે મારી સામું જોયા વિના પણ સારું કરી શકે છે. મારી ભાષા કડક લાગે એટલા માટે ઊલટું કરે તેમાં મારી ભૂલ શી? તેમાંથી યોગ્ય સાર સમજીને સારું કરે. કોઈ રોકે છે? ઊલટું શા માટે કરે? છતાં કરે તો તેના જ કમનસીબ ગણાય. છતાં તમે પદ્ધતિ બતાવો તો તે લેવામાં મારો વિરોધ નથી. શક્ય અમલમાં પણ મૂકવા ખુશી છે, પરંતુ એક વાત નક્કી છે કે હું મૌન રહીશ, પરંતુ વગર કારણે ખુશામત મારાથી બનવી મુશ્કેલ છે, છતાં શાસનના હિતનું સાચું કામ કરનારના ચરણના દાસ રહેવામાં મને આનંદ છે. તેમની નમ્રભાવે સેવા ઉઠાવવામાં પણ પ્રમોદ રહેશે. પરંતુ સિવાય ખોટી ખુમારીથી શાસનને હાનિ કરનારી બાબતો ચલાવી લેવી મુશ્કેલ છે. તે યોગ્ય પણ નથી. અમૃતલાલ કાળીદાસ દોશીના વર્ધાના ભાષણ વિષે 'શેઠ સાહેબ-મહેરબાન' વિગેરે નમ્રતાભરી ભાષા રાખવા છતાં તેમાંથી શો સાર

ગ્રહણ કર્યો? તેના કોઈ પ્રત્યાઘાત જણાયા નથી. નમ્રમાં નમ્ર ભાષા લખવા છતાં શો વાંધો આવી ગયો? ભાષમાં જૈન ધર્મ અને શાસનને ભયંકર હાનિ થાય તેવું કેટલું બધું ભરડયું હતું. એટલે શું શ્રીમંતો જૈમ ધર્મ વિષે ગમે તેમ બોલવા સર્વથા સ્વતંત્ર છે? બોલો જરૂર બોલો. છદ્મસ્થની ભૂલ પણ થ્રાય, પરંતુ ગમે તેમ બોલવું શી રીતે યોગ્ય ગણાય? છતાં મારી ભૂલ કાઢવી? પોતાની ભૂલ ધ્યાનમાં લઈ સુધારવી જ નહીં, એવા આગ્રહી શા માટે બનવું જોઈએ?

છતાં મને પદ્ધતિ બતાવો. તે બીજી રીતે મહત્ત્વની વાંધા-ભરી નહીં હોય, તો તેનો ઘટતી રીતે સ્વીકાર કરવામાં વાંધો નથી.

-૬-

અનેક સૂચનો છતાં પેઢીની નિયમાવલી શાસનને અનુસરીને કેવી હોઈ શકે તે આપણે જોવી જોઈએ, અને કાયદાથી અને શાસ્ત્રાજ્ઞાથી બાધ ન આવે તેવી હોય તો તે વિષે વિચાર કરવામાં અડચણ નથી, એવો નિર્ણય પેઢીએ કેમ ન લીધો?

હજી પણ એ બાબત વિચાર કરો. તમારે તેનો અભ્યાસ કરી યોગ્ય લાગે તો તમારો વિચાર પેઢીમાં મૂકવો જોઇએ. પરંતુ તમારો આગ્રહ હોય કે ના એમ કર્યું તે જ બરાબર, વકીલ બૅરિસ્ટર કહે તે બરાબર, તો કશું કહેવાનું રહેતું નથી.

કાયદાની બાબતમાં વકીલ કહે એ બરાબર છે, પરંતુ વકીલ બૅરિસ્ટરને ધાર્મિક હિતોનું અને હેતુઓનું જ્ઞાન નથી હોતું. એટલે તેના ઉપર બધો આધાર શી રીતે રાખી શકાય?

બૅરિસ્ટર હીરાલાલ દલાલ હાલ કાંઈક અનુભવી થયા છે. તે પણ અમારા લખાવેલા કેસો લડવાથી થયા છે. હજુ તો પાશેરામાં પહેલી પૂણી છે.

તમે સારા આશયવાળા, શાસનની ભક્તિ કરવાની ઇચ્છાવાળા, પરંતુ બંનેય તરફનો અનુભવ તો તમને પણ ન ગણાય. શાસ્ત્ર બાબતમાં પૂજ્ય પુરુષોને પૂછવું પડે, અને કાયદાની બાબતોમાં ધારાશાસ્ત્રીને

પૂછવું પડે. તમારી બંનેય તરફથી સમજણની બાબતમાં પરાશ્રિતતા છે, માટે બંનેય તરફ જાણવાની ફરજ છે. એકતરફીએ એમાં ધ્યાન રાખવું હિતાવહ નથી.

પેઢીના ભક્ત તરીકે હું મને ઓળખું છું. આટલાં વર્ષો ઘણી ખામીઓ જાણવા છતાં તેના પક્ષમાં જ રહ્યો છું. પરંતુ જ્યારથી શેઠે ધર્મનિરપેક્ષ જોહુકમી ચલાવવા માંડી છે, અને બંધારણને રજિસ્ટર કરાવવાની હઠ લઈ બેઠા છે, તે સ્થિતિમાં મૌન રહું તોપણ જોખમ, અને બોલવામાં તમારા કહેવા પ્રમાણે ઊલટું પરિણામ આવે. તો શું કરવું ?

અરે, શ્રી મુનિ મહારાજાઓને બદલે થોડાક ગૃહસ્થો તથા વકીલો મળીને નિયમો ઘડે. તેને નિયમાવલી કહેવી કે બંધારણ? એ પછી વિચારવાનું છે. પરંતુ જ્યાં દુરાગ્રહ હોય ત્યાં શું થાય ? જેણે આ બંધારણ ઘડયું છે તેને કેમ જાણે કે ખાસ કરીને જૈન ધર્મની ગંધ પણ ન હોય એમ સ્પષ્ટ સમજાય છે. પછી તેના સિદ્ધાંતો અને તેના રહસ્યોની વાતના ખ્યાલની તો વાત શી ?

હું તો ચેતવણી આપું છું કે તમારે તે રાખવું હોય તો તે જ રાખો. મારું અંગત નુકસાન કોઈ થવાનું નથી. પરંતુ રજિસ્ટર કરાવ્યા પછી તમારા હાથની વાત નહીં રહે. હાથી આગળ પૂળો થઈ પડશે. પછી અટવાશો. પસ્તાશો. માટે ચેતવું છું. ન ચેતો તો તમારી મરજી. હું તો ચેતવણીનો ઘંટ વગાડતો રહીશ. તેનું ઊલટું કે સુલટું પરિણામ લાવવું તે તમારા સૌની મનોવૃત્તિ ઉપર આધાર રાખે છે. બહારવાળા તો તમારા બે-ચારની હા એ હા કરનારા હોય છે. ભાગ્યે જ પડઘો પાડતા હોય છે. એટલે તમારે મજા થાય કે બધા ઘણા પ્રતિનિધિઓની સમ્મતિથી કામ કર્યું છે. બીજે એમ કરો. પણ ધાર્મિક ક્ષેત્રમાં એમ ન કરો.

ધર્મના વિરોધીના વિરોધમાં એમ ભલે કરો, પરંતુ ધર્મપક્ષની સૂચનાઓ વિશે એમ ન કરો. પાપમાં પડશો. તમારો કોઈ સ્વાર્થ નથી. પુણ્ય ઉપાર્જન કરવા કામ કરો છો, પણ ત્યાં જ ગંભીર ભૂલ થાય, તો મહાપાપની સંભાવના છે. માટે વારંવાર લખું છું.

- ૭ -

પવિત્ર શ્રમણ ભગવંતોના સંઘ વિષેની તમારી સૂચના ઘણી મહત્ત્વની છે. તિથિ બાબતમાં પણ મારા પ્રયત્નો મૂળથી જ ચાલે છે અને હજી પણ ચાલશે. તેમાં સફળ થવાતું નથી એ પણ હકીકત છે.

ખરી રીતે મારે પાસે જઈને બે - ચાર-પાંચ-દશ દિવસ રહેવાની જરૂર છે. દરેકનાં મન ગાળવા અને કૂણા પાડવાની તથા બીજી વિચારણાની જરૂર છે. ત્યાં જવા-આવવા માટે સાનુકૂળ સાધન -મારા ખાનપાન માટે ઘરની વ્યવસ્થા- એકાદ ધાર્મિક ભાઈ સાથે. જરૂર જણાય તો ત્યાં પ્રભાવના પણ કરીયે. તેથી યોગ્ય ફંડ પણ જોઈએ.

એકાદ લાખની રીતસર સગવડ હોય તો ઝપાટાબંધ કામ પાર પાડી શકાય તેમ છે. દરેકની ઘેડ સમજવામાં છે. માત્ર અમલ કરવાની વાર છે. તેથી જવું-આવવું જરૂરી છે. છ એક માસના પ્રવાસની જરૂર છે.

તે રકમ ભલે આવતી જાય. અમુક હસ્તક જ રહે. તેનો હિસાબ રખાય. મારે તેને સ્પર્શ પણ કરવાનો નહીં. મારી સૂચના પ્રમાણે ખર્ચાય. ઉપરાંત મારાં કપડાં-ખોરાક–દૂધ-ફ્રૂટ વિગેરે તો મારા પોતાના ખર્ચે જ રહેશે. મુસાફરી ખર્ચ તથા બીજો ખર્ચ તેમાંથી થાય. જરૂર ન પડે તો પાછા મળે. તો બહુ જ સુંદર રીતે કામ થાય તેમ છે. અને મારી ઇચ્છા આપણા આચાર્ય મહારાજાઓની પ્રધાનતામાં ભારતના બીજા ધર્મગુરુઓને પણ મેળવવાની મારી ગોઠવણ છે. આ બાબત ડુંગરપુરના રાવળ શ્રી લક્ષ્મણસિંહજી મહારાજ સાથે તાજમહાલ હોટલમાં વાતચીત થઈ હતી. તે વિના ૧૦૦ વર્ષમાં સંસ્કૃતિનો ભુક્કો બોલી જશે, અને બસો વર્ષે એક પણ હિન્દુ ખમીરવાળો જુવાન મળવો મુશ્કેલ પડશે. ભારતમાં આ સ્થિતિ હશે. દેશની ખૂબ ઉન્નતિ થઈ હશે, પણ હાલની આપણી પ્રજાની ઘણી જ અવદશા થયા વિના રહેશે નહીં એ નિશ્ચિત માનજો.

એક દિવસ બહાર નીકળ્યો. ત્યાં તાવ આવી ગયો. આજે પણ તાવ હોવાથી ઉપચાર ચાલુ છે. તેથી મુસાફરી માટે ભય રહે છે, અને તે વિના કામ શક્ય નથી.

હું મારી રીતે કામ કરી રહ્યો છું, પરંતુ તેની ગતિ ઘણી જ ધીમી - ઘણી જ ધીમી. એટલે તેનું મહત્ત્વ શું રહે ? મારા કોઈ પણ લખાણનો ભળતો જ અર્થ ન કરવા ખાસ લક્ષ ખેંચું છું. ખુલાસો મેળવવો. મારો કશોય આગ્રહ નથી. જેમ સારું થાય તેમ કરવામાં ખુશી છું. કોઈપણ કરે. હું જ કરું એવો આગ્રહ નથી. જે કરે તેના સહકારમાં રહીને - સેવામાં રહીને પણ સારું થાય તે ઇચ્છા  છે. **જેમ રાજાઓ ગયા તેની સાથે મહાપુરુષોની રાજનીતિ ગઈ અને લોકો આંતરિક રીતે દુઃખી થાય છે. તેમ જ ખ્રિસ્તીઓની નીતિ ભારતના ધર્મગુરુ વર્ગને ઉખેડી નાખવાની છે. આ વાત ધર્મગુરુ વિગેરેને ખબર નથી.** કાંઈક અનિષ્ટ થાય છે એમ શંકા કરે છે, પણ કારણો હજી સમજી શક્યા નથી. ધર્મગુરુઓ ગયા એટલે કશી આશા રાખવાની નથી. આ કામ ખાસ કરવાનું છે.

## શ્રીયુત જીવતલાલ પ્રતાપસીભાઈ શાહ જોગ,

ધર્મસ્નેહ. મુ-મુંબઇ.

શ્રી શત્રુંજય તીર્થરાજ ઉપર હોટલ કરવાની સરકારી તૈયારી તે તો પાશેરામાં પહેલી પુણી છે. ધીરે ધીરે શ્રી શત્રુંજય ઉપર બહુ જ ભયંકર જોખમો આવવાના છે, જેથી કરીને એ તીર્થ સમગ્રપણે ડૂબી જાય અને દબાઈ જાય એ પરિસ્થિતિમાં મૂકાવાનું છે. ભલે કદાચ કોઇ ભવિષ્યના ઉદ્ઘાટક ઉધ્ધાર કરે તે વાત જુદી છે. પરંતુ એક વખત લાંબા વખત સુધી દબાવી દેવાનું છે.

હવે પછીની થોડીક પેઢીઓ પછી એને મહાતીર્થ તરીકે ઓળખી શકે નહીં, ત્યાં આદેશ્વર ભગવાનનું નામ કોઇ લઇ શકે નહીં, કોઇને યાદ પણ ન હોય, કદાચ કોઇ જૂનું પુસ્તક કોઇ ક્યાંક બચી ગયું હોય અને તેમાંથી કોઇના વાંચવામાં આવી જાય તો તે વાત જુદી છે, કારણકે તે વખતે ભારત દેશનો એટલો બધો ફેરફાર થઇ ગયો હશે કે આજના અમેરિકા કરતાં પણ જુદી જ જાતનો નવો અમેરિકા દેશ બની ગયો હશે, કેમ કે એ જાતની સમગ્ર તૈયારી શરૂ થઇ ચૂકેલી જ છે. તેમાંના એક બીજ રૂપ કાર્યક્રમમાં શત્રુંજય ઉપરની હોટેલનો સમાવેશ થાય છે. હોટેલ થયા પછી બહારથી મુસાફરોના ટોળા ને ટોળા આવશે તેની કળાકારીગરીનાં વખાણ કરશે. તે સાંભળીને આપણા તે વખતના ભોળાભાઈઓ નાચી ઊઠશે અને કળાકારીગરીને ખુલ્લી કરાવનારા આપણા આગેવાન શેઠિયાઓના મુક્ત કંઠે વખાણ-પ્રંશસા કરતા હશે, પરંતુ મહાતીર્થનો મહિમા દબાતો જતો હશે તે તેઓ જોઈ શકશે નહીં. બ્રિટિશોએ અજબ દીર્ઘદષ્ટિથી પોતાના તંત્ર નીચે પેઢીની સ્થાપના કરાવી છે ને એનો વિકાસ થવા દીધો છે.

ગુપ્ત પ્લાનો અનુસાર પેઢી પાસેથી કામ લઈ શકાય માટે ધર્મ ક્ષેત્રના વહીવટમાંથી જેમ બને તેમ ધર્મગુરુ વર્ગને દૂર રાખવાની ધારણાથી ગૃહસ્થોથી કામ લેવાનું રાખવામાં આવ્યું હતું, અને તે ગૃહસ્થોને માનસન્માન આપવું તથા એમની લાગવગ ચાલવા દેવી વગેરે ગોઠવણો

ચાલતી આવે છે. આનું બીજ ઠેઠ આચાર્ય શ્રી વિજયહીરસુરી મહારાજના વખતથી પડેલું છે અને એ જ કાર્યક્રમના અનુસંધાનમાં શ્રી તીર્થંકર દેવની મહા વિશ્વશાસન સંસ્થાના સમગ્ર સંચાલનના કેન્દ્રમાં રહેલી પ્રભુની પાટ પરંપરારૂપ ઓફિસ, અને તેમાં કેન્દ્રભૂત આચાર્ય સંસ્થા, તથા આચાર્યશ્રીને નિષ્ફળ બનાવી દેવામાં આવેલા છે. તેમ કરવામાં તે વખતના સંવેગી ગુરુ મહારાજાઓનો બ્રિટિશોએ ઠીક ઉપયોગ કર્યા છે. અર્થાત્

૧. શાસનનું મૂળ કેન્દ્ર ખસેડી દેવામાં આવ્યું.

૨. અને તે વખતના મુનિ મહાત્માઓને આગળ લેવામાં આવ્યા, પરંતુ શાસનના વહીવટનો દોર તેમના હાથમાં રહેવા દેવામાં આવ્યો નહીં, જેને લોક શાસનના હાથમાં મૂકવાની ગોઠવણ કરી.

૩. જુદી જુદી ગૃહસ્થોની સંસ્થા દ્વારા આ.ક. પેઢી વગેરે મારફત સરકારી કાયદા અને ધોરણો પ્રમાણે વહીવટ કરવાનું ધોરણ ચાલું રખાવ્યું.

૪. એમ ઘણી બાબતોમાં આપણા ભાઈઓ પાસે બનારાવાએલ સંસ્થા મારફત પોતાના આદર્શ પ્રમાણેના કાર્યક્રમો ધીમે ધીમે અમલમાં મુકાવતા રહ્યા.

૫. જેથી શ્રી તીર્થંકર ભગવાનના શાસન, તથા શ્રી તીર્થંકર ભગવાને સ્થાપેલો ચતુર્વિધ શ્રમણ સંઘ, ધાર્મિક આચારો અને મર્યાદાઓ, શાસ્ત્રો વગેરે ધર્મગ્રંથો, જૈન શાસનની પૂર્વાપરથી ચાલી આવતી મિલકતોરૂપ દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવો, તથા મુનિ સંઘ, શ્રાવક મર્યાદાઓ, શ્રાવકનું ઘર, ધંધા, જાહેર પ્રતિષ્ઠા, જૈન વ્યક્તિઓનું ચારિત્ર બળ વગેરે છિન્નભિન્ન દશામાં મૂકવામાં આવતા ગયા છે.

શ્રી શત્રુંજય ઉપર બહારના લોકોને ઉઠવા બેસવાની સગવડ, પગથિયા, તથા શ્રી શત્રુંજયના આલબમની ગુજરાતના ગર્વનર મારફત પોપને અપાયેલી ભેટ, વગેરે રચનાત્મક અને સુંદર દેખાતા કાર્યોની પાછળ ભવિષ્યના માટે ઘણા જોખમો ગૂંથાએલા છે. આ બધી વાતો ભવિષ્યવેત્તા જ્યોતિષીની દૃષ્ટિથી કહેવાતી નથી, પરંતુ જગતમાં ચાલી રહેવા મહાપરિવર્તનના ગૂઢ પ્લાનોના લગભગ સાચા જેવા અનુમાનને

આધારે કહી શકાય તેમ છે. કેટલુંક લખું ? તમને આ વાતો પૂર્વગ્રંથી ને હવાઇ કલ્પનાઓથી લખાતી હોય તેમ જણાશે, પરંતુ ફરીથી દઢપણે કહું છું કે તેમ નથી. આ વાત મારા ધ્યાનમાં લગભગ જવલબેનના ઉદેપુરના ચાળીસ ઉપવાસની પહેલાથી પણ ખ્યાલમાં આવેલી છે, પરંતુ હું તે કોને કહું, કેમ કે સૌ પોતપોતાની બાબતમાં ચકચૂર છે. કોઇ સમજવા તો તૈયાર નથી, પણ સાંભળવા તૈયાર નથી.

આ બધી હિલચાલો બહાર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રથી ચલાવાય છે, અને સ્થાનિક સરકાર મારફત તેનો અમલ કરાવાય છે. જેથી ભારતની પ્રજા પોતાના દેશની સરકારની સામે ચૂં કે ચાં કરી શકે નહીં, અને સરકાર પક્ષના લોકો ઊલટી તેને ખૂબ જાહેરાત આપે. હિમાલય પર્વત ઉપર અનેક આયોજનો શરૂ થયા છે. શ્રી ગીરનારજી ઉપર રોપવે ગોઠવવાની યોજના શરૂ થઇ છે તેમાં એક યુરોપીયન ઇંજનેરના પ્લાનો અનુસાર કામ લેવાનું છે. મદ્રાસ રાજ્યમાં વૈદીક ધર્મના મોટા મોટા મંદીરો છે, જે લગભગ હજારેક વર્ષ આસપાસના પ્રાચીન જૂના હશે.

જેના માટે યુનેસ્કો સંસ્થાએ ૧૭થી ૧૮ કરોડ રૂા. ખર્ચવાના પાસ કરી મદ્રાસ સરકાર મારફત તેના જીર્ણોદ્ધાર માટે કામ ઉપડાવેલ છે. ઘણે ભાગે મદ્રાસ રાજ્ય તે સ્કીમનો સ્વીકાર કરી તે કાર્યક્રમ આગળ વધાર્યે રહેશે. આવું બધું તો શ્રી શત્રુંજય ઉપર થયા વિના ન રહે એ સમજી શકાય તેવી સર્વસામાન્ય બાબત છે, કેમ કે તેની ઉપર પચીસ લાખ રૂા. ખર્ચવાની જાહેરાત ગુજરાત રાજ્યે કરી હતી. જીર્ણોદ્ધાર માટે બહારથી આવડો મોટો ખર્ચ કરવામાં મદદ આવે તેથી મદ્રાસી રાજ્યની વૈદીક ધર્મ માનનારી પ્રજા કેટલી બધી ખુશ થાય તે સમજી શકાય તેવી બાબત છે. પરંતુ આટલો ખર્ચ કરવાથી બહારનો કબજો સ્થાપિત થયા બાદ, એકાદ પેઢી પછી એ સ્થાનોની જે સ્થિતિ કરવાના ભવિષ્યના પ્લાનો હશે તે પ્રમાણે થતાં તે વખતના વૈદીક ધર્મ માનનારા જે કોઇ ચુસ્ત આત્માઓ હશે, તેને તો ખુણે બેસીને રોવાનું હશે. શ્રી શત્રુંજય મહાતીર્થરાજ માટે એ બધા પ્લાનો ઉપરાંત એક જુદી જ બાબત છે, પરંતુ તે હું પત્રમાં લખતો નથી. કદાચ તમને તેથી મારી હાંસી કરવાનું મન થઇ આવે, કારણકે અકલ્પ્ય કલ્પના જેવું લાગે.

ગુજરાતના આ ખાતાના પ્રધાને પાલિતાણાની મુલાકાત લીધી ત્યારે સ્થાનિક મ્યુનિસિપાલીટીના કાર્યકરોને શત્રુંજય ઉપર કરવાના કાર્ય માટેના પ્લાનો કરવાની સૂચના આપેલી છે અને એ બધું ધીરે ધીરે થતું રહેવાનું માની શકાય તેમ છે. આ પરિણામ, આપણને યાત્રા વગેરેમાં દોઢસો ઉપરાંત વર્ષોથી જે અનુકૂળતા મળી અને આપણે ભોગવી, આપણે તેથી રાચ્યા, તેનું છે. તે વખત દરમિયાન જ આ જાતની ભવિષ્યની કાર્યવાહી સર્જવાની પૂર્વતૈયારી ચાલતી હતી.

છતાં આ બાબત તમે શ્રી સંઘના સર્વ આગળ પડતા બળોને સમજાવી શકો, તો આ માટે શું કરવું તેનો સીધો વિચાર થઇ શકે, અને કદાચ ધર્મના પ્રતાપે કાંઇક યોગ્ય માર્ગ મળી આવે, જેથી તીર્થરાજ બચી જાય. આ બધું તત્કાળ બનવાનું નથી. એકાદ પેઢી બાદ ઉપર જણાવ્યા પ્રમાણે પરિણામો આવ્યા વિના ન રહે તેવી પૂર્વતૈયારી તો છે જ. છતાં ચેતી જઇએ તો કંઇક ફેર પડે, નહીંતર ચાલુ બાબતોમાં ગૂંચવાયેલા રહી આવી મહત્ત્વની બાબતોમાં ઉપેક્ષિત રહેવાય તો શું પરિણામ આવે તે વિષે વધુ સ્પષ્ટતા કરવાની રહેતી નથી. પછી દોષ કોને દેવાય, અને દોષ દેવાથી પણ શું ?

બીજું ગમે તે થાય, પરંતુ શ્રી શત્રુંજય તીર્થ લગભગ ઠેઠ સુધી દબાઈ જાય તેવી સ્થિતિ ન થવા દેવી જોઈએ, કેમ કે જગતનું ઊંચામાં ઊંચુ છેલ્લી કોટીનું આ મહત્ત્વનું તીર્થ છે, જેની સાથે ભવિષ્યકાળના પણ અનંત જીવોના હિત જોડાએલા છે.

શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખના ધર્મસ્નેહ

દ : લલિતકુમાર વખતચંદ પારેખના પ્રણામ

રત્ન જ્યોતિ, ૧૦,
ભક્તિ નગર સોસાયટી, રાજકોટ-૨
(સંવત ૨૦૨૪, અશાડ વદી ૫, રવિવાર)

# શત્રુંજી નદી પર બંધ બાંધવાની સરકારી યોજનાના અનુસંધાનમાં વડાપ્રધાનને લખાયેલ પત્ર

આપણે અલ્પ પરિચયથી એક બીજાને અંગત રીતે થોડાઘણા ઓળખીએ છીએ એટલે ખાસ પરિચય આપવાની આવશ્યકતા જણાતી નથી.

મારે તમને ઉદ્દેશીને ખાસ બે પત્રો લખવાના હતા. તેમાંના એક મુદ્દા વિષે આજે લખું છું. બીજા મુદ્દા વિષે હવે પછી. જે પહેલા મુદ્દા વિષે મારે લખવું છે તે એ છે કે અહીં એવા સમાચાર મળે છે કે ''શત્રુંજયી નદી ઉપર બંધ બાંધવાની સરકારી યોજના છે અને તેનો અમલ હવે થોડાક જ વખતમાં શરૂ થઈ જશે, તેમ થવાથી જૈન ધર્મનાં તીર્થોને ઘણી હરકત આવશે અને ઘણાં તીર્થસ્થાનો દબાશે.'' શું આ સાચું છે?

અને જો તેમ હોય તો શ્રી શત્રુંજય ગિરિરાજ અને તેની આસપાસનાં ધર્મસ્થાનોને લગતી જૈન ધાર્મિક વિધિઓ સાચવવામાં બાધ ન આવે, તેની સગવડ સાથે બાંધકામ સરકાર પાર પાડે તેમ બની શકે તેમ નથી? કદાચ થોડોઘણો પ્લાનમાં ફેરફાર કરવો પડે અથવા બાંધકામમાં થતો ખર્ચ થોડોઘણો વધઘટ કરવો પડે. તેમ કરવાથી સરકારનો હેતુ સચવાય તથા જૈનોના ધાર્મિક હેતુઓ પણ સચવાય. તેમ બની શકે તેવું ખરું? કે નહીં? ''સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહીં'' અને બન્ને તરફ સંતોષકારક વચલો માર્ગ નીકળી આવે તો કેટલું સુંદર?

અહીં હું એક વાત વધુ સ્પષ્ટ કરવા ઇચ્છું છું અને કદાચ તમારા ધ્યાનમાં પણ હશે કે જૈન ધર્મ અને જૈન ધર્મીઓની શ્રી શત્રુંજય ગિરિરાજ અને શ્રી શત્રુંજી નદી વિષેની માન્યતા તદ્દન જુદી જ જાતની અને બહુ જ વિશિષ્ટ પ્રકારની છે. તેને લીધે તે તીર્થને તેઓ સૌથી મોટામાં મોટું તીર્થ માને છે.

### આ તીર્થની મહત્તા

૧) તે ગિરિરાજ ઉપર વિશાળ ક્ષેત્રમાં મોટાં મોટાં જિનમંદિરો પથરાયેલા છે એટલા જ કારણે નથી.

૨) સમગ્ર માનવજાતના આદિ પિતા, પ્રથમ રાજા, પ્રથમ મુનિ, પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ઋષભદેવ પ્રભુ આ ગિરિરાજ ઉપર પૂર્વ નવ્વાણું વખત આવ્યા, એટલા જ કારણે પણ નથી.

૩) એ ભૂમિ ઉપર અનંતા આત્માઓ મોક્ષે ગયા છે, એટલા જ કારણે પણ તેની એટલી મહત્તા નથી.

પરંતુ તેની આટલી બધી મહત્તા એ કારણે છે કે

(૧) સદા સર્વકાળને માટે એ ભૂમિ સ્વાભાવિક રીતે જ કુદરતી રીતે જ એવી પવિત્ર છે કે જેનો જોટો ત્રણ જગતમાં કોઈ પણ ઠેકાણે નથી.

(૨) એ ભૂમિને કોઈએ પવિત્ર કરી નથી. કોઈ મહાપુરુષના મહત્ત્વના કાર્યને લીધે તેની આટલી પવિત્રતા થઈ નથી, કોઈ મહાપુરુષના જીવનના કોઈ મહાન પ્રસંગેને લીધે એની એટલી મહત્તા સ્થાપિત થઈ નથી, પરંતુ

તેની મહત્તા કુદરતી રીતે જ સ્થાપિત હતી, છે અને રહેશે. સહજ રીતે જ એ ભૂમિ સદાને માટે કોઈ અપૂર્વ પવિત્રતા ધારણ કરતી ભૂમિ છે. જેમ કોઈ દિવસ, ઘડી, ચોઘડિયું પણ વિશિષ્ટ હોય છે, જેમ કોઈ મહાપુરુષ પાકી આવે છે, જેમ કોઈ વખત હૃદયમાં અપૂર્વ પવિત્ર ભાવ જાગે છે, તે પ્રમાણે આ વિશ્વના વિશાળ ક્ષેત્રમાં સ્વાભાવિક રીતે જ આ ભૂમિ એવી છે કે તેના જેવી જગતમાં કુદરતી રીતે જ બીજી કોઈ ભૂમિ નથી. એ એમ કેમ છે ? તેનો જવાબ જ એ છે કે અનાદિ કાળથી એ એમ જ છે એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે.

''કોઈ અનેરું જગ નહીં, એ તીરથ તોલે''

માટે એ તીર્થ કહેવાય છે. માટે ત્યાં આવીને તેની સ્પર્શનાના પ્રભાવે અનંત જીવો મોક્ષમાં ગયા છે. માટે જ શ્રી આદિશ્વર પ્રભુ ત્યાં પૂર્વ ૯૯ વખત પધાર્યા હતા. માટે જ બીજા તીર્થંકર ભગવંતો પણ ત્યાં આવ્યા હતા. માટે જ ત્યાં આટલા વિશાળ ક્ષેત્રમાં વિશાળ જૈન મંદિરો છે. ભવિષ્યમાં પણ તીર્થંકરો થશે ત્યારે પણ વિશાળ ભવિષ્યકાળમાં અનંતા જીવો તેની સ્પર્શનાથી મોક્ષમાં જશે.

''કાંકરે કાંકરે અનંતા સિધ્યા''

''આગે અનંતા સિદ્ધશે''

આજનો શિક્ષિત ગણાતો વર્ગ કદાચ આને કલ્પના, વહેમ, અને અતિશયોકિત માનશે, પરંતુ આપણે અહીં તે વિષેની તાત્ત્વિક ચર્ચા કરવી નથી, કારણકે આ પ્રશ્નો માનસ વિજ્ઞાન અને આધ્યાત્મિક વિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે, જે વિજ્ઞાનો હજુ આજની વિજ્ઞાન પરંપરામાં ખીલ્યા નથી, પરંતુ એક વાત તો ચોક્કસ છે કે જૈનોનાં શાસ્ત્રો કે જૈનો આજે જ પોતાની આ માન્યતા ફેરવી શકે તેમ નથી.

તેથી જે ધર્મની જે માન્યતા હોય, તેને માન આપીને ચાલવાની વર્તમાનમાં આપણી મનોદશા છે.

વિના કારણ સંક્ષોભ ન થાય તે ખ્યાલ રાખવાનો રહે છે. એટલે તે દૃષ્ટિથી આ વસ્તુનો ઉકેલ વિચારવો અને લાવવો એ યોગ્ય, વ્યવહારુ અને સફળ ગણાય એમ કોઈ પણ સજ્જન સ્વીકારશે જ.

''જૈન ધર્મ જાહેર સુલેહ શાન્તિ, ન્યાય, નીતિ, આરોગ્ય અને સદાચારનો વિરોધી નથી, પરંતુ તેનો સ્થાપક છે'' એમ કોઈ પણ અભ્યાસી સજ્જન સ્વીકારશે જ. શ્રી શત્રુંજય ગિરિરાજ, ઉપર જણાવેલ મહત્તાને લીધે, તેની સ્વતઃ પવિત્રતાને લીધે-

૧. તે ગિરિરાજની તળેટીની રોજ સવારે પૂજા થાય છે. તે આખા શ્રી ગિરિરાજની પૂજાનું પ્રતીક છે.

૨. લોકો અને ખાસ કરી ધાર્મિક લોકો કે જેઓ શ્રી શત્રુંજય ગિરિરાજની મહત્તા સાંભળી કે સમજી શક્યા હોય છે તથા જેના ખ્લાયમાં હોય છે તેઓ ચામડાના જોડા પહેર્યા વિના પગે ચાલીને તેના ઉપર ચડે છે. તેના ઉપર ઝાડો, પેશાબ કરતા નથી. એવો પ્રસંગ ઊભો થાય કે તુરત નીચે ઊતરી આવે છે, ઉપર ખાનપાન કરતા નથી. ત્યાં પાણી એઠું રેડતા નથી. થૂંકતા પણ નથી. આટલે સુધી તેની પવિત્રતા જાળવવા પ્રયાસ સેવાય છે.

૩. કેટલાક દર પૂનમે દૂર દૂરથી યાત્રા કરવા અવશ્ય આવે છે. રેલવેની સગવડ ન હતી ત્યારે પણ આજુબાજુનાં સ્થળોમાંથી પૂનમીયા એટલે પુનમની અવશ્ય યાત્રા કરનાર આવતા જ હતા. કેટલાક ૯૯ યાત્રા કરતા હોય છે ને કેટલાક જિંદગીમાં એક વાર તો ચાર્તુમાસ કરતા હોય છે.

૪. કેટલાક ભાવિક લોકો પુત્ર કે પુત્રીના જન્મને ૪૦ દિવસ થયા પછી અવશ્ય તે બાળક કે બાલિકાને ગિરિરાજની સ્પર્શના કરાવી દે છે, કેમ કે આ ગિરિરાજનો સ્પર્શ થાય તે જીવ કોઈ ને કોઈ જન્મમાં અવશ્ય મોક્ષમાં જાય જ. આયુષ્યનો ભરોસો નહીં, તેથી તે જીવના સ્થાયી કલ્યાણ ખાતર તેની સ્પર્શના જન્મ પછી થોડા દિવસોમાં કરાવી દેતા હોય છે. ''પાપી અભવ્યઃ નજરે ન દેખે.''

૫. તેની સ્પર્શના માટે, તે ભૂમિની પવિત્રતાના સન્માન માટે ૧ાા - ૩ - ૫ - ૧૨- ૨૪ ગાઉની પ્રદક્ષિણાઓ ગોઠવાયેલી છે અને શ્રી સંઘ સાથે તે પ્રદક્ષિણાઓ કરવામાં આવે છે. તેના પણ સંઘો નીકળે છે. એ રીતે ભક્ત હૃદયો અનેક પ્રકારે એ ભૂમિની ભક્તિ, સેવા, સ્મરણ, ધ્યાન વગેરે કર્યા વિના રહી શકતા નથી.

૬. એ જ પ્રમાણે તેની શાખાઓ હસ્તગિરિ, કદંબગિરિ વગેરેનું પણ તેના સંબંધથી તથા બીજી કેટલીક રીતે પણ મહત્ત્વ છે.

૭. શ્રી શત્રુંજય નદીનું પણ મહત્ત્વ છેઃ-

''શત્રુંજી નદી નાહ્યો નહી, એનો એળે ગયો અવતાર

શેત્રુંજી નદી નાહીને, મુખબાંધી મુખકોષ

દેવ યુગાદી પુજીએ, આણી મન સંતોષ''

૮. શ્રી કદંબગિરિની તળેટીમાં હાલમાં મહાવીર સ્વામીનું દેરાસર છે, તે નવું જ છે, પરંતુ તે જ ઠેકાણે પ્રાચીન કાળમાં દેરાસર હોવાનો ઉલ્લેખ મારી યાદી પ્રમાણે શત્રુંજય મહાત્મ્યમાં છે એટલે ત્યાં જ નવું દેરાસર બંધાયું છે.

૯. વળી, ખુદ મહાવીરસ્વામી પણ આ ગિરિ ઉપર આવ્યાનો શાસ્ત્રીય ઉલ્લેખ છે. ''વીરજી આવ્યા રે વિમળાચલ કે મેદાન.''

૧૦. બીજાં પણ સ્થાનો દેવની પ્રતિષ્ઠા વગેરે કારણે અબાધિત રહેવા જોઈએ.

૧૧. મને પોતે એક બનાવનો અનુભવ છે. સાક્ષાત્ મેં મારી નજરે જોયો છે, જાણ્યો છે. તે ટાંકું છું. વિક્રમ સં. ૧૯૭૦-'૭૧ની આસપાસ હું અમદાવાદમાં રહેતો હતો. આચાર્ય શ્રી વિજયનિતિસુરિશ્વરજી મહારાજ પાસે તે વખતે હૈદરઅલી નામના એક મુસલમાનભાઈ આવતા હતા, તે તદ્દન મૂંગા હતા, પણ સરળ સ્વભાવી હતા. લોકોને પાટીમાં લખીને જીવદયા પાળવાનું સમજાવતા હતા, માંસાહાર છોડાવતા હતા. જીવદયાનો બોધ આપનારી ચોપડીઓ વહેંચતા હતા. જનસમુદાયના એકત્ર થવાના પ્રસંગોમાં ખાસ પહોંચી જઈને પોતાનું એ કાર્ય ચાલુ રાખતા હતા. તેના હૃદયની પિછાણ કરીને પૂજ્ય આચાર્યશ્રીએ તેને શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રા કરવા માટેનો ઉપદેશ આપ્યો અને તેમનું મન જોઈને નિયમ પણ આપ્યો. મારી સાથે બેસીને કલાકો સુધી પાટીમાં લખી લખીને જૈન ધર્મના પ્રશ્નો પૂછે. હું તેને લખીને સમજાવું. મને તે મુસલમાન ધર્મની વાતો ગુજરાતીમાં લખીને સમજાવે. કુરાને શરીફ તેમને યાદ હતું. તેની પણ વાતો લખે. બોલી તો શકે નહીં હું અમદાવાદ છોડીને પાટણ રહેવા ગયો. પાટણથી આવી કામ પ્રસંગે હું અમદાવાદ સ્ટેશનેથી પ્રેમ દરવાજે થઈને શહેરમાં જતો હતો. તેવામાં પાછળથી મારું નામ લઈને મને કોઈ બોલાવતું હોવાનો અવાજ મારા કાને અથડાયો, પરંતુ મારું ધ્યાન ખેંચાયું નહીં છેવટે જોરથી અવાજ આવતાં મેં પાછું વાળીને જોયું, તો મારા પ્રથમના પરિચિત હેદરઅલીઃ હું તેની તરફ ફર્યો. તે મારી પાસે આવ્યો. મને પૂછયું ''ક્યાંથી આવો છો?'' મેં કહ્યું પાટણથી ''પરંતુ હેદરઅલી! તમે બોલતા ક્યારથી થયા?'' તેણે કહ્યું. ''તમને યાદ છે ને કે પૂજ્ય આચાર્ય

મહારાજશ્રીએ મને શત્રુંજયની યાત્રા કરવાનો નિયમ આપ્યો હતો ?'' મે કહ્યું ''હા, બરાબર યાદ છે'' બસ, હું અમુક વખતે યાત્રાએ ગયો હતો અને ઉપર ગયા બાદ ભીડમાં મંદિરમાં ઘૂસી જઈને દાદાનાં દર્શન કર્યાં ત્યારથી મારી વાચા ખૂલ્લી ગઈ છે. હવે મારે લખવાની જરૂર પડતી નથી. મોઢેથી સમજાવીને જીવદયાનું કામ કરું છું.

બીજી કેટલીક વાતચીત કરીને હું આનંદ આશ્ચર્યે જુદો પડયો. તે પછી અમે કદી મળ્યા નથી, પરંતુ આ મારા સાક્ષાત્ અનુભવનો જરા પણ અતિશયોક્તિ વિનાનો દાખલો છે. એટલે ''જે કોઈ જીવ શ્રી શત્રુંજયની ભાવથી સ્પર્શના કરે, તે અવશ્ય કોઈ ને કોઈ ભવમાં મોક્ષમાં જાય જ. પછી તે કોઈપણ ધર્મનો માનવ હોય, ગમે તેવો એક વખત દોષિત હોય, પશુ, પક્ષી હોય તોપણ તેની સ્પર્શના જેને થઈ હોય તે અવશ્ય મોક્ષમાં જાય જ'' એમ નક્કી છે. ''તેની સ્પર્શના પ્રાણીને મોક્ષ લાયક બનાવી દે'' એમ નહીં, પણ જે મોક્ષમાં જવાને લાયક ભવ્ય જીવ હોય, તેને જ તેની સ્પર્શના થાય, દર્શન થાય અને તેથી નિશ્ચય થાય છે કે ''તે જીવ અવશ્ય ભવ્ય હોય છે, એટલે કે મોક્ષને યોગ્ય છે.'' અભવ્ય જીવ કે જે કદી મોક્ષમાં જવાને યોગ્ય નથી હોતા તે તેને નજરે ન નિહાળે યા ન તેની સ્પર્શના કરી શકે. આ નિયમ શાસ્ત્રમાં બતાવ્યો છે. એટલે આ પવિત્ર ભૂમિ - સર્વ જીવોને પાવન કરવાની વિશિષ્ટ પ્રકારની પવિત્રતા ધારણ કરતી ભૂમિ છે.

૧૨. રાજસ્થાન સરકારના વર્તમાન નાણામંત્રી સિદ્ધરાજ ઢઢ્ઢા છે. તેઓ કલકત્તામાં વેપારી ચેમ્બરના મોટા પ્રચારક મંત્રી હતા. તેઓને બાળ અવસ્થામાં પૂર્વજન્મનું સ્મરણ થયું હતું અને તે વખતે તે જણાવતા હતા કે ''હું આ ગિરિરાજ ઉપર પોપટ હતો. ઢઢ્ઢા કુટુંબના સભ્યો યાત્રાએ આવ્યા હતા. તે હું જોતો હતો. મને પણ ભાવના થતી હતી વગેરે છૂટીછવાઈ તેમની હકીકત પણ સાંભળવામાં આવી હતી. હાલ તેમની મનોદશા શી છે ? તે માલૂમ નથી.

૧૩. ૯૯ યાત્રા કરનારા, ચોમાસું કરનારા તથા બીજાં અનેક શાસ્ત્રોકત વિધિવિધાનોને ઉદ્દેશીને શત્રુંજયગિરિએ આવીને અનેક પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે ચલાવતા હોય છે.

બહારથી તે આપણને જણાતી નથી હોતી. પણ ધાર્મિક હૃદયોની ભાવનાઓ અને તેમની પ્રવૃત્તિઓ બહુ જ મહત્ત્વની આકર્ષક અને નિખાલસ ભાવની હોય છે. ''સંસારમાં તો અનેક પાપ કરવાનાં હોય છે, પણ ગિરિરાજ પાસે આવીને જેટલું બને તેટલું ભાતું બાંધવું'' એવા વિચારના પણ જીવો તેનો આશ્ચર્યકારક રીતે લાભ લેતા હોય છે.

૧૪. રોજ સવારમાં શ્રી શત્રુંજયગિરિનું ચૈત્ય વંદન અવશ્ય કરવા માટે રાત્રિક પ્રતિક્રમણ જેવી મહત્ત્વની વિધિઓમાં દાખલ કરાયેલ છે.

૧૫. કાર્તિકી કે ચૈત્રી પૂનમે શ્રી શત્રુંજયની યાત્રા કરવા માટે ન આવી શકાય, તો તે પોતાના ગામમાં ઉત્સવપૂર્વક શ્રી શત્રુંજયના પટના દર્શન, પૂજન અવશ્ય કરે છે.

મને ખ્યાલ છે, કે ''તમારી સામે હું શત્રુંજયનું મહાત્મ્ય લખવા કે સંભળાવવા નથી બેઠો, પરંતુ જૈન ધાર્મિક લોકોની શ્રી શત્રુંજયગિરિ પ્રત્યે કેવી ભાવના છે? કેવી ભક્તિ છે? કેટલી હદ સુધી તેઓના મનમાં તેનું સ્થાન છે? તેનો કાંઈક સ્પષ્ટ ખ્યાલ તમને આપવાનો મારો હેતુ છે તેથી થોડી વિગત લંબાવી છે.''

ધાર્મિક હૃદયો લડાયક કે બંડખોર નથી હોતા. તેનાં ધાર્મિક કૃત્યોમાં વિઘ્ન આવે, તો તેમના દિલ દુભાય છે, દુ:ખ થાય છે અને દુ:ખી હૈયે બેસી રહે છે અને તેમની એ લાગણીને હળવી કરવા શ્રી સંઘ ધર્મમાંથી વિઘ્નો દૂર કરવાના વિશ્વમાં માનવ જાતથી શક્ય બધા પ્રયત્નો કરે છે અને ભૂતકાળમાં કરતો હતો, ભવિષ્યમાં કરશે.

તેમ છતાં કોઈ કાળદોષને લીધે કોઈ વખતે શ્રી સંઘ તેવા પ્રયાસોમા ન ફાવે તોપણ ધાર્મિક હૃદયોને કાંઈ ને કાંઈ અસરકારક નીવડે છે અને પાછો ધર્મનો પ્રભાવ શરૂ થઈ જાય છે. ક્યાંક ને ક્યાંકથી પ્રકાશ આવી

પહોંચે છે, જેને લીધે ગિરિરાજનો પ્રભાવ જેવો ને તેવો જાગૃત રહેતો જોવામાં આવે છે.

હવે જો આ જાતનો બંધ બંધાવાથી ધર્મસ્થાનો દબાય કે પ્રદક્ષિણાના માર્ગો બંધ થાય કે જવાને અશક્ય બને કે કોઈ ધર્મસ્થાન ઉઠાવવું પડે કે રદ થાય તો કેટલું આઘાતજનક બને ? વિચારો.

ધાર્મિક હૃદયો એકાએક ક્ષુબ્ધ થવાનાં જ. શ્રી શત્રુંજયગિરિ તરફનો જૈનોનો પ્રેમ કેવો છે ? તેનો ઝાંખો ઝાંખો ખ્યાલ તમને પણ હશે જ. બંધારણની દૃષ્ટિથી પણ સેકયુલર બાબતોમાં ધર્મપ્રવેશ કરી શકતો હતો, તે હવેથી નવા બંધારણને લીધે પ્રવેશ કરી શકે નહીં. "ધાર્મિક ક્ષેત્રમાં સેક્યુલર બાબતો પ્રવેશ કરી શકતી નથી" આ નક્કી થયું છે, તો જૈનોને આવો ક્ષોભ શા માટે કરાવવો ?

તેવા ક્ષોભને પરિણામે અનેક જાતની હિલચાલો ઊપડે અથવા સરકારની સત્તાથી દબાઈને લોકો મનમાં મૂંઝાઈને કદાચ બેસી પણ રહે, પરંતુ તેથી શું ? હૃદયનો ક્ષોભ અને તેમાં પણ ધાર્મિક હૃદયનો ક્ષોભ, એ કાંઈ સામાન્ય વાત નથી. વિશ્વનાં પ્રાણીઓને કાંઈ ને કાંઈ નુકસાન કરે જ. બન્ને પક્ષે ઘણો ખર્ચ થાય, અથડામણ થાય. તે બધું પ્રજા પાસે શા માટે કરાવવું ?

માની લઈએ કે સરકાર સાથે અથડામણ કરવામાં લોકો ન પણ ફાવે. તેમની શક્તિ દબાઈ જાય, પરંતુ તેમને હૃદયનો અસંતોષ શા માટે આપવો ? ડહાપણ તો એ છે કે એવા ખર્ચમાં ઊતરવા કરતાં "સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહીં" એવો માર્ગ પહેલેથી જ કેમ ન લેવો ?

કદાચ આ બાબત સરકારી યોજનાની હોવાથી તમારા હાથની ન હોય એમ પણ બને. યા તમારી ઇચ્છા ઉચિત કરવાની હોય, છતાં સ્વભાવિક રીતે જ તમારું તેમાં કાંઈ પણ ચાલી શકે તેમ ન હોય તો તે વાત જુદી છે. તો પછી આ પ્રયત્ન શ્રી સંઘે બીજી રીતે કરવાનો રહે, પરંતુ એમ માનવાને કારણ નથી, કેમ કે વડાપ્રધાન તરીકે તમે ઉચિત ફેરફાર ધારો તો કરી શકો તેમ હોય છે. તમને તેવા વિશિષ્ટ અધિકારો પણ હોય છે. યદ્યપિ વડા પ્રધાનો કાયદાની દૃષ્ટિથી મહાજનના આગેવાનોની પેઠે પ્રજાના પક્ષના જ

માણસો છે, પરંતુ પ્રધાનોની ગોઠવણી એવા પાયા ઉપર કરી છે કે તે આજે સરકારી તંત્રનું મુખ્ય અંગ રહે કે જે આધુનિક સરકારોના આદર્શોમાં સંમત હોય. તેમ છતાં કોઈ પણ સરકારી યોજનાઓ વગેરે પ્રજાની સહાનુભૂતિથી અમલમાં આવે તો જ તે જલદીથી સફળ થાય છે. તેનો એક જ દાખલો આપું:- પંચવર્ષીય પ્રથમ યોજના ઘડવા માટેની કમિટી યા કમિશન બ્રિટિશ સરકારે ૧૯૨૮માં નીમી હતી અને કૉંગ્રેસે પણ પંડિત શ્રી જવાહરલાલ નહેરુજીના પ્રમુખપદે ૧૯૨૮માં જ આ પંચવર્ષીય યોજના માટે કમિટી નીમી હતી. તેને આજે ૨૬ વર્ષ વીતી ગયાં. તે હવે અમલમાં આવી શકે છે. આ યોજના પછી બીજી પાંચ વર્ષની અને ત્યાર પછી લાંબા ગાળાની યોજના તો હજુ અમેરિકા પાસે પડી છે.

બ્રિટિશોએ ઘડી રાખેલી હજુ ઘણી યોજનાઓ એમને એમ પડી છે. ક્રમે ક્રમે પરિસ્થિતિ જોઈને અમલમાં આવતી જાય છે. જોકે, બ્રિટિશોના જવા પછી કોઈ પણ પ્રકારના દેખીતા રાજદ્વારી સ્વાર્થ વિના અમેરિકા પણ ભારતના હવે પછીના કાર્યક્રમોમાં ઘણો રસ ધરાવે છે, છતાં તેઓ કશી ઉતાવળ કરતા નથી. એ તેઓની ખૂબી છે. વળી, આવતી કાલે કે ભવિષ્યમાં કોના હાથમાં રાજ્યસત્તા જાય ? તે કોણ કહી શકે તેમ છે ? પરંતુ જો ધાર્મિક હિતો પ્રજાના હાથમાં ટક્યાં હશે તો તેનું રક્ષણ થવાનો સંભવ છે, પરંતુ સરકારી દફતરે દાખલ થઈ ગયા હશે તો પછી સીધી રીતે જ તે વખતના સત્તાધીશોને જેમ કરવું હશે તેમ કરશે. પ્રજાના હાથમાં હશે તો જેમ તેમ કરવામાં વાર લાગી જશે.

દા. ત. કલ્પના ખાતર માની લઈએ કે સામ્યવાદીઓના હાથમાં સત્તા ગઈ, તો આજ હજુ ભારતમાં જેટલા ટકા ગમે તેવી સ્થિતિમાં પણ ધાર્મિક માનસ છે તે આવતી કાલે રહેવાનું નથી. તેમના હાથમાં સત્તા આવ્યા બાદ સરકારી દફતરે જે હોય તેનો તો સીધો ઉપયોગ તે કરવા જ માંડે. અલબત્ત, ન હોય તો સત્તાના બળથી જુલમ કરીને પડાવી શકે છે. છતાં પણ પડાવ્યા પછી જ અમલ થાય, પરંતુ હાથમાં હોય તો સીધો અમલ થાય, આટલો ફેર પડે છે. ધાર્મિક લોકો પાસેથી પડાવવા જતાં વિઘ્ન આવે તો બચી પણ જાય, એ આશા રહે છે.

વળી, મુસલમાની વખતમાં ભારતના ધર્મોને ઘણું શોષવું પડયું છે. અંગ્રેજોના વખતમાં સીધું નહીં, પણ આડકતરી રીતે ઘણું શોષવું પડયું છે. છતાં તેમની ઘડી રાખેલી ગોઠવણોની અસરો હવે વિશેષ પ્રમાણમાં અસરકારક જણાવા લાગી છે.

મારી સમજ પ્રમાણે આવા બંધોનાં પ્રાથમિક બીજો તો તેઓ રેકર્ડમાં મૂકતા જ ગયા છે, હાલમાં તો તેને ચોક્કસ સ્વરૂપ આપીને અમલી બનાવવાનું ચાલે છે. એટલે તેથી કાંઈ પણ ધાર્મિકોને શોષવું પડશે તો તેનું મૂળ કારણ તો અંગ્રેજો જ હશે. પછી તો હોય તે ખરું. પરંતુ આગળપાછળ ગમે તે હશે તે દુનિયા જોશે નહીં. ધર્મને આ જાતનું નુકસાન કોના વખતમાં થયું ? તે વખતે નામ કોનું ગણાશે ? તો એવું કયા ભવને માટે કરવું ? ધર્મને હાનિ કરીને દેશને કે ખેડૂતોને સાચો લાભ થઈ શકવાનો જ નથી. કયાંક ને ક્યાંક નુકસાન થવાનું જ. ''મિયાં ચોરે મુટ્ટીએ, તો અલ્લાહ ઉઠાવે ઊંટે.'' આ કહેવત પ્રમાણે ઘણી વાર બને છે. માટે જ મહાપુરુષોએ માનવના જીવનમાં ન્યાય, નીતિ, સદાચાર અને ધર્મને સ્થાન આપ્યું છે. એ વિઘ્નો હઠાવનારી ચીજો છે. તે વિના તો માણસ રાક્ષસ બની જાય. માટે મારી તો અંગત સલાહ છે કે તમારા હાથે શક્ય હોય તેટલા પ્રમાણમાં ધર્મને બિલકુલ નુકસાન પહોંચવું ન જોઈએ, તે જાળવીને જે કરવું ઘટે તે ખુશીથી કરો. તેમાં અમે વચ્ચે આવવા માગતા નથી. વખત ચાલ્યો જશે, થવાનું થઈ જશે, અને વચન રહી જશે કે ''અમુકના વખતમાં આ પ્રમાણેનું નુકસાન થયું હતું.'' ધર્મ જેવી ચીજ છે. તેને ધક્કો પહોંચવાથી પાપ થાય. પાપ જેવી કોઈ વસ્તુ છે. તેનાં પરિણામ વ્યક્તિને કે સમુદાયને કે પ્રજાને ભોગવવા પડતાં હોય છે એ વાત સાચી હોય, તમોને પોતાને પણ કોઈ પણ અંશે સાચી લાગતી હોય તો આ બાબત ઉપેક્ષા કરવા જેવી નથી.

ખેતી ખીલવવાની ધૂનમાં, વિકાસ યોજનાઓને આગળ વધારવાના ઉત્સાહમાં, આ બાબત તરફ ખ્યાલ આપવામાં નહીં આવે, તેને એક સામાન્ય બાબત ગણી લેવામાં આવશે તથા ભારતવાસીઓની ટેવ છે કે ''કોઈ પણ નવી બાબત આવે, એટલે ધર્મને આગળ કરીને હો હા કરી મૂકવી'' આમ

માની લઈને આ પ્રશ્નને ઉપેક્ષિત બનાવવામાં આવે તો તે યોગ્ય થશે નહીં તેમ જ યોગ્ય ગણાશે નહીં અને ધાર્મિક હક્કો તે ચલાવી લેવા દેશે નહીં.

જોકે, હું તો બન્ને પક્ષેથી સાવ અજ્ઞાત છું કે ''આમાં સરકારી યોજના કેવી જાતની છે અને જૈનોનું ધાર્મિક હિત કેટલે અંશે ઘવાય છે?'' બન્નેય બાબતથી અજાણ છું. મારી તો એટલી જ ભલામણ છે કે ''જૈનો પાસેથી તેમના ધાર્મિક સંબંધો આ ભૂમિઓ પૂરતા જાણી લઈ, પુલો રસ્તા ઉપરથી કે નીચેથી એવી રીતે ગોઠવવા કે જેથી પ્રદક્ષિણાના દરેક માર્ગો ખુલ્લા રહે, ધર્મસ્થાનો પાણીથી આક્રાંત ન થાય તેમ જ ઉઠાવવા ન પડે કે બીજે ફેરવવા ન પડે, પાણી ઉપર ચડી ન આવે, માટે એવા ખાડા ખોદાવવા કે પાણી તે તરફ ધસી જાય તથા એવી જરૂરી પાળો બંધાય કે આડી દીવાલો થાય કે જેથી પાણી ગમે તે પરિસ્થિતિમાં પણ ધસી ન આવે તથા પાણીના લેવલ એવા રહે કે પાણી ધર્મસ્થાનોને આક્રમણ કરી ન શકે તેમ જ શિકાર વગેરેથી ધર્મસ્થાનોની પવિત્રતા ન ઘવાય. બસ, આવા પ્રબંધો પહેલેથી જ કરવામાં આવે તો કશાય ઘોંઘાટ વિના બધું પાર પડી જાય. બુદ્ધિ, પ્રયાસ અને સદ્ઇચ્છાને બધુંય શકય હોય છે.

બહારની દુનિયાના લોકો બુદ્ધિ પહોંચાડે છે તે પ્રમાણે માત્ર મશીનરી રીતના મગજથી કામ ન લેતાં આપણે પણ બુદ્ધિ પહોંચાડીને કામ લઈએ તો બધું શકય હોય છે. ખર્ચ થોડો વધુ આવે, પણ તે ખર્ચ વસૂલ હોય છે. દુરાગ્રહ કે જડતાથી કામ ન લેવાય અને પૂર્વાપરનો વિચાર કરીને બુદ્ધિપૂર્વક કામ લેવાય તો જરા પણ સંઘર્ષ વીના ભારતમાં ધાર્યા કામ થઈ શકે તેમ હોય છે. ધર્મને જરાક ઠોકર લાગી કે ભારતીયોનાં મન ક્ષુબ્ધ થવાનાં જ. તેને સંભાળીને ચાલીએ તો કોઈ નામ લે તેમ નથી.

જોકે, રાજ્યની ગાદી ઉપર બેસીને કામ કરીએ ત્યારે સહેજે જ આપણું પ્રામાણિક માનસ પોકારી ઊઠે કે ''આપણે જે સ્થાન ઉપર બેઠા હોઈએ તેનું કામ વફાદારીપૂર્વક પ્રામાણિકપણે એવું કરવું જોઈએ કે જેમ બને તેમ તેનું હિત વધારે જળવાય,'' પરંતુ રાજ્ય પણ પ્રજાનાં સુખ અને ભલા માટે જ કામ કરે છે ને? એટલે સમતોલપણું જાળવવામાં પ્રજાનું અને રાજ્યનું બન્નેયનું હિત જળવાય જ છે.

આજે આપણા હાથમાં રાજ્ય છે, કાલે કોના હાથમાં તેનું સંચાલન જાય તે કહી શકાય નહીં. જેમ બને તેમ બધીય બાબતો રાજ્ય મારફત જ પ્રજા મેળવે; ખેતી પણ રાજ્ય કરે, પકવી પણ રાજ્ય જ આપે, દળી પણ રાજ્ય જ આપે, તેના બિસ્કિટ પણ રાજ્ય જ બનાવી આપે, લોકો માત્ર મોઢામાં મૂકે ને ચાવીને પેટમાં ઉતારે. બાકી બધું રાજ્ય કરે. ઠીક છે, ભાવના સારી હશે, પરંતુ તેથી પ્રજા પાંગળી બની જાય અને જ્યારે રાજ્ય આ બધું બંધ કરે ત્યારે પ્રજાની તો સ્થિતિ જ કફોડી થઈ જાય.

ભારતની પ્રજાની અને બીજા દેશોની પ્રજાની સ્થિતિ જુદી છે. ધર્મસ્થાનોને રક્ષણ આપવા સામે કિનારે ખોદકામ કરીને કામ લેવાથી રક્ષણના બંધમાં સરળતા થશે. બગલાને લાંબી ડોકની શીરાઈમાંથી ખાવું ફાવે, શિયાળને તે નકામી પડે. તેને થાળીમાંથી જ સરળતાથી ચપચપ ખાવું ફાવે. થાળીમાં બગલાથી ચાંચ ન બોળાય. માટે બધુંય રાજ્યને ચોપડે ચડાવવા કરતાં પ્રજાના હાથમાં રહેવા દેવામાં પ્રજાને કોઈ ને કોઈ વખતે લાભ રહે છે, નહિતર કોઈ વખતે મહામુશ્કેલીમાં પ્રજા મુકાઈ જશે. પાંગળી, નમાલી, પરાશ્રિત બની જશે, આ તો પ્રાસંગિક વસ્તુ છે.

ટૂંકામાં જણાવવાનું કે એ યોજનાને હવે જ ચોક્કસ રૂપ અપાતું હોય તો તમારા માટે હજુ ઘણો જ અવકાશ છે. અલબત્ત, તમારી સામે આવો પ્રશ્ન ન આવે ત્યાં સુધી તમારા ખ્યાલમાં ન પણ આવે. આથી આ વસ્તુ તમારી સાથે પહેલાથી જ સંક્ષિપ્તમાં છતાં જરા વિગતવાર સ્વરૂપમાં મૂકી છે. માટે "વધુમાં વધુ જેટલી રીતે શકય હોય તેટલી રીતે કરવાને ચૂકવું નહીં" તેટલો તમારો નિશ્ચય ખરો કે નહીં? તે તમારો પત્ર આવ્યેથી સમજાશે.

કદાચ કોઈ નાનીમોટી મુશ્કેલીઓ પણ હશે, પરંતુ નિખાલસ મને શાંત વાટાઘાટથી તેના માર્ગો પણ કાઢી શકાય તેમ હોય છે.

પત્રનો જવાબ સીધો યા પત્ર લાવનાર મારફત આપશો તોપણ ચાલશે.

# ભારતના પ્રમુખ શ્રીમાન રાજેન્દ્ર પ્રસાદજીને પત્ર

અમારા જાણવામાં આવેલ છે કે આપ શ્રીમાનનો તાજેતરનો સૌરાષ્ટ્રનો પ્રવાસ બે કારણે થવો સંભવિત છે. (૧) શત્રુંજય નદીનો બંધ ખુલ્લો મૂકવાનો કે તેને લગતા કોઈ કાર્યક્રમની ઉદ્‌ઘાટનવિધિ માટે. (૨) પવિત્ર ગિરિરાજ શ્રી શત્રુંજય ગિરિ ઉપર હરિજનો સાથે પ્રવેશ કરવાનો.

(૧) શ્રી શત્રુંજય નદીના કિનારા ઉપરના અમારા આદિ પ્રભુ શ્રી ઋષભદેવજીના પ્રાચીન કાળથી પગલાં સ્થાપિત છે. તેના કાયમી રક્ષણના પૂરા બંદોબસ્ત વિના માત્ર સ્થાનિક સરકારના ઉતાવળિયા પગલાને ટેકો આપીને તે કાર્યક્રમમાં આપ ટેકો આપો, તે ભારત સરકારના મોભાને, ન્યાયને તથા પ્રજાની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવા બરાબર છે. (૨) અને માત્ર રાજ્યસત્તાના પૂરા દમામ સાથે, ધાર્મિક મર્યાદાઓના ભંગ કરનારા કાર્યક્રમને મદદ આપવામાં આપનો સાથ એ અન્યાયની પરાકાષ્ઠા છે. રાજ્યના દમામથી હૃદયપલટો થતો નથી અને તેથી દબાઈને ધાર્મિક લોકોને પોતાનાં ધર્મસ્થાનોની આવશ્યક મર્યાદાનો ભંગ સહી લેવો પડે, તેના જેવો જુલમ અને બીજો કયો ભયંકર અન્યાય હોઈ શકે? અમારા કોઈ પણ લોકો, સંસ્થા કે પેઢી સરકારી લાગણીથી દબાઈને આવા પગલામાં સમ્મત રહેતી હોય, તો તેમનો પણ અમારા ધાર્મિક લોકો ઉપર જુલમ છે. આ રીતનું એકાએક આક્રમણ એ સભ્યતાથી પણ વિરુદ્ધ વસ્તુ છે.

અમે સમજીએ છીએ કે વ્યક્તિગત રીતે આપ સાત્ત્વિક વૃત્તિના છે. તેથી આવા દિલ દુભાવનારા પ્રયાસોમાં આપનો ઉપયોગ ન થવા દેવાનું માનો છો એમ અમારી સમજ છે. તો આશા છે કે આ વસ્તુ બરાબર તપાસ કરી યોગ્ય કરો એ જ પ્રેસિડન્ટ તરીકે ભૂષણ રૂપ છે. પ્રજા દેશી સરકાર પાસે ન્યાયની આશા રાખે એ સ્વાભાવિક છે, નહીં કે જુલમની આશા. ભૂતકાળમાં પરદેશીઓએ ધર્મો ઉપર જુદા જુદા જુલમો કર્યા છે ત્યારે પ્રજાએ તે મૂંગે મોઢે જુલમ માનીને સહન કર્યા છે. તે જ પ્રમાણે આજે સરકારની આવી પ્રવૃત્તિઓને જુલમ માનીને નબળાઈથી સહી લેવામાં આવે તો તે સરકારને માટે પણ કલંકરૂપ છે તેમાં ન્યાય નથી. (શ્રીમાન રાજેન્દ્ર પ્રસાદજી, ભારત પ્રમુખ, નવી દિલ્હી)

# શત્રુંજયી નદીના કિનારા ઉપરની ચરણપાદુકાની રક્ષા

## મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી ચવ્હાણને પત્ર

મુંબઈના દ્વિભાષી રાજ્ય બાદ સૌરાષ્ટ્ર તેના અંતર્ગત આવવાથી શંત્રુજયી નદીના બંધનું કામ પણ હવે તેની સંભાળ નીચે આવે છે. મહાન જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી ચંદ્રસાગરસૂરિશ્વરજી વર્તમાન મહાશ્રુતધર તરીકે પ્રસિદ્ધ શ્રીમદ સાગરાનંદસૂરિશ્વરજી મહારાજશ્રીના એક પ્રધાન આચાર્ય છે. તેઓશ્રી અમારી મારફત ફરમાવે છે કે

શ્રી શત્રુંજયી નદીને કિનારે યુગાદીશ્વર પ્રભુ શ્રી ઋષભદેવ પરમાત્માની ચરણપાદુકા બિરાજમાન છે. તે ચરણપાદુકા તે ભૂમિ ઉપર છે કે જ્યાં પરમાત્માશ્રીએ પોતાના ચરણકમલ ધારણ કર્યા હતા. ત્યાં ઉત્તરોત્તર જીર્ણોદ્ધાર થયા હતા. આજે પણ તે જ ભૂમિ ઉપર એ ચરણોની સ્થાપના વિદ્યમાન છે.

એવી જ રીતે તે પ્રભુ તક્ષશીલા પધાર્યા ત્યારે સાંજે જે સ્થળે ધ્યાનસ્થ સ્થિતિમાં સ્થિર રહ્યા હતા તે સ્થળે ત્યાંથી વિહાર કરી ગયા બાદ તેમના પુત્ર બાહુબલીજીએ ચરણની સ્થાપના કરી અને ધર્મચક્ર તીર્થ શરૂ થયું. તેની પૂજા-ભક્તિ-યાત્રા ત્યારથી શરૂ થઈ હતી ને તે તીર્થ સ્થાનનો ઉલ્લેખ પ્રાચીન શાસ્ત્રોમાં સ્પષ્ટ શબ્દોમાં મળી આવે છે તે રીતે આ ચરણપાદુકા છે.

શ્રી શત્રુંજયી નદીનો બંધ બંધાઈ રહ્યો છે. અમારા સાંભળવામાં છે કે તે ચરણપાદુકાનું ધર્મસ્થાન ત્યાંથી ખસેડવામાં આવશે. અમારે મહત્ત્વ તે ભૂમિનું છે. માટે એ ભૂમિ સુરક્ષિત રહેવી જોઈએ. અમે તેનું વળતર પણ લઈ ન શકીએ અને ત્યાંથી પગલાં ખસેડી ન શકીએ. કદાચ અમારી કોઈ પણ પેઢીએ કે સંસ્થાએ કદાચ રાજ્યને ખસેડવાની કબૂલાત આપી હોય કે તે જાતની નબળાઈ બતાવી હોય, પરંતુ તે સ્થાનની શી મહત્તા છે? તેનો કદાચ તેઓને તેટલો ખ્યાલ ન હોય.

ચંપલ, ચિઠ્ઠી કે લાકડીની મહત્તા નથી હોતી, પરંતુ તે કોઈ ખાસ વિશિષ્ટ નેતા કે વ્યક્તિનાં હોય, તો તેના ફાટલા તૂટલા કપડાનું પણ રક્ષણ કરવામાં આવે છે.

એટલું જ નહીં, પરંતુ તેનું સન્માન કરી શકાય માટે સન્માન યોગ્ય સ્થાનમાં તેને સ્થાપિત કરવામાં આવે છે. બુદ્ધનાં હાડકાં અને દાઢો તો એક બીજી રીતે જોતાં અપવિત્ર વસ્તુ છે, છતાં તેને ચાંદી, સોના અને અતિમહત્ત્વના પાત્રમાં રાખી મહત્ત્વને સ્થાન મૂકી, તેના સત્કાર સમારંભની આકર્ષક યોજનાઓ થાય છે અને તેને માટે હાલનું રાજ્યતંત્ર પણ પૂરતો ખર્ચ કરે છે.

તે પ્રમાણે આ પવિત્ર ભૂમિની પાછળની ભક્તિ અને તેના પ્રેરક મહાપુરુષોની મહત્તા જોડાયેલી હોય છે. તેને ગમે તેમ ઉપેક્ષા કરીને ખસેડી દેવામાં મહાન અનર્થ અને લાગણીને ઠેસ પહોંચે છે. અમે જાણીએ છીએ કે નવી રચનાયુક્ત મુંબઈ રાજ્યની નવેસરથી શરૂઆત થાય છે, તો પહેલેથી જ આવો મહત્ત્વનો ગંભીર ધાર્મિક પ્રશ્ન લાવીને મૂકવામાં કદાચ એક જાતનો બોજો મૂકવા સમાન થાય છે, પરંતુ તેમ કર્યા વિના અમારો છૂટકો નથી, કારણકે તે વખતના સૌરાષ્ટ્રના સંચાલકોએ દીર્ઘદૃષ્ટિ રાખી આ પ્રશ્નનો સહજ બુદ્ધિપૂર્વક યોગ્ય માર્ગ કાઢ્યો હોત તો આમાંનું કાંઈ ન થતે.

કદાચ તમારા જાણવામાં ન હોય તો આ પગલાં કોનાં છે? તે ટૂંકામાં જણાવીએ છીએ. જે ભૂમિ ઉપર આ ચરણકમલ છે તે શ્રી આદિશ્વર ઋષભદેવ પ્રભુનાં છે.

તે પ્રભુ જૈન ધર્મે માનેલા ૨૪ તીર્થંકરોમાંના પહેલા તીર્થંકર છે, જેનો ઉલ્લેખ ઘણા જ માનભર્યા શબ્દોમાં ભાગવત પુરાણમાં વિસ્તારથી કરવામાં આવેલો છે તેમના પુત્રના નામ ઉપરથી આ દેશનું નામ 'ભારત' યા તે 'ભારતખંડ' વધારે સચોટ રીતે રૂઢ થયું છે.

કેટલાક યુરોપીય સ્કૉલરોની માન્યતા છે કે માનવો જંગલી હતા અને ક્રમે ક્રમે તેઓએ પોતાના જીવનમાં સુધારા કર્યા. આ વાત યુરોપ

માટે બરાબર છે, પરંતુ એશિયા અને ભારત માટે બરાબર નથી. એચ. જી. વેલ્સે પોતાના પુસ્તકમાં એક ઠેકાણે સ્પષ્ટ જણાવ્યું છે કે ''પૂર્વમાંથી નીડર જાતિની એક ટોળી યુરોપમાં આવી કે જે સંસ્કારી હતી.'' અર્થાત્ યુરોપમાંની માનવજાતિની જંગલી અવસ્થા કરતાં કેટલાય કાળ પહેલાંથી પૂર્વ દેશમાં સંસ્કારી માનવજાત વસતિ હોવાના પુરાવા મળે છે.

આ સંસ્કાર કોઈ સામાન્ય વસ્તુ નથી. માનવજાતને સૌથી પહેલો સંસ્કાર કોઈ મહત્ત્વની વ્યક્તિએ આપેલો છે. તેમાં તેનો ઘણો જ ઊંચા પ્રકારનો ફાળો છે.

તેમણે સૌથી પહેલાં કળાકારીગરી, ધંધા, ખેતી, વ્યાપાર, લિપિ વગેરે શીખવ્યું છે. તેમના ચરણકમલથી પવિત્ર થયેલી આ ભૂમિ છે.

જેમણે સૌથી પ્રથમ લગ્નવિધિથી લગ્ન કર્યાં છે તેમના ચરણકમલની આ ભૂમિ છે. જેઓ પહેલા રાજા- પહેલા ઋષિ- પહેલા મુનિ અને સૌથી પહેલા મહાન ધર્મોપદેશક તરીકે પ્રસિદ્ધ છે. મરિચિ  અને કપિલ જેવા ઋષિમુનિઓ જેની શિષ્ય પરંપરામાં હોવાનું જણાવાયેલું છે તે પ્રભુના ચરણની તે ભૂમિ છે. સમગ્ર માનવજાતને સંસ્કારી બનાવનાર આદિ પુરુષના ચરણની તે ભૂમિ છે.

સમગ્ર માનવજાતના આદિ ધર્મ વગેરેના, આદિ સંસ્કાર વગેરેના, આદિ રાજ્ય સંસ્થાપક રાજા, સર્વ શિક્ષણ અને બૌદ્ધિક ક્ષેત્રના પિતાનાં એ પગલાં છે. સર્વ સદ્‌વ્યવહારો, ન્યાય, નીતિ, સદાચાર અને શુદ્ધ વ્યવહારોના આદિ પ્રણેતા, આદિનાં ચરણકમલની એ પવિત્ર ભૂમિ છે.

તેનું ઉચિત સન્માન શ્રી સંઘ (જૈન સંઘ) કરતો આવ્યો છે. તેથી તે કદાચ તેના જ સંચાલન નીચે છે.

શ્રી મહાતીર્થ શત્રુંજય ગિરિની યાત્રાએ આવનારા યાત્રાળુઓ શ્રી શત્રુંજયી નદીમાં સ્નાન કરી, તે ભૂમિની સ્પર્શના કરી, ચરણપાદુકાની ભાવભક્તિથી પૂજા - સેવા કરી ગિરિરાજ ઉપર ચડે છે. આટલું આ જગતમાં સર્વશ્રેષ્ઠ પવિત્ર ધર્મપ્રેરક સ્થાન છે. તેથી પવિત્ર ભૂમિ એકાએક વિલુપ્ત થઈ જાય તે કેટલા દુઃખની વાત છે. આવાં સ્થાનો શોધીને વધુ

સારી રીતે સુરક્ષિત રાખવામાં સહાયક થવાની રાજ્યની ફરજ છે. તેને બદલે તેને હઠાવી દેવાય એ કેટલું દુઃખદ, શોચનીય, ગંભીર, હૃદયમાં આઘાતજનક અને ભયંકર છે!

મુસલમાની રાજ્યકાળમાં સ્વામી રામદાસ સમર્થના પ્રભાવથી મહારાજા શિવાજી છત્રપતિ જેવાને જે સન્માન મળ્યું છે, તે તેઓની ધર્મરક્ષાને લીધે મુખ્ય છે. તેઓ ધર્મનો પ્રાણ હતા. ધર્મને ખાતર જ જીવતા હતા. ભારતવર્ષમાં એક વાર ભારતની આર્યપ્રજાને આશ્વાસનનો શ્વાસ લેતી કરી મૂકી હતી. અમને લાગે છે કે તમારામાં પણ તે જ લોહી વહે છે. આજના કેટલાક રાજ્ય કર્મચારીઓની માફક ધર્મની વાત આવે એટલે આંખ અને કાન બંધ કરી બેસી જવાની તમારી વૃત્તિ હોવાની બાબતમાં અમને શંકા છે.

અમારા સાંભળવા પ્રમાણેની હકીકત બરાબર હોય તો ચંબલ નદીના બંધ બાંધવામાં રામપુરા ગામની પાસેની એક મસ્જિદ ડૂબતી હતી. મુસલમાન લોકોના પ્રયાસથી આખો પ્લાન ફરી ગયો અને મસ્જિદ ડૂબતી અટકી અને રામપુરા ગામ બચી ગયું.

તો યુગાન્તરોથી ચાલ્યું આવતું આ પવિત્ર ધર્મસ્થાન છે. તેનું રક્ષણ થવું જ જોઈએ એમ તમને પણ લાગ્યું હોય તો આ બાબતમાં તમારાથી જે તાત્કાલિક શક્ય હોય તે પગલાં લઈ તુરત જ તેનું રક્ષણ કરવું જોઈએ. અમારો એ આગ્રહ શક્ય નથી કે એ બંધ બાંધવાનું રાજ્ય બંધ રાખે, પરંતુ આજે એવા ઇજનેરી મહત્ત્વનાં કાર્યો થાય છે કે બંધ બંધાય અને ચરણપાદુકાની પવિત્ર ભૂમિનું રક્ષણ થાય. હજારો તો શું, પણ કરોડો રૂપિયાનું વળતર લેવા અમે લેશમાત્ર ખુશી નથી.

અમારી ધર્મભૂમિનું આબાદ રક્ષણ થવું જોઈએ. તેનું લેવલ નીચું તે સ્થળે રહે અથવા આગળ-પાછળ હઠાવાય. ઇત્યાદિ નિષ્ણાતો કરી શકે તે થવું જોઈએ અને કેટલાક થોડા લાખનો ખર્ચ કરીને આજુબાજુ બંધ અને દીવાલ કરીને પાણીના પ્રવાહની બાજુમાંથી જવા દઈ - પગલાં ભૂમિને રક્ષણ આપી શકાય. માની લઈએ કે સરકારને થોડો વધારે ખર્ચ

આવે, પરંતુ તે સ્થળ બચી જાય. ભાંખરા નાંગલ યોજનામાં કેવા કેવા ભૂગ્રહો અને બાંધકામો કરવામાં આવેલાં છે ? તો આમાં તો કોઈ મોટી વાત નથી. ધાર્મિક પ્રજામાં ઊહાપોહ થાય. કાયદાપૂર્વકના ન્યાયનો આશ્રય લેવામાં ખર્ચ - મહેનત અને ઘર્ષણ ઊભું થવાથી પ્રજા અને સરકારને માટે એ નવા પ્રશ્નમાં ઊતરવું પડે અથવા લોકલાગણી કેવું વલણ લે તે કહેવાય નહીં. એટલે તે સઘળું બની શકે ત્યાં સુધી ઈષ્ટ નથી. અમે સમજીએ છીએ કે બંધ બાંધવાનું બંધ રાખવાનું રાજ્યને કહેવું વધુપડતું છે, પરંતુ ચરણભૂમિકાનું રક્ષણ થાય તેવી વ્યવસ્થા કરવી જ જોઈએ. તે બાબત અમારી સૂચના એ છે કે

૧. તે ચરણભૂમિ સુધી લોકો જઈ શકે - ભક્તિપૂજા કરી શકે તેવો રસ્તો એક ભોયરામાંથી પસાર થવા દેવો.

૨. હાલની ચરણપાદુકાની દેરી-સ્તૂપ વગેરેને જીર્ણોદ્ધાર કરી વધુ મજબૂત કરી લેવા.

૩. તેની આજુબાજુ આ પ્રમાણે અમુક ઊંચાઈની દીવાલ બાંધી લઈ તેના ઉપર એવું સંગીન બાંધકામ કરી લેવું કે જેથી તેના ઉપર થઈને પાણી પસાર ભલે થાય, પણ નીચે એક બિંદુ પણ ન પડે અને ત્યાં વીજળીની ગોઠવણ થવાની છે તેથી આખા ભોંયરામાં વીજળીના દીવાથી પ્રકાશ રાખી શકાય. બની શકે તો કોઈ કાચ બનાવનારી કંપની મોટા અને વિશાળ કાચ બનાવીને ફીટ કરી શકે તેમ હોય તો બન્નેય દીવાલે કાચની ઘૂમટીઓ આવી જાય.

આ એક ઇજનેરી કામનો એવો નમૂનો બને કે જે કદાચ જગત જોવા આવવા તેની મુલાકાત પણ લે. ઉપર લાખો ટન પાણી પસાર થતું હોવાથી એ બાંધકામ બમણું-ત્રેવડું એટલું વધુપડતું મજબૂત કરવું પડે કે હજારો વર્ષ સુધી અગવડ ઊભી ન કરે. તેનું વખતોવખત તપાસ અને સમારકામ થતું રહે.

૪૦-૫૦ ફૂટની દીવાલ ફરતી બાંધીને પાણી રોકવા કરતાં ઉપરથી પાણી જવા દેવાની ગોઠવણમાં ખર્ચ બહુ ઓછો આવવાની સંભાવના છે.

જોકે, આખો રસ્તો સુરક્ષિત રહે માટે બે બાજુ ઘણી જ પહોળી બે દીવાલો અને તેના અતિમજબૂત બાંધકામ કરવામાં અવશ્ય ખર્ચ થાય જ. કદાચ એકાદ દોઢ માઈલની દીવાલ બાંધવી પડે. જ્યાં પાણીનું લેવલ ઓછું હોય ત્યાં આગળના ભાગમાં ઊંચી દીવાલો લઈને આજુબાજુથી પાણી અંદર જતું રોકી શકાય.

એક ઇજનેરી કામના નમૂના રૂપ સ્થાન થશે અને એક અતિઅગત્યનું ધર્મસ્થાન રક્ષિત બની જશે. આ રીતે શક્યની ઉપેક્ષા કરવામાં મહાઅનર્થ થશે. ઉપેક્ષા ન કરવામાં બુદ્ધિમતા ગણાશે.

બંધનું કામ શરૂ થઈ ચૂક્યું છે. જૈનોના જીવનપ્રાણ સમાન એ ભૂમિ છે. તેનું વિલોપન સહજમાં થતું અટકે છે, નહિતર વાત વાતમાં થઈ જશે, જે વર્તમાન રાજ્યતંત્રને એક કલંકરૂપ ગણાશે. આ બાબતનો અમારો ભક્તોમાંના એ કે પં. નહેરુજીને તેઓ ઉદ્‌ઘાટન માટે આવ્યા ત્યારે તાર કરેલો હતો.

પરંતુ આ કામ હાલમાં મુંબઈ રાજ્યનું છે.

# શ્રી તીર્થની આશાતનાની ભયંકરતા

તીરથની આશાતના નવિ કરીયે,
નવિ કરિયે, રે ! નવિ કરિયે;
ધૂપધ્યાન ઘટા અનુસરિયે,
તરિયે સંસાર. તીરથ ૦૧

આશાતના કરતા થકાં ધનહાણી,
ભૂખ્યા ન મળે અન્નપાણી;
કાયા વળી રોગે ભરાણી,
આ ભવામાં એમ. તીરથ ૦૨

પરભવ પરમાધામીને વશ પડશે,
વૈતરણી નદીમાં ભળશે;
અગ્નિને કુંડે બળશે,
નહીં શરણું કોઇ તીરથ ૦૩


પૂરવ નવાણું નાથજી ઇહાં આવ્યા,
સાધુ કેઇ મોક્ષે સિધાવ્યા;
શ્રાવક પણ સિદ્ધિ સુહાયા,
જપતાં ગિરિ નામ. તીરથ ૦૪

અષ્ટોત્તર શતકૂટ એ ગિરિ ઠામે,
સૌદર્ય યશોધર નામે;
પ્રીતિમંડણ કામુક કામે,
વળી સહજાનંદ. તીરથ ૦૫

મહેન્દ્રધ્વજ સરવારથ સિદ્ધ કરિયે,
પ્રિયંકર નામ એ લહિયે;
ગિરિ શીતલ છાંયે રહીયે,
નિત્ય ધરિયે ધ્યાન તીરથ ૦૬

પૂજા નવાણું પ્રકારની એમ કીજે,
નવભવાનો લાહો લીજે;
વળી દાન સુપાત્રે દીજે,
અઢતે પરિણામે. તીરથ ૦૭

સેવન ફળ સંસારમાં કરે લીલા,
રમણી ધન સુંદર બાળા;
શુભવીર વિનોદ વિશાળા,
મંગલ શિવમાળ તીરથ ૦૮




પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ મેમોરીયલ ફાઉન્ડેશન
એ/૧૯૮, જયા નિવાસ, ગુજરાત સોસાયટી, સાયન, મુંબઈ - ૨૨.
ફોન : ૨૮૯૯ ૧૭૮૧ ; ફેકસ : ૨૮૯૮ ૦૭૪૯ ; E-mail : info@viniyogparivar.org

Rare n Right
98204 34841